કુમાર

આવતી કાલનાં નાગરિકોનું સાહિત્ય કલા જ્ઞાન ને સંસ્કારઘડતરનું માસિક







ગાંધીજીની ઇચ્છાથી હરિપુરા કૉંગ્રેસનું શોભનકાર્ય કરવા આવેલા નંદબાબુએ ત્યાં ભારતનાં સામાન્ય જીવનપાત્રોનાં ૬૦ ચિત્રોની માળા ગુજરાતનાં પ્રાચીન પોથી-ચિત્રોની ઢબે સર્જેલી તે દેશખ્યાતિ પામેલી. તેજદાર રંગો અને હસ્તલિપિ જેવી ત્વરાભરી સરળતાથી આલેખેલાં ('હરિપુરા પોસ્ટર્સ'ના નામથી જાણીતી એ ચિત્ર-માળાનાં) એકસરખા માપનાં ચોરસ એ ચિત્રોમાં બુદ્ધિમાનો તેમજ જનતા બંનેનાં મનનું રંજન કરે એવી સચોટતા હતી. એમાંનાં થોડાં ઉપર આપ્યાં છે. 'સરસ્વતી'ની ઊભી લાંબી તકતી એ પણ અન્યત્ર કરેલું નંદબાબુનું સર્જન છે.

સંસ્થાપક રવિશંકર રાવળ

અંક ૫૦૭



તંત્રી બચુભાઈ રાવત



સરિતા

કલાકાર: ઈન્દ્ર દુગડ

'કેટલાક વિવેચકો ને મિત્રોનું કહેવું છે કે મારાં દૃશ્યચિત્રો હું સ્થાન પર બેસીને નથી બનાવતો, કે નથી હું દેખું એવું જ ચીતરતો. અધિકતર તો હું ચિત્ત પર પડેલી છાપને જ ઉતારતો હોઉં છું, જેમાં એક પ્રકારનું રોમૅન્ટિક (રંગદર્શી, દિલના રંગનું) તત્ત્વ ભળેલું હોય છે અને ચિત્રમાં વાસ્તવિકતાનો રણકો દબાઈ જતો હોય છે. આ વાતોનો મારે જરા યે વિરોધ નથી. હું આખું ચિત્ર ભલે સ્થાન પર બેસીને જ કરતો હોઉં છું. ને પેલું રોમૅન્ટિક તત્ત્વ એમાં દેખાતું હોય તો એનું કારણ એ જ કે મારી આંખ જીવન અને પ્રકૃતિની સુંદરતમ બાજુ જ પહેલાં જોતી હોય છે. એટલે મને ન ગમતી ચીજો હું ઘણીવાર મારાં દૃશ્યચિત્રોમાં નથી ઉતારતો. ક્યારેક વળી ક્યાંક આંખમાં વસી ગએલી ચીજોને ત્યાં ઉમેરી પણ દઉં; પણ એથી ચિત્રોમાં કશીક ઊણપ રહી જાય છે એમ કહી શકાય ખરું?'

—ઈન્દ્ર દુગડ



કુમાર

મે ૧૯૫૬ · અંક ૫૦૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦



માર્ચનું 'કુમાર' વાંચતાં જે લાગણીઓ થઈ એ નોંધું છું. સૌથી પહેલું ખૂંચ્યું 'એપ્રિલ-ફૂલ'ની શરૂઆત વિષેનું વિરોધી મંતવ્ય. બીજી ન જચે એવી વાત હતી શ્રી કરંજિયાના પરિચયની. 'બ્લિટ્ઝ'ના ફેલાવા વિષેનું એમનું મંતવ્ય કેટલું સાચું છે? દેવદાસ ગાંધીના અને હમણાં ઠાકરસીના કેસમાં હારી ન ગયા? કોર્ટનું જજમેન્ટ વાંચતાં ખયાલ આવે છે કે જે વ્યક્તિ પાસેથી આ વાતો મેળવાઈ હતી. એની ચોકસાઈ વિષે એમની વાતો પર જ ભરોસો રાખવામાં આવ્યો હતો. દરેક વ્યક્તિ થોડેઘણે અંશે વિવાદાસ્પદ હોવાની જ. શ્રી કરંજિયાના પત્રકારિત્વ વિષે છાતી ઠોકીને કહી શકાય ખરું કે એમની નીતિરીતિ અને આદર્શો પત્રકારિત્વના આદર્શ તરીકે સ્વીકારી શકાય?

છેલ્લે ફાધર વાલેસના નિબંધ વિષે. એ વાંચવાની શરૂઆત કરીઅને સાથે મોકલેલું 'હાઉ ટુ સ્ટે યંગ' યાદ આવ્યું. પછી તો લેખમાં જ એનો ઉલ્લેખ થએલો જોયો. એક નકલ મોકલું છું. 'વાચકો લખે છે'માં એનો ઉપયોગ કરશો.

(મુંબાઇ) —બાબુભાઈ કરાણી

[● તે મૂળ અંગ્રેજીમાં સામે આપીએ છીએ.]

યુદ્ધ-ખબરપત્રી કર્નલ ફ્રેડરિક પામરે જ્યારે મનીલા હેડક્વાર્ટર્સમાં જનરલ મૅક-આર્થરની મુલાકાત લીધી ત્યારની તેની સચોટ સ્મૃતિ જનરલના ટેબલ પરની ત્રણ ફ્રેમોની છે: એકમાં મઢેલી હતી વૉશિંગ્ટનની છબી; બીજીમાં લિંકનની અને ત્રીજીમાં જૉન ડબ્લ્યુ લ્યૂઈએ જનરલને વર્ષો પહેલાં મોકલેલા એક સંદેશની, જે મૅક-આર્થરે, ત્યારથી મઢાવી રાખ્યો છે. બર્મિંગહામ (અમેરિકા)ના સ્વ. સૅમ્યુઅલ ઉલમૅનના એક કાવ્ય પર તે આધારિત છે. એનો થોડો ભાગ:

Youth is not time of life–it is a state of mind; it is a temper of the will, a quality of the imagination, a vigour of the emotions, a predominance of courage over timidity, of the appetite of adventure over the love of ease. Nobody grows old by merely living a number of years; people grow old only by deserting their ideals. Years wrinkle the skin, but to give up enthusiasm wrinkles the soul. Worry, doubt, self-distrust, fear and despair–these are the long long years that bow the head and turn the growing spirit back to dust.

Whether seventy or sixteen, there is in every being's heart the love of wonder, the sweet amazement at the stars and starlike thingr and thoughts, the undaunted challenge of events, the unfailing childlike appetite for what next, and the joy and game of life.

You are as young your faith, as old as your doubt; as young as your selfconfidance, as old as your fear; as young as your hope, as old as your despair. So long as your heart receives messages of beauty, cheer, courage, grandeure and power from the earth, from man and from Infinite, so long you are young.

When the wires are all down and all the central place of your heart is covered with the snows of pessimism and the ice of cynicism, then you are grown old indeed, and may God have mercy on your soul!

માર્ચ અંકમાં 'મારી માન્યતા'માં શ્રી કરંજિયાનો ઉલ્લેખ જોઈ ને આશ્ચર્ય થયું; તે ખટક્યું–ન રુચ્યું. કદાચ 'બ્લિટ્ઝ'નો ત્રણ લાખ પ્રતનો ખપ એ માટે કારણભૂત હશે! આ પછીના અંકમાં કદાચ દિલ્હીના 'ઇંડિયન ઑબ્ઝર્વર' અને 'કૉન્ફીડેન્શીઅલ'ના તંત્રીનો ઉલ્લેખ આવશે તો આશ્ચર્ય નહિ રહે!

કેટલીક સ્પર્ધાઓ વિષેની કોઇક-કોઇક વાર અપાતી માહિતી, એ સ્પર્ધાની તારીખ ગયા પછી અથવા તે જ તારીખે 'કુમાર' મળતું હોવાથી, ઉપયોગી થતી નથી. જેમ કે આ ૫૦૭ અંકમાં બાળસાહિત્યની ૧૨મી પારિતોષિક સ્પર્ધાની છેલ્લી તારીખ ૭મી એપ્રિલ છે; 'કુમાર' ૫મીએ મળ્યું.

(પૂના) —ઓચ્છવ મ. શાહ

[● ૧) 'બ્લિટ્ઝ'નો સત્તાવાર ફેલાવો સરકારી આંકડા પ્રમાણે ૧૯૬૪માં ૨,૦૦૫૦૫ હતો. ૨) માર્ચ અંકમાં પ્રકટ થએલા ખબર 'કેન્દ્ર સરકાર' યોજિત સ્પર્ધાના છે, જ્યારે આપે વાંચેલું પરિણામ ગુજરાત રાજ્ય સરકાર યોજિત સ્પર્ધાનું છે.]

એપ્રિલ અંકની લઘુકથા 'વરસગાંઠની ભેટ'ના લેખક ભરતભાઈ ના. ભટ્ટ છે, પરંતુ સાંકળિયામાં તેના લેખક તરીકે હંમેશાની ટેવ મુજબ મોહનલાલ પટેલ'નું નામ છપાયું છે.

(ભાવનગર) —જેઠીરામ રામાનુજ

[● બેકાળજી માટે ક્ષમાપ્રાર્થના]

હરિવદન પટેલે વાચકોને 'એપ્રિલ ફૂલ' બનાવવાની આબાદ યુક્તિ યોજી હતી. અભિનંદન. રેવ. ફાધર વાલેસને તેમની લેખમાળા માટે ઘણાં ઘણાં હાર્દિક અભિનંદન.

આ જ અંકમાં શ્રી કૃ. દેસાઈનું સૂચન (એક જ અંકમાં બે બે નકલ છાપવાનું) યોગ્ય તથા શક્ય નથી લાગતું. આલ્બમવાળું સૂચન યોગ્ય લાગે છે. પરંતુ એના ખરીદનારા કેટલા નીકળશે? તેમને માટે સારો ને યોગ્ય રસ્તો એ જ છે કે તેઓ બે અંકનું લવાજમ ભરે જેથી તેઓ ફક્ત ચિત્રો નહિ પરંતુ બધા જ વિભાગનાં આલ્બમ બનાવી શકે.

(કલકત્તા) —પ્રકાશ મોદી

૫૦૦મા અંકમાં હાજી કાસમની વીજળી સંબંધે 'આજ દિવસ સુધી કોઈ જાણતું નથી કે વીજળીનું શું થયું' એ મતલબનો લેખને છેડે ઉલ્લેખ છે. આશરે ૧૫-૧૭ વરસ પહેલાં આ સંબંધે એક વાત મને જાણવા મળેલી.

'વીજળીની હોનારતને વરસો વીતી ગયાં અને તેની પાછળ થએલ ઉહાપોહ શમી ગએલ ત્યાં અચાનક મેક્સિકોના અખાતમાંના ભંગારમાંથી સ્ટીમરનો મોરો ને ખવાએલી નામની તખ્તી કોઈ કોયડા બનાવનારની નજરે ચડી. તેણે કોયડો બનાવ્યો કે એક ડૂબી ગએલી સ્ટીમરનું નામ આટલા અક્ષરનું છે, તેમાં આટલા અક્ષર ખવાઈ ગયા છે. મોજૂદ અક્ષરો આટલા, આટલા, આટલા ક્રમે છે તો તે સ્ટીમર કઇ, ક્યારે બંધાઈ, કેટલા ટનની અને કોની માલિકીની? લૉઈડના રજિસ્ટર ઉપરથી તપાસી કોઈએ તેનો સાચો જવાબ આપ્યો અને લાગ્યું કે ફલાણા વરસમાં તે ડૂબી ગઇ. (મેક્સિકોના અખાતને આપણા વહાણવટીઓ સરઘાસના અખાત તરીકે ઓળખે છે. આખી દુનિયાના સમુદ્રોમાંથી ભંગાર ત્યાં ઘસડાઈ જાય છે.) આની થોડાંક વરસ પહેલાં અરબી સમુદ્રમાં મોટું તોફાન ઊપડેલું અને પાણી ખૂબ ઊંચાંનીચાં થતાં હતાં તેવે વખતે

માંગરોળ પાસે કોઈ માછીમારે પાણીમાં ઢંકાએલા મોટા ખડકમાં ભયંકર બાકોરું જોયું (આજ એને પોલો પાણો કહેવામાં આવે છે). પરદેશના પઝલમાં ખૂલેલી વિગત અને પોલા પાણાની જાણકારીને ભેળવી એક અનુમાન એવું પણ થએલું કે વીજળી પોલા પાણામાં ગાયબ થઈ ગઈ અને તેમાં અથડાતાં મોરાનો ભાગ તૂટ્યો તે દરિયાઇ ગટર રસ્તે મેક્સિકો પહોંચ્યો; બાકીનો ભંગાર પોલા પાણામાં જ સલવાઈ રહ્યો. આમાં કેટલું તથ્ય છે તેની માહિતી કોઇને હોય તો જણાવી આભારી કરે.

(વડોદરા) —બી. જાડેજા

હું છેલ્લાં ત્રણ વરસથી 'કુમાર' વાંચું છું. ખૂબ દુ:ખની વાત છે કે આ ત્રણ વરસમાં ગુજરાતીના પ્રથમ પંક્તિના ગઝલકારોની ગઝલ 'કુમાર'માં જોવા નથી મળી, પરંતુ ખૂબ જ નબળી ગઝલો જોવા મળી છે. આનું કારણ શું ?

(નડિયાદ) —ગુલામરસૂલ શેખ

[● આપને નબળી લાગતી હોય તો રુચિભેદ.]

૫૦૮મા અંકના છેલ્લા પાનાની 'ગણિત-ગમ્મત'માં ધારેલી સંખ્યાના અંકોના એક-અંકી સરવાળા (Integral Sum) સુધી જવાની જરૂર જ નથી તેને બદલે અન્ય કોઈ પણ સંખ્યા લઇને ચાલીએ તો પણ એ જ પરિણામ આવે!

ધારેલી સંખ્યા અ અને તેના અંકોનો એક-અંકી સરવાળો કે બીજી સંખ્યા વ લઈએ તો 'ગમ્મત'ની શરતોને નીચેના સમીકરણના રૂપમાં મૂકી શકાય : (અવ−વ+અ+વ)÷(વ+૧)=અ

(જૂનાગઢ) —કનુ રા. ડાભી

આ સાથે વાઙ્મયના મહાસાગરમાંથી વીણેલાં મોતી ટાંકેલાં છે : ૧) જીવન ત્રણ શબ્દોનું બનેલું છે માટે ત્રણ શબ્દોથી જ ફરે છે કલા, સૌન્દર્ય, સત્ય. ૨) લેખકને લોકપ્રિય થવાનો અધિકાર છે, પણ સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે લખવાનો અધિકાર નથી. ૩) સમય માણસને બનાવે અને માણસ સમયને બનાવે એ બે વચ્ચે ફેર છે. ૪) તટસ્થતા એટલે અભિમુખતા, વિમુખતા નહિ.

(શારદાગ્રામ) —રમણિક પરમાર

આપના માસિકમાં જીવન-ઘડતરમાં ઉપયોગી થાય તેવું સાહિત્ય વાંચવા મળે છે, પરંતુ તેમાં એસ. એસ. સી. પછી શું ? વગેરેનું નિરાકરણ થતું નથી. આજના યુગમાં ભારતના નવજવાનોને ધંધાદારી માર્ગદર્શન આપવાની ખાસ જરૂર છે. કોઈ પણ ગુજરાતી સામયિકમાં આ બાબત કાંઈ પણ સાહિત્ય વાંચવા મળતું નથી. આપના સામયિકમાં આવું સાહિત્ય આપતા રહો તેવી મારી દરખાસ્ત છે.

(ધોરાજી) —મગનલાલ નાથાલાલ ઘોડાદ્રા

[● 'મૅટ્રિક પછીનું માર્ગદર્શન' એ નામની એક લેખમાળા આવી ગઈ અને પુસ્તકાકારે તેની ત્રણ આવૃત્તિઓ પણ થઈ ગઈ. હવે તો ગુજરાત યુનિવર્સિટીમાં આવી માહિતીનું એક ખાતું ચાલે છે અને સો તેનો લાભ લે છે.]

ફેબ્રુઆરી 'કુમાર'માં દેશળજીભાઈનું જીવન વાંચતાં દિલગીરી અનુભવી. હું ઘણાં વર્ષોથી એમની સાથે પત્રવ્યવહાર કરી શક્યો નહોતો. એમની સાથે ગાળેલા અનેક દિવસો યાદ આવે છે. 'કુમાર'માં એક છબી (હું વચ્ચે શ્રી બાલુભાઈ ભટ્ટ સાથે બેઠેલો છું તે) હું શાન્તિનિકેતન જવાનો હતો તેના પ્રસંગની હતી ને તે તા. ૨૭ જુલાઈ ૧૯૨૪ને રોજ પાડી હતી.

(મુંબાઈ) —કનુ દેસાઈ

[● એ તા. ૬-૭-૧૯૨૫ના રોજ પછી શ્રી પરમારનો કરેલો પેન્સિલ સ્કેચ નીચે આપ્યો છે.]



તા. ૬ જુલાઈ ૧૯૨૫ના રોજ શ્રી કનુ દેસાઈએ કરેલો સ્વ. દેશળજીનો સ્કેચ

આપણે અંગ્રેજી રાજ્યને લીધે અંગ્રેજોનું એટલું બધું જ સારુ એમ માનતા થયા અને ઓછેવત્તે અંશે પશ્ચિમની જ નકલ કરવા માંડી. ગયે વર્ષે શ્રી શાસ્ત્રીજી અહીં આવ્યા ત્યારે તેઓએ હિંદીઓ વચ્ચે અંગ્રેજીમાં ભાષણ કર્યું. ત્યાં મારી સાથે આવેલા એક જર્મન વિદ્યાર્થીએ

મને પૂછેલું કે શું તમારા વડા પ્રધાન તમને તમારી ભાષામાં ન કહી શકે? (એને ખબર નહિ હોય કે મદ્રાસમાં હિંદી પ્રત્યે કેવી સૂગ કેળવવામાં આવી છે!) એક અંગ્રેજ છોકરા સાથે 'ગંગા કી લહરેં' ચિત્ર જોવા ગયો તેમાં પેલો નાનો છોકરો 'ડૅડી' શબ્દ વાપરે છે. તે પરથી એ અંગ્રેજ છોકરાએ મને પૂછેલું કે શું તમારી ભાષામાં પણ પિતાને 'ડૅડી' કહે છે?

(લંડન) —કેશવ પટેલ

આજે 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'માં ફૉન લ્યુકનેરના અવસાનના સમાચાર વાંચતાં ઘણાં વરસો પહેલાં તેની 'કુમાર'માં વાંચેલી 'સી આડલર' જહાજવાળી સાહસકથા યાદ આવી ગઈ. આપને આ ખબર મળ્યા તો હશે જ.

(વડોદરા) —વિનોદરાય વસાવડા

[• 'ટાઈમ્સ'માં એ વાંચતાં દિલગીરી સાથે 'કુમાર'માં 'સુકાની'એ પોતાની દિલચસ્પ ને આગવી બાનીમાં ઉતારેલી વાર્તા 'દરિયાઈ દાનવ' યાદ આવી ગઈ. એ કાઉન્ટ લ્યુકનેરનો પરિચય આ અંકની 'માધુકરી'માં.]

'કુટુંબનિયોજન શું છે, એની જાહેરાતની કેટલી અગત્ય છે એ જાણ્યા વિના 'આવી જાહેરાતના વાચનથી કેવા ઘડતરની અપેક્ષા રખાઈ હશે?' પ્રશ્ન કરનાર માટે દયા ઊપજે છે.

'તારા પરિચય' માટે આપનું ધ્યાન દોરવા માગું છું: દિશાઓ શીખ્યો છું તે પ્રમાણે મથાળે ઉત્તર, જમણે પૂર્વ, નીચે દક્ષિણ અને ડાબે પશ્ચિમ, અને નહિ કે જે પ્રમાણે છેલ્લા ચાર અંકથી 'કુમાર'માં બતાવાય તેમ છે.

(મુંબઇ) —રમેશ પારેખ

[• આકાશના નકશામાં સામાન્ય નકશા કરતાં ઊલટી રીતે દિશાઓ આપવામાં આવે; કારણ કે આ નકશા આકાશના હોવાથી તેને આકાશની પેઠે આપણા માથા ઉપર રાખીને જોવાના હોય છે. આમ કરવાથી ભૂમિ-નકશાની દિશાઓ સાથે આ નકશો મળી રહેશે.]

ફાધર વાલેસની લેખમાળા આજના યુવકોને માર્ગદર્શક છે એટલું જ નહિ, નવું ચેતન પેદા કરે તેવી ભાષાની શક્તિ તેઓ દાખવી શક્યા છે. પછીથી પુસ્તક રૂપે પ્રગટ થાય તો એક ભેટ આપવા લાયક નજરાણું બની શકે. સરકારે અને ખાસ તો શિક્ષણની સંસ્થાઓએ આવા પ્રકારના લેખોનું પ્રકાશન કરવા માટે લોન અથવા મદદની 'ઑફર' સાથે બહાર આવવું જોઇએ. 'કુમાર'માં આવતા જીવનરેખાના લેખોમાં વાચકને પ્રેરણારૂપ બને તેવાં તત્ત્વોને ખૂબ જ ઉપસાવ્યાં હોય છે. તે પ્રશંસા માગી લે છે.
૧૫૩ ('કુમાર' અંક ૫૦૯)

આદર્શો ને સાત્ત્વિક જીવનની આશાઓ ભૌતિકવાદના પ્રવાહમાં ઝડપથી ખેંચાઈ રહી છે, તેવામાં સુવાચ્ય સાહિત્ય મનુષ્યને સાંત્વન આપવામાં સહાય રૂપ બને તેવી ભાવના તો 'કુમાર' જ માત્ર ટકાવી રાખી શકે છે.

(મુંબઇ) —ફખરૂ કપાસી

'શબ્દકથા'ના શિલ્પી ડૉ. ભાયાણીનો પરિચયલેખ ખૂબ ગમ્યો. પણ 'કદી ય છાપભૂલ નથી થતી' એવી છાપવાળા 'કુમાર'માં આ લેખમાં રહી ગએલી છાપભૂલો ખૂંચી. પાના ૧૪૪ પર બીજી લીટીમાં પહેલા 'વર્ષ'માંની જગ્યાએ 'વર્ગ'માં જોઇએ? એ જ પાના પર નવમી લીટીમાં 'સંપાદિત' અને 'કરેલા' બે શબ્દો ખોટી રીતે જોડાઈ ગયા લાગે છે.

ડૉ. ભાયાણીનું ઉચિત સમ્માન કરવા માટે આપે ઠીક જ સૂચવ્યું છે કે ગુજરાતની યુનિ. ઓમાંની કોઈ એકમાં અપભ્રંશ ભાષા અને સાહિત્યના અધ્યાપનની 'ચૅર' સ્થાપવી જોઈએ. હાલને તબક્કે જ્યારે ગુજરાત બે નવી યુનિ.ઓની તૈયારીમાં છે તેવે વખતે આપનું આ સૂચન 'ચૅર'વાળાઓને કર્ણપટે સંભળાય તો સારું! પરિચયલેખના લેખકનું નામ કેમ અધ્યાહાર રહ્યું હશે? કે પછી આપના સંપાદકમંડળે એ સંપાદિત કર્યો હશે?

[ઓખા] —જયંતી ઘોકાઈ

[• હા; બધાં મૂળનો ઉલ્લેખ લેખ નીચે છે.]

ફેબ્રુઆરી અંકમાં 'ફરી નૉસીની યાત્રા'ના લેખમાં વર્ણવાએલો 'જોડા સીવનાર અહમદનો વિચિત્ર કિસ્સો' નાટકનું મુખ્ય પાત્ર કેસસ, પોતાની તવંગીરીની ફિશિયારી મારવા ખાતર, પોતાની આંગળીએ પહેરેલી હીરાની વીંટીનું પ્રદર્શન કરવાનું ચૂકતો નહિ, તેની રમૂજ-કથા આપી છે, તે પરથી આપણા દેશી નાટક તખ્તાના એક નામાંકિત અભિનેતાની એવી જ કહાણી યાદ આવી.

એક સમયની પ્રસિદ્ધ 'આલ્ફ્રેડ નાટક-મંડળી'ના બાહોશ માલિક અને નાટ્યકળા-પ્રવીણ અભિનેતા કાવસજી ખટાઉ બલ્લે 'કાઉ-ખટાઉ'નું નામ-કામ, ગઈ પેઢીના ઘણા હયાત પ્રેક્ષકોને યાદ હશે. કાવસજીબા જ્યારે પણ રંગમંચ પર પધારે ત્યારે (એઓ બાદશાહ બનીને નીકળે, કે કંગાલમાં કંગાલ ભીખ માગતા ફકીરનું પાત્ર ભજવે ત્યારે) રંગમંચ પરની રોશનીનો પ્રકાશ પાડતી એમની હીરાની વીંટી પ્રેક્ષકોની ખાસ નજરે પડે તેવી ચોકસાઇથી અચૂક દર્શન કરાવતા હોય અને હોય જ.

(કરાચી) —ફિરોઝશાહ મહેતા

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૮મે)

કુમાર

મે ૧૯૬૬
તંત્રી · બચુભાઈ રાવત

વ્યક્તિઘડતર : ૧૧

આત્મવિશ્વાસ

રેવ૦ ફાધર વાલેસ

એક શિક્ષણસંસ્થામાં માનસિક સ્વાસ્થ્યની તપાસ કરતાં ચોંકાવનારું પરિણામ આવ્યું : બે હજાર વિદ્યાર્થીઓમાંથી સોળસો જેટલાને કોઈ ને કોઇ લઘુતાગ્રંથિ હતી. સો શિક્ષિત યુવાનોમાં એંશી પોતાના વિષે ઓછું આણીને બેઠાં છે, પોતાની શક્તિ છે એથી ઓછી માનીને દુ:ખી થાય છે, ભવિષ્ય તરફ અવિશ્વાસની નજરે જોઇને જીવનનો ઉત્સાહ ખોઈ બેસે છે. એ ઉત્સાહ ફરીથી પ્રાપ્ત કરવા, એ શક્તિને વેડફાઈ જતી અટકાવવા, એ યુવાનોનું ને એ સમાજનું ખરું કલ્યાણ સાધવા માનસચિકિત્સકોએ કરેલું એ લઘુતાનું નિદાન ધ્યાન પર લેવું જોઈએ.

યુવાનોના સંપર્કમાં રહેનારાઓનો તો આ રોજનો અનુભવ હોય છે. એક પત્રમાંથી થોડી લીટીઓ ઉતારું છું : 'મને મારી જાત પર વિશ્વાસ હોય તેવું લાગતું નથી. કોઈ પણ વસ્તુ પર વિશ્વાસ નથી રહેતો; કોઈ પણ વસ્તુ માટે વિશ્વાસથી બોલી શકતો નથી. જો કોઈ પણ લક્ષ્ય નક્કી કરું (દા. ત. આ મારું છેલ્લું વર્ષ છે એમાં ફર્સ્ટ ક્લાસ લાવવો) તો મારા મનમાં શંકાકુશંકા ઊભી થયા કરે છે, ને આ મારાથી થશે કે કેમ, એવા પ્રશ્નોની ઝડી મારા મગજને મૂંઝવી નાખે છે. મને હમેશાં મારા ભવિષ્ય સંબંધે આશંકા રહ્યા કરે છે : શું થશે? હું મારા ભવિષ્યને શંકાની નજરે નિહાળું છું. કોઈની પણ સાથે સાચા વિશ્વાસથી વાત કરી શકતો નથી. જો કોઈ સાચી વાત જાણતો હોઉં તો પણ વાત કહેતાં કહેતાં મનમાં ભય અનુભવું છું. આ કારણથી ખરેખર મને ઘણી મૂંઝવણ થાય છે. મારામાં વિશ્વાસ નહિ આવે તો મારું જીવન બગડશે, એ એક જ વાત એવી છે કે જેમાં મને શંકા નથી...'

આત્મવિશ્વાસ વિના માણસ પાંગળો બને છે. છતી પાંખે માળામાં બેસી રહે એ પક્ષી પક્ષી કહેવાય? પાંખડીઓનું કોમળ સૌંદર્ય પવનમાં ખુલ્લું મૂકવાના ડરથી બંધ રહેતી કળીનું ફૂલ બનશે કદી? બહારની દુનિયાના અવિશ્વાસથી કોશેટામાં રહેવાનું પસંદ કરતો કીડો પતંગિયું બનશે ખરો? કોશેટો તોડવા, અજાણ્યા વાતાવરણમાં પાંગરવા, માળો છોડવા...હિંમત જોઈએ; સાહસ, ધૈર્ય જોઈએ. જીવનમાં ઝુકાવવા આત્મવિશ્વાસ જોઈએ. કળીનું ખીલવું એ શ્રદ્ધાનો ચમત્કાર છે. પક્ષીના બચ્ચાનું હવામાં પડતું મૂકવું એ બહાદુરીનું પરાક્રમ છે. યુવાન માણસનું જીવનનું આહ્વાન ઝીલીને દુનિયાની સામે મેદાને પડવું એ આત્મવિશ્વાસની સાધના છે.

"જીવનસાધનાના પ્રારંભમાં પહેલી જ એક સૌથી મોટી બાધા રહેલી હોય છે. તેને જો વટાવી જઈ શકીએ તો કામ ઘણું આગળ વધે. એ બાધા એટલે વિશ્વાસનો અભાવ. અજાણ્યા સમુદ્રને ઓળંગીને કોઈ એક કિનારે પહોંચીશ જ એવો ચોક્કસ વિશ્વાસ એ જ કોલંબસની સફળતાની પહેલી અને મોટી મૂડી હતી. બીજા પણ ઘણા માણસો આટલાંટિક ઓળંગીને અમેરિકા પહોંચી શકત, પરંતુ તેમના ચિત્તમાં વિશ્વાસ નહોતો, તેમને એવી ઉજ્જવળ શ્રદ્ધા નહોતી કે કિનારો છે. એ જ કોલંબસ અને તેમની વચ્ચેનો ભેદ હતો." (ટાગોર)

આત્મવિશ્વાસ જોઈએ, ને સાચો જોઈએ. બીજાના હાથમાં આપવાની વસ્તુ ખોટી પણ હોય; બીજાને કાને નાખવાની વાત જૂઠી પણ હોય; પરંતુ પોતાના આત્માને જણાવવાનો નિર્ણય, પોતાની જાતની આગળ રજૂ થનાર પોતાની માનસિક તૈયારીનો અહેવાલ સાચો જ હોવો જોઈએ. માણસ બીજાની આગળ ખોટો વિશ્વાસ બતાવી શકે, પણ પોતાની આગળ તો નહિ. 'બનાવટી આત્મવિશ્વાસ' સંભવે જ નહિ. સાચો હોય તો જ એ દુનિયાના બજારમાં વટાવી શકાય.

અનુભવની વાત છે કે જે માણસો બડાઈ હાંકે છે, જે જગત જીતવાનો ઢંઢેરો પીટે છે, તે અંદરથી બીતા હોય છે, અને પોતાની બીક ઢાંકવા બહારથી મોટો દેખાવ કરે છે. 'મને પાકી ખાતરી છે કે હું પાસ થઈશ', એમ જો વારંવાર અને જોર દઈને વિદ્યાર્થી બોલે તો એનો અર્થ એ ઘટાવવાનો રહેશે કે 'મને નાપાસ થવાનો પૂરેપૂરો ડર છે એટલે જ ઊલટું બોલ્યા કરું છું.' 'ખાતરી', 'ચોક્કસ', 'જરૂર' એ શબ્દોનો અર્થ શબ્દકોષમાં જુદો અને જીવનમાં જુદો હોય છે.

સાચો વિશ્વાસ બાંધવા માટે સફળતા મળી શકે એવાં કામ પ્રથમ ઉપાડો. ભલે એ કોઈ સરળ સાધારણ કામ હોય, પણ સિદ્ધિનો અનુભવ થતાં હૃદયમાં આનંદ સ્ફુરશે, અને એ આનંદ તમને પોતાની મેળે જ આગળ ખેંચી લઈ જશે. સફળતાનો સ્વાદ જીભે વળગે છે, અને એથી જીવન ઉમંગથી જીવવાની ભૂખ ઊઘડે છે. એથી ઊલટું, જો ગજા ઉપરાંતનું કામ ઉપાડી લેશો તો એમાં નિષ્ફળતા સાંપડશે, તમારી અસ્મિતા ઘવાશે, તમારા જ દરબારમાં તમે માનભંગ થશો, તમારા દિલ ઉપર મર્મ ઘા પડશે, અને તેનાં ઘારાં જિંદગી સુધી રૂઝાશે નહિ. ઘણીખરી લઘુતાગ્રંથિઓનું કારણ આ જ હોય છે : વહેલી નિષ્ફળતાના અનુભવથી યુવાન હૃદય પર પડેલો આઘાત. આત્મવિશ્વાસ પ્રાપ્ત કરવાનો કીમિયો એથી ઊલટો છે : નાનપણથી જ નાનાંમોટાં કામ ઉત્તરોત્તર સિદ્ધ કરવાનો આત્મસંતોષ.

એક તેજસ્વી વિદ્યાર્થી કૉલેજમાં મારા ગણિતના વર્ગમાં પહેલેથી જ પાછળ પડી ગયો હતો. પહેલી પરીક્ષામાં માંડ પાસ થયો. લાંબી વાતો કર્યા પછી ખરું કારણ સમજાયું. સ્કૂલમાં એક વખત બે મહિનાની માંદગી પછી તૈયારી ન હોવા છતાં એને ગણિતની પરીક્ષામાં બેસાડવામાં આવ્યો હતો. 'હોશિયાર છે એટલે ગણિતમાં વાંધો નહિ આવે' એ એના વડીલોનો ખોટો ખયાલ હતો. પરીક્ષા ખરાબ ગઇ. તેનો આવો પહેલો અનુભવ હતો. દિલમાં ચોટ વાગી. મનમાં ગ્રંથિ બંધાઈ કે ગણિત ફાવતું નથી. રસ ઊડી ગયો. તેના બીજા વિષયો સારા હતા પણ ગણિત હમેશ કાચું રહેતું. સારું આટલું જ કે રોગચાળો એક વિષયમાંથી બીજામાં ફેલાયો ન હતો. રોગનું નિદાન થતાં ઉપાય સહેલો લાગ્યો. જેમાં ફાવી શકે એવી પરીક્ષાઓ મેં એની પાસે લેવડાવી. સફળતા ખરેખર રામબાણ ઔષધ છે. સફળતા મળી એટલે એની સુષુપ્ત શક્તિ જાગી ઊઠી. વિશ્વાસ બેઠો, રસ છૂટ્યો, અને ગણિત જ એનો પ્રિય વિષય થઈ પડ્યો! સફળતાના મૃદુ સ્પર્શથી અવિશ્વાસના ઘા રૂઝાય છે.

તરતાં શીખવું હોય તો છીછરા પાણીમાં શરૂઆત કરો. પહેલી વખતે જો ભરદરિયે ઊછળતાં મોજાંમાં ડૂબકી મારશો તો—જીવતા રહેશો તો!—એવો ત્રાસ છૂટશે કે જિંદગી સુધી ફરી તરવાનું નામ લેવાની વૃત્તિ નહિ રહે. ખારા પાણીનો સ્વાદ કદીએ ભુલાતો નથી!

તમારી એવી નિષ્ફળતાની કે અવિશ્વાસની ગ્રંથિ બંધાઈ હોય તો તેનાં મૂળ શોધવા તમારો ભૂતકાળ તપાસો. તમારી શક્તિઓ ને તમારી મર્યાદાઓનો ચોક્કસ હિસાબ મેળવી લો. તમારી શક્તિના પ્રમાણમાં નવી જવાબદારીઓ સ્વીકારો અને યોગ્ય તૈયારી કરીને તે પાર પાડતાં શીખો. ક્ષોભ, ચિંતા ને ભય ગણકાર્યા વિના જ નક્કી કરેલ કામ મક્કમપણે આદરો ને પૂર્ણ કરો. સમાજમાં તમારું સ્થાન છે એ ખાતરી તમારા હૃદયમાં ઊતરવા દો. બીજાઓ પર વિશ્વાસ રાખો, અને બીજા તમારા પર વિશ્વાસ મૂકી શકે એ માટે તમે પોતે જ તમારા પર વિશ્વાસ રાખો. વેપારી જ પોતાના માલને હલકો પાડશે તો એ ખરીદશે કોણ? અને છેલ્લી વાત: આત્મવિશ્વાસનો અડગ પાયો ભગવાન ઉપરનો વિશ્વાસ છે. પરિસ્થિતિ તમારા કાબૂમાં ન હોય, સફળતા હાથની વાત ન હોય, પરિણામનો આધાર તમારા કરતાં બીજાઓ ઉપર વધારે હોય ત્યારે શું કરવું? એવા સંજોગોમાં આત્મશ્રદ્ધા સાચા દિલથી કેમ રાખવી? પરિસ્થિતિ ભલે તમારા હાથમાં ન હોય, પણ તે બીજાના હાથમાં છે જે તમને સારી રીતે ઓળખે છે (કારણ કે એણે તમારું સર્જન કર્યું છે), જે તમારા ઉપર પ્રેમ રાખે છે અને તમારું કલ્યાણ ઇચ્છે છે. બીજને ખેડૂત ઉપર વિશ્વાસ છે એટલે ધરતીના ખોળામાં દિવસો સુધી નિરાંતે ઊંઘી જાય છે. બાળકને માતા ઉપર શ્રદ્ધા છે એટલે તેની ગોદમાં માથું મૂકીને નિશ્ચિંત ભાવે પોઢી જાય છે. માણસ જો સર્જનહાર ઉપર પ્રેમાળ વિશ્વાસ કેળવે તો એના જીવનમાં એ સરળતા, હિંમત અને શક્તિ આવી જાય. આમ કોઈ પણ પ્રસંગમાં કટોકટીને સમયે પણ સાચી શ્રદ્ધા રાખી શકાય છે.

વ્યક્તિઘડતરના કામમાં આત્મવિશ્વાસ ચૂના-સિમેંટનો ભાગ ભજવે છે. ઈંટ ને ઈંટ વચ્ચે, પથ્થર ને પથ્થર વચ્ચે સિમેન્ટ બાઝી જાય ત્યારે ભીંત મજબૂત થાય અને માળ ઉપર માળ ચણી, ગગનચુંબી ઇમારત બાંધી શકાય. એ જ રીતે મન ને હૃદય, બુદ્ધિ ને લાગણીઓ, સંસ્કારો ને આદર્શો વચ્ચે આત્મવિશ્વાસનો વજ્રલેપ લગાડશો તો જ એમાંથી સુદૃઢ વ્યક્તિત્વ બાંધી શકશો.

૧૫૫ ('કુમાર' અંક ૫૦૯)

ખંડિયેરનો ભય / ચંદ્રકાન્ત શેઠ

• સવૈયા-કટાવ •

કોની ફૂંકે
આરસના આ શ્વેત મહેલને ઝળાંઝળાં કરનાર રૂપની
સ્વર્ણિમ જ્યોતિ બૂઝી?

અંધકારનો ચોગમ શો ફફડાટ!
પાંખને ફફડાટે એ
ગોખ ગોખમાં પડઘાઓનાં ટોળાં ઊતરી નીડ બાંધવા માંડે!

પથ્થર પથ્થર સૂનકારનાં બિંબ!
હવામાં છિન્ન સ્વપ્નનું ખરી ગએલું ફરકે એકલ પિચ્છ!
શ્વેત અભ્રની આડે હસતો ચાંદ ઝરૂખે ક્યાં છે?

મધદરિયેથી ખાલી પાછી વળેલ હોડી
નિરખંતી બે આંખોનો અવકાશ હવામાં
અહીંને દ્વારે દ્વારે કશો ઝળૂંબે!

દૂર દૂરથી ઘોડે બેસી ધસમસતો અસવાર આવિયો,
ખંડિયેરને જેમ જેમ એ જોતો ચાલ્યો
ઘોડાસમેત પથ્થરમાં પલટાતો છેવટ
અહીં પાળિયો થૈને ખુદ ખોડાયો!

ભય રે મુજને ખંડિયેરમાં ઝાઝું ટકતાં
અહલ્યા પરનો શાપ ફેંકતી ફૂંક રખે એ મને ક્યાંકથી લાગે!

કોણ? / ચિનુ મોદી

• સવૈયા •

ઘરની ભીતર-બ્હાર હવા શું કોણ મને આ ઘેરે?
પ્રેત થએલું શૂન્ય મને નહિ મૂકે શું આ ફેરે?
ઘરની ભીતર-બ્હાર હવા શું કોણ મને આ ઘેરે?

રાત પડે ને ઉલૂકની બે તીવ્ર ચમકતી આંખો,
લાલભડક સૂરજ જ્યાં લાગે ધુમ્મસ જેવો ઝાંખો;
એકલતા હું આંખ મીચું તો ધસતી ડાકણ પેરે,
ઘરની ભીતર-બ્હાર હવા શું કોણ મને આ ઘેરે?

તળાવ-પાળે વૃક્ષ-પાંદડાં ખડખડ કરતાં હાસ,
ભયથી ચોંકી હવા દોડતી અદ્ધર રાખી શ્વાસ;
ગામ વચાળે, ઘરની વચ્ચે મને મળે વણસ્હેરે
ઘરની ભીતર-બ્હાર હવા શું કોણ મને આ ઘેરે?

આ પણી ચિરપરિચિત વસ્તુઓનાં કવિઓનાં અવલોકન અને અનુભૂતિ આગવાં જ હોય છે. બારી, રસ્તો, વગડો વગેરેને તેઓ કૈંક જુદી જ રીતે જુએ છે ને જોગવે છે: એમને રસ્તો, જતાંઆવતાં લોકોને પ્રશ્નો પૂછીને પછી એકલોએકલો પસ્તાતો લાગે છે; તેના પર આવનજાવન હોય છે લોકોની, પણ કવિને તો રસ્તો જ દિવસે ગબડતો ને રાત્રે 'પગરખાંમાં ભરાઇને ઊંઘતો' લાગે છે. બીજા કવિને વળી વગડો ગાડાંનાં પૈડાંમાં ખડબડ ખડબડ ખખડતો અને ક્ષિતિજ પર ઝાંઝવાંનાં જળ જોઇને છાનુંછાનું છલકતો લાગે છે; તો ત્રીજાને વળી બારીમાંથી પસાર થતા અનેક ગતિમાન પદાર્થોને જોતી વખતે બારી જ ગતિ કરતી લાગે છે. એ જ રીતે એક કવિને ખંડિયેર જોતાં થતી ભયની અનુભૂતિનું સૌન્દર્ય વળી અનોખું જ છે: પેલી પરીકથામાં આવે છે તેમ, રૂપની સ્વર્ણિમ જ્યોતિથી ઝળાંહળાં થતો મહેલ કોઈની જાદુઈ ફૂંકે નિશ્ચેત બની જતાં એના ગોખેગોખમાં પડઘાનાં ટોળાં જાણે માળા બાંધીને પડયાં છે, પથ્થરો સૂનકારનાં બિંબ બની રહ્યાં છે, મધદરિયેથી વળતી હોડીમાં પોતાના પ્રિય પાત્રને ન જોઇને નિરાશ થતી આંખોમાં હોય એવો શૂન્ય અવકાશ તેના બારણે-બારણે ઝળૂંબતો લાગે છે,

રસ્તો / સ્વ. મણિલાલ દેસાઇ*

• ગઝલ •

વળાંકે વળાંકે વળી જાય રસ્તો,
અને ઢાળ પરથી ઢળી જાય રસ્તો.

કિનારાનાં વૃક્ષોથી વૃક્ષાય રસ્તો,
અને પથ્થરોથી તો રસ્તાય રસ્તો.

જતાં-આવતાં લોકને પ્રશ્ન પૂછી,
પડી એકલો રોજ પસ્તાય રસ્તો.

અમે તો હતા સાવ અણજાણ જગથી,
ઘરે આવીને સૌ કહી જાય રસ્તો.

પડ્યાં રાનમાં કૈંક વેરાઈ પગલાં,
થતું મનમાં, કો દિ' જડી જાય રસ્તો.

દિવસભર ગબડતો, ગબડતો, ગબડતો,
પડ્યે રાત ઊભો રહી જાય રસ્તો.

પગરખાંમાં એ રાત ઊંઘ્યા કરે છે,
સવારે ઊઠીને સરી જાય રસ્તો.

વગડો / હરિકૃષ્ણ રા. પાઠક

બળબળતા આકાશ તળે
પથરાઇ પડ્યો આ વગડો,
રુક્ષ ઘોરની વાડોમાં
વિખરાઇ પડ્યો આ વગડો.

કાળી બાવળ-કાંટ મહીં
અટવાઇ પડ્યો આ વગડો,
ટેકરીઓની ટોચ ઉપર
લૂ બની ચડ્યો આ વગડો.

તીણી સમળી-ચીખ મહીં
ચિલ્લાઇ ઊઠે આ વગડો,
રડ્યાખડ્યા ગાડાનાં પૈંમાં
ખડબડ ખખડે વગડો.

પીળાં આવળ-ફૂલ મહીં
કંઇ શીળું મલકે વગડો,
જોઈ ઝાંઝવાં-નીર ક્ષિતિજે
છાનું છલકે વગડો.

અને ભયની એ માત્રા વધતી વધતી,–ત્યાંથી નીકળેલો કોઈ પ્રવાસી ઘોડેસવાર જે આ ખંડિયેરને જોતો-જોતો ચાલ્યો આવે છે તે પેલી શાપભરી ફૂંકથી પથ્થર બની ગયો છે—એમ એ ફૂંક પોતાને તો નહિ લાગેને? એવા ચરમ બિંદુએ પહોંચે છે. આવી જ એક અગમ્ય ભયની અનુભૂતિ બીજા એક કવિને ઘરની ભીતર ને બહાર બંને સ્થળે ઘેરી વળી છે, જે ભરવસ્તીમાં કે ઘરમાં જ્યાં હોય ત્યાં માથા વિનાના ખવીસની પેઠે સામે આવીને ડાર્યા કરે છે.

*આશાસ્પદ પ્રતિભાવાળા આ એક સાચા કવિના નામની પહેલાં કાચી ઉમરે 'સ્વર્ગસ્થ' શબ્દ ઉમેરતાં જે દુઃખ થાય છે તેનો પડઘો આ પાનાની બાજુના કૉલમમાં તારવીને ઉતારેલી એક કવિ-સંપાદકની કલમે અપાએલી અંજલિમાં દર્દભરી રીતે દાખવ્યો છે.

બારી / ભાનુપ્રસાદ પંડ્યા

• મનહર •

પૂરવના નયનમાં નયનને પરોવતી,
દીવાલની કટિ પરે લટકી શી બારી!

સવારમાં સૂરજનાં કિરણોની ઝિલમિલ
જોતાંવેંત ઓરડીની ભોંય પરે ઢળી પડી
લળી લળી પ્રણમતી કોને હશે બારી?

રજનીએ દીવો થતાં દીવાલથી કૂદી પડી
શિશુ જેમ શેરીમહીં આળોટતી બારી!

ઘણી વાર મધરાતે નાના એના મુખ મહીં
તારા-મઢ્યા વિરાટ એ ગગનની છબી
યશોદાની જેમ બસ, મૂઢ બની અનિમેષ
જોયા કરું, જોયા કરું!

દિવસ ને રાત બારી પવનનાં ઝુલફાંને
ફગફગી રહે તોય હોળ્યા કરે, હોળ્યા કરે!
સમીરના કેશખર્યા રજકણે ઘર મારું
ભરી દઇ છાનીમાની હસી રહે બારી!

આંગળીએ વળગાડી નજરને રોજેરોજ
ક્ષિતિજના પાલવને પકડવા જાય!
દોડાદોડ કરતી એ ચપલાને જોયા પછી
કહું કેમ સ્થપતિએ જડી દીધી બારી?

સ્વ. મણિલાલ દેસાઈ

એ એકલો રહેતો હતો : એ એકલતા-એ જ એને કવિતાનું અમૃત આપ્યું. એ અંધકાર વિષે વિચાર્યા કરતો : એટલે જ એ તેજનું સાચું રૂપ જોવા લાગેલો. એ જિંદગીના રસ્તા પર ઘણી ઝડપથી ચાલ્યો : મૃત્યુને પહોંચવાની ઉતાવળ?

એ કવિતા ઘણા વખતથી લખતો-છતાં હજી હમણાં જ લખતો થયો હતો. એનો વિશિષ્ટ લય પરખાતો થયો હતો. લોકબોલીનું કાંકું પોત એની મુગ્ધ આંખોએ ઝીલેલી ઝાંખીને સમાવી લેતું હતું.

એની રચનાઓમાં વેદનાનો તાર વણાતો હતો. એકલતા એનું કામ કરતી હતી.–એણે અંધકારને કેવો ગાયો છે?—

'અંધારું કોયલનું ટોળું નહિ બાલમા,
અંધારું સોનાનો સુંવાળો સૂર,
અંધારું કાળું ગુલાબ મારા બાલમા,
અંધારું આપેલો કોલ મારા બાલમા.'

એની ગઝલો યાદ આવે છે: 'પગરખાંમાં સૂતેલો રસ્તો' ને 'રોમરોમ જાગી જતાં જંગલો.' અને એક નવલકથા–એમાંનો બાળક ને શિશુમનની લીલાનું એ ગુંફન.


પેલા ઉર્દૂ કવિનો શેર આજ સુધી સાંભળ્યો જ હતો. આજે એનો અર્થ સમજાયો :

જમાના બડે શોકસે સુન રહા થા,
હમીં સો ગયે દાસ્તાં કહતે કહતે!

કથા કહેતાં કહેતાં એની આંખો મીંચાઈ ગઈ અને આપણે સાંભળતા જ વિમાસી રહ્યા : હવે શું?—

એનું જે રચાયું છે, એ તો અહીં છે જ, એમાં તો મણિલાલ જીવે છે. પણ એના વિચારોમાં જે રહી ગયું એનું શું?–અત્યારે તો અશાંત મને આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે એ સદ્‌ગતના આત્માને શાંતિ આપે!

(સમર્પણ) — હરીન્દ્ર દવે



શિલ્પદીપંકર કલાચાર્ય સ્વ. નંદલાલ વસુનો તથા એમની કલાનો પરિચય આપતી પંદરેક પાનાંની મબલખ સામગ્રી (તથા કેટલાક વિભાગો) મોડા પડતા જતા અંકોને વધુ મોડા ન પડવા દેવા ખાતર કમવાતે મને અમારે આવતા અંક પર મુલતવી રાખવાં પડ્યાં છે. આવતો અંક એ રૂપસામગ્રીથી સમૃદ્ધ હશે.

સ્વ. ચુનીલાલ વર્ધમાન શાહ



નિષ્ઠાવાન સાહિત્યસેવક, ગુણગ્રાહી વિવેચક અને નીડર, સ્વસ્થ ને સિદ્ધાંતનિષ્ઠ પત્રકાર શ્રી ચુનીલાલ વ. શાહના ગુરુવાર તા. ૧૨-૫-'૬૬ના રોજ ૮૦ની વયે થએલા અવસાનથી ગુજરાતી સાહિત્ય ને પત્રકારત્વના ક્ષેત્રે જૂની પેઢીની એક શાંત ને સ્વસ્થ વ્યક્તિ ગુમાવી છે.

વઢવાણમાં દશા શ્રીમાળી જૈન જ્ઞાતિમાં, પિતા વર્ધમાન ફૂલચંદ શાહ અને માતા નાથીબાઇને ત્યાં ૧૮૮૭ની બીજી મેએ એમનો જન્મ. તેજસ્વી વિદ્યાર્થીકાળ ગાળીને ૧૯૦૩માં મૅટ્રિકની પરીક્ષા સારા નંબરે પાસ કરી ઝાલાવાડના પોલિટિકલ એજન્ટ કૅપ્ટન બિલ પાસેથી એમણે રૂ.૫૦)નું પારિતોષિક મેળવેલું. પણ દાજીરાજ હાઈસ્કૂલના આ તેજસ્વી વિદ્યાર્થીને નબળી આર્થિક સ્થિતિને લીધે આગળ અભ્યાસ કરવાને બદલે શિક્ષકનો ધંધો સ્વીકારવો પડ્યો. બાળપણથી જ સાહિત્ય પ્રત્યે આકર્ષાએલા આ 'સાહિત્યપ્રિયે' જુદાંજુદાં સામયિકોમાં લેખનપ્રવૃત્તિ ચાલુ કરી, અને ઈ. ૧૯૦૬માં તક મળતાં અમદાવાદમાંથી પ્રગટ થતા 'રાજસ્થાન' સામયિકમાં ઉપતંત્રી તરીકે જોડાયા. તેની સાથે 'જૈનોદય' જ્ઞાતિ માસિકનું સંપાદન પણ કરતા. એવામાં ઈ. ૧૯૦૯માં 'પ્રજાબંધુ'ના તંત્રીવિભાગમાં જગ્યા મળી, જ્યાં ઉત્તરોત્તર ચડતા જઇને ઈ. ૧૯૫૩માં નિવૃત્ત થયા ત્યાં સુધી, સાડાચાર દાયકા લગી, એક કુશળ પત્રકાર અને સાહિત્યસમીક્ષક તરીકે તે અવિરત સેવા કરતા રહ્યા.

એમની લેખનપ્રવૃત્તિનો આરંભ કવિતાથી થએલો. શાળાજીવન દરમિયાન જ ઋતુસંહારના ત્રણ સર્ગોનો કાવ્યાનુવાદ કરનાર આ આજીવન સાહિત્યાનુરાગીની કવિતાઓ 'સમાલોચક' ને 'વસંત' જેવાં પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રસિદ્ધ થતી. જોકે એમની પ્રતિષ્ઠા તો એમની નવલકથાકાર ને પત્રકાર તરીકેની શક્તિને આભારી છે. છેક ઈ. ૧૯૦૪માં ૧૭ વર્ષની વયે લખેલી સામાજિક નવલકથા 'વિમળા'થી માંડી આજ સુધીની માતબર સંખ્યામાં પ્રસિદ્ધ થએલી એમની ઐતિહાસિક-સામાજિક નવલકથાઓમાં બધી જ એકસરખી ગુણવત્તાવાળી ન હોવા છતાં કેટલીક પ્રશંસનીય અને એના લેખકને યશ અપાવે એવી છે. ઈ. ૧૯૧૦થી 'પ્રજાબંધુ'ના ભેટપુસ્તક તરીકે અપાવી શરૂ થએલી એમની 'મૂળરાજ સોલંકી', 'સોમનાથનું શિવલિંગ', 'ધારાનગરીનો મુંજ', 'વસાઇનો ધેરો', 'સિંધ પર સવારી', 'પાટણની પડતીનો પ્રારંભ', 'અઢારમી સદીનું મહારાષ્ટ્ર' જેવી ઐતિહાસિક તેમજ 'વિમળા', 'લતા અને લલિતા', 'જ્યોત અને જ્વાળા' (જેના પરથી કેશવકાન્ત બી.એ. નામનું ચિત્રપટ ઊતરેલું) 'નોકરીનો ઉમેદવાર' જેવી સામાજિક નવલકથાઓ એમની યશોદાયી કૃતિઓ ન ગણી શકાય, પણ પાછળથી સંગીન અભ્યાસ બાદ સજાગ રીતે લખાએલી એમની 'તપોવન', 'પ્રણય અને પરિણય', 'છાસ અને માખણ', 'જિગર અને અમી', 'કાળજાનો ઘા', 'સંધિકાળ', 'એક ડાળનાં ત્રણ પંખી' વગેરે સામાજિક, અને 'કર્મયોગી રાજેશ્વર', 'રાજહત્યા', 'અવંતીનાથ', 'રૂપમતી', 'નીલકંઠનું બાણ', 'એકલવીર', 'પરમ આર્હત', 'ચાણક્ય ને ચંદ્રગુપ્ત' આદિ ઐતિહાસિકમાંથી કેટલીક કીર્તિદા અને અત્યંત લોકપ્રિય બની છે; અને 'સંધિકાળ' તથા 'છાસ અને માખણ' મુંબાઈ સરકાર તરફથી તે તે વર્ષની ઉત્તમ કૃતિઓ તરીકે પુરસ્કૃત થઈ છે. એમની 'તપોવન' અને 'મનોજવન' એ અનુક્રમે ગુજરાતની સંયુક્ત અને વિભક્ત કુટુંબપ્રથાનાં ચિત્રણવાળી અસરકારક સામાજિક કથાઓ છે, તેમ 'વિષચક્ર' અને 'વિષાણુ ચક્ર'માં પલટાતા સમાજનાં વધતાં જતાં દુરિતોનું આલેખન છે. એમણે જાણેલા ને જોએલા ગુજરાતના લગભગ નવેક દાયકાના ૧૫૭ ('કુમાર' અંક ૫૦૯) સામાજિક ઇતિહાસને આવરી લેતી ત્રણ પેઢીની સળંગ નવલકથા આલેખવાના આ પત્રના તંત્રીના સતત આગ્રહના પરિણામ રૂપ લખાએલી એમની ચાર ભાગની નવલકથા 'કટકછાયો પંથ' એ એમની છેલ્લી સૌથી મોટી કૃતિ છે. 'રૂપાનો ઘંટ', 'નાગવેણી', 'વર્ષા', 'એકદંડિયો મહેલ', 'કાળની કલમે', 'કાળની પાંખે', 'સંસારને ઓવારે' વગેરે એમના વાર્તાસંગ્રહો છે. ને આ કંઈ એમની કૃતિઓની સંપૂર્ણ યાદી નથી.

અંગ્રેજી ઉપરાંત હિંદી, મરાઠી, ને થોડુંક ઉર્દૂ ભાષાનું જ્ઞાન ધરાવતા સ્વ. ચુનીભાઇએ કેટલીક કૃતિઓના સુવાચ્ય અનુવાદ પણ આપ્યા છે.

'પ્રજાબંધુ'માં 'સાહિત્યચર્ચા ને સ્વાધ્યાય' તથા 'સાહિત્યચર્ચાનું સૂક્ષ્માવલોકન' એ વિભાગો દ્વારા ગ્રંથવિવેચનની પ્રણાલી સ્થિર કરનાર 'સાહિત્યપ્રિય' ઉપનામધારી ચુનીભાઇએ 'બુદ્ધિપ્રકાશ'માં પણ ગ્રંથાવલોકનો કરેલાં, અને ગુજરાત સાહિત્ય સભા માટે ઈ. ૧૯૩૦-૩૧ના ગ્રંથસ્થ વાઙ્મયની સમીક્ષા પણ કરેલી, જે એમને એક નીડર, ન્યાયી, તટસ્થ, ગંભીર, સંગીન ને વિચારશીલ વિવેચક તરીકે પ્રતિષ્ઠિત કરવા પર્યાપ્ત નીવડે એમ છે.

'પ્રજાબંધુ'ને ગુજરાતનું સ્થિર, સંગીન ને લોકપ્રિય છતાં શિષ્ટ સાપ્તાહિક બનાવનાર આ નીડર પત્રકારને ગુજરાત સાહિત્ય સભાએ ૧૯૩૭માં રણજિતરામ સુવર્ણચંદ્રક આપીને તથા ગુજરાતી સાહિત્ય પરિષદે ૧૯૪૧ના સંમેલનમાં પત્રકારત્વવિભાગના પ્રમુખ ચૂંટીને એમની નવલકથાકાર, વિવેચક ને પત્રકાર તરીકેની પ્રતિભાની યોગ્ય કદર કરેલી.

અમદાવાદની ગિરધરનગર(શાહીબાગ)સોસાઍટીના ચેરમૅન, એ જ સંસ્થાના કેળવણી મંડળના ઉપપ્રમુખ અને સૌરાષ્ટ્ર સ્થાનકવાસી સંઘની કારોબારીના સભ્ય તરીકે યથાશક્તિ સમાજસેવા પણ કરી જનાર આજન્મ પત્રકાર, નીડર વિવેચક ને લોકપ્રિય નવલકથાકાર પોતાની પાછળ ત્રણ પુત્રો અને એક પુત્રી ઉપરાંત પૌત્રો-પૌત્રીઓના વિશાળ કુટુંબને આવા પીઢ છત્ર વિનાનું મૂકી ગયા છે. એ અક્ષરના આરાધકનો 'અક્ષરધામ'માં કાયમી નિવાસ થાઓ.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક અને આલેખક · રવિશંકર રાવળ

૨૩૮ પૂરણપોળીનો પ્રસંગ

આ રીતે મારી ૧૯૧૨ની શાળાપ્રવૃત્તિની તવારીખ બનતી જતી હતી. શાળા અને મુંબાઇના જીવનમાં હું મારી ભાવનાઓને આકાર આપવા મથી રહ્યો હતો. ઇ. ૧૯૧૨ની નિત્યનોંધમાં તે સમયના કેટલાક પ્રસંગો, મનની નબળાઇને લગતા બળાપા અને પ્રગતિની ઝંખના મળી આવે છે:

તા. ૧૯-૧-૧૨: આજે રજા હતી. આખો દિવસ બરોબર કામ કરવાના વિચારો કર્યા હતા, પણ સૌએ મળી પૂરણપોળી કરવા ઠરાવ્યું અને કામકાજ ન થયું. આવે પ્રસંગે મારે ચિત્તની પૂરી શાંતિ જાળવતાં શીખવું જોઇએ. પૂરણપોળીનો પ્રસંગ મને બરોબર યાદ રહેશે. દાળ ઓરી પણ ક્યારે ઉતારવી અને પૂરણ કેટલું જાડું રાખવું તે કોઈ જાણે નહિ. ગોળ વહેલો નંખાઈ ગયો અને પૂરણ ઘટ્ટ બન્યુ નહિ, એટલે તેની ગળી રાબડી રાખી રોટલી બોળી ખાઈ લેવી પડી! હું ધારત તો અલગ રહી શકત પણ મેં ગઈ કાલે નિશ્ચય કર્યો હતો કે માણસ બનવા પ્રયત્ન કરવો; હું હવે મારા એકલાનો સ્વાર્થ સાધી સંતોષ નહિ પામું; સહન કરતાં શીખીશ...

આજે જરા ય કામ થયું નથી, આ વાત મને ખટકે છે. જમવાનું કદી ભુલાય છે? જમવાનો જીવન સાથે સંબંધ છે તેવો જ કે તેનાથી વધારે મારી કળાનો મારા જીવન સાથે સંબંધ છે... મારે ઘણું ય મેળવવાનું છે. હજુ કિનારે જ છું અને સામે વિશાળ દરિયો પાર કરવાનો છે. પાણી કપાય તેટલું લાભમાં... કોઇને ત્યાં જઇને તે સમયની તેની સ્થિતિ અને અનુકૂળતા જોઇને વર્તવું જોઇએ...

૨૩૯ કૅમેરાને કામે લગાડયો

મગનબાગની અમારી ચાલીમાં સામેની બાજુએ રહેતા એક દક્ષિણી ભાઈ મિ. બાપટનો પરિચય થયો. તે હસમુખા સ્વભાવના સંસ્કારી યુવક હતા. કોઈ સરકારી ઑફિસમાં નોકરી કરતા હતા. પિછાન થતાં જાણ્યું કે તે ફોટોગ્રાફી જાણે છે, એટલે તેમને મેં કરાચીથી ખરીદી આણેલો કૅમેરા બતાવ્યો. તેમણે કહ્યુ કે આનો લેન્સ હોય તો ફોટોગ્રાફી ચાલુ કરી શકાય. ધોબી તળાવ પર ફોટોગ્રાફીનો નવોજૂનો સામાન વેચનાર એક પારસીની દુકાન તે જાણતા હતા. તેને ત્યાં જઇ રૂ. ૧૫નો એક લેન્સ ખરીદ્યો, ચોરબજારમાં જઈ એક સ્ટૅન્ડ ખરીદી લાવ્યા અને કૅમેરા ખડો કર્યો. પછી પાયરો સોલ્યુશન કરવાનાં રસાયણો, હાઇપો, એક બે ચોખંડી રકાબીઓ, લાલ કાચનું ફાનસ તથા ૩ા × ૪ા સાઈઝની રૅપિડ રૅકટીલીનિયર પ્લેટોનું ડઝનનું પૅકેટ જે એ વખતે બાર આનામાં મળતું હતું તે લાવ્યા. દવાઓ જોખવાના કાંટાની પેટી તે વખતે તોલાં સાથે સવા રૂપિયામાં મળતી હતી.

તેમણે પ્લેટોના બૉક્સ ઉપર આપેલું રસાયણી દ્રાવણનું કોષ્ટક વાંચી અમારા દેખતાં દવાઓ નાખી, પાયરોની સોડિયમની બાટલીઓ ભરી અને રાત્રે લાલ બત્તી આગળ પ્લેટો કેમ ભરવી તે બતાવ્યું.

બીજે દિવસે રવિવારે કૅમેરા સામે મિત્રોને બેસાડી ફોકસ (અંદર દેખાતી છાપની સ્પષ્ટતા) ગોઠવી પ્લેટો પર છબિઓ લીધી. પછી રાત્રે ઓરડી બંધ કરી લાલ બત્તીના પ્રકાશમાં દ્રાવણો વડે કાચ પર નેગેટિવ (ઊલટ) છબિ ઉઠાવી અને હાઇપોમાં તેને પાકી (ફિક્સ) કરી. તેના પરથી દિવસે છાપ લઈ શકાય એવા સેલ્ફ ટોનિંગ કાગળો લાવ્યા હતા, તે છબિના કાચ નીચે દબાવીને તેના પર બપોરે સૂર્યનો પ્રકાશ પાડીને સત્વળી છાપો પાડવાનું જાણી લીધું. આમ જૂજ સાધનોથી ફોટોગ્રાફીની જે પ્રાથમિક ક્રિયાઓ હું જાણી શક્યો, તેની મદદ મને તે પછીના જીવનમાં આજ સુધી સતત મળી છે અને ફોટોચિત્ર-નિર્માણના સમગ્ર વિસ્તારથી હું પરિચિત થઈ શક્યો છું.

૨૪૦ નવ નાતનું જમણ

રવિવાર હતો. હું મારું કામ તો સંતોષકારક કરી શક્યો હતો, પણ આજે (તા. ૧૪ જાન્યુ. ૧૯૧૨) માધવબાગમાં નવ નાતનું જમણ હતું. મકરસંક્રાન્તિ નિમિત્તે કોઈ શ્રીમાને મુંબાઈના નવ નાતના બ્રાહ્મણોને જમાડવાનું ખર્ચ ઉપાડયું હતું. નવે નાતના પટેલિયાઓએ પોતાની નાતનાં ઘરોની નોંધ પ્રમાણે જમવાની ચિઠ્ઠીઓ મેળવી લીધી હતી. અમારા મિત્રોમાંથી એકએ અગ્રણીએ અમારી સપરિવાર નોંધ કરાવી ચિઠ્ઠીઓ પહોંચાડી હતી અને કહેવડાવ્યું હતું કે નવ નાતમાં નોતરું (નિમંત્રણ) મેળવવાનો હક રાખવા બધાએ જવું જોઈએ. મુંબાઇની નવ નાતના જમણનું માહાત્મ્ય ત્યારે ભારે ગણાતું. સૌ એક પંક્તિએ જમી શકે એ માટે નવે નાતના મોવડીઓ પોતપોતાના જૂથની પંક્તિઓના વાડા પાડતા. મજબૂત અડીખમ જુવાનો પત્રાવળાં અને પિરસણ પહોંચાડવા કટિબદ્ધ થતા. પટેલિયાઓ ફરિયાદો દૂર કરવા નજર રાખતા. કોણ જમાડે છે, શા માટે જમાડે છે એનું જ્ઞાન દરેક જમનારને હશે કે નહિ તે તો કોણ જાણે, પણ આ જમનારા બધા પ્રજાનું પુરોહિતકાર્ય કરનારા તો નહોતા. વેપારીઓ, ગુમાસ્તાઓ અને ઑફિસ-નોકરીવાળા જ બ્રાહ્મણદાવે મુગટા પહેરી હાજર થઈ ગયા હતા. બ્રહ્મભોજનના નામે પુણ્ય કમાવા ઈચ્છતા શ્રીમંતોમાં મુખ્ય ભાટિયા જ્ઞાતિનાં જ નામો જણાતાં. આવાં જમણો પાછળ જે ખર્ચ થાય તેનાથી ઘણાં સારાં કામો થઈ શકે; પણ લાડુ-ભૂખ્યા બ્રાહ્મણોમાં, જમણો બંધ રાખી તેમના જ કલ્યાણની વધુ સારી પ્રવૃત્તિ યોજવાની સિફારસ યજમાનો પાસે કરી શકે તેવા કોઈ નહોતા. મિથ્યા યશના અભિલાષી શ્રીમંતો પોતે જ ખરી યોગ્યતાને સત્કારતા–સન્માનતા થાય ત્યારે જ જમનારાંની આંખ ઊઘડે.

તા. ૧૫, સોમવાર: આપણી ઊંઘ ઉપર જરા પણ કાબૂ મળતાં આપણને કેટલો લાભ થાય છે! ગઈ રાત્રે કરેલા ઠરાવોનું બળ અને સવારમાં સૂઈ રહેવાનો લોભ બેનું પરસ્પર યુદ્ધ. પછીનું સંતોષકારક પરિણામ. પ્રભુ! હું એટલું જ ઇચ્છું કે સુયોગ્ય મનુષ્ય થાઉં. મારી પ્રત્યેક પ્રવૃત્તિ પૂર્ણ વિચાર થયા બાદ થવી જોઈએ...

જીભનો તનમનાટ જબરો છે. ખરેખર, કોઈ જક્કી મનુષ્યને સમજાવી ઠેકાણે લાવવો તે બની શકે, પરંતુ જીભને સમજાવી તેની વાસના દૂર કરવી એ તેના કરતાં યે મુશ્કેલ છે. મેં ઘણી વાર મીઠા સ્વાદિષ્ટ પદાર્થો માણ્યા છે, છતાં આ પ્રબળ સ્વાદેન્દ્રિયને અસંતોષ લાગે છે. હું બહુ જ પછાત છું. મારે આગળ વધવું જોઇએ ચારિત્ર્ય બાંધવું એ જ જીવનનો પાયો દઢ કરવાનું મુખ્ય ધ્યેય હોઈ શકે. મનુએ કામ કરવું જોઇએ. તેનામાં હજુ વિચાર કરવાની શક્તિ જાગી નથી.

૨૪૧ ફલાસનું ગૅધરિંગ (સ્નેહમિલન)

આર્ટ સ્કૂલના બીજા વર્ષના પ્રારંભથી જ પ્રગતિમાન વિદ્યાર્થી

તરીકે મારી છાપ પડી હતી અને જે મહારાષ્ટ્રી વિદ્યાર્થીઓ શરૂમાં અતડા રહેતા તે હવે મળતાહળતા થયા હતા. હું પણ મહારાષ્ટ્રના અંતરજીવનથી પરિચિત થવા ઇંતેજાર હતો. મને બહુ નવાઇ લાગતી કે મુંબાઈમાં વસતી પ્રજાઓ એક સંસ્કૃતિની સંતતિ હોવા છતાં નિત્ય-જીવનમાં અલગ અલગ પ્રવાહોમાં જુગ્યે જતી હતી. એટલે મારા વર્ગના કેટલાક બીજું વર્ષ પડી રહેલા વિદ્યાર્થીઓએ ગીરગામમાં રહેતા એક વિદ્યાર્થીના બંગલામાં સ્નેહ-સંમેલનની વાત કરી તેમાં મેં તરત સંમતિ આપી અને ખર્ચના ફાળામાં એક રૂપિયો ભરી દીધો. સંમેલનમાં સૌ શિક્ષકો તથા પ્રિન્સિપલને પણ આમંત્રણ આપ્યું હતું. આ વખતે પ્રિન્સિપલ બર્ન્સ ટૂંકી રજા પર ગયા હતા અને ફર્ન્સને ચાર્જ સોંપી ગયા હતા. ફર્ન્સની લાયકાત હતી નહિ, અને અંગત રાગદ્વેષમાં થએલી નિમણૂકથી મહારાષ્ટ્રી શિક્ષકોને માઠું લાગ્યું હતું.

સંમેલનના સ્થળે હું પહોંચ્યો ત્યારે મહારાષ્ટ્રી મિત્રોએ નાસ્તા-નાં ફળો અને ચાની ગોઠવણ કરી લીધી હતી. સમય થતાં એક પણ શિક્ષક ન આવ્યા. માનલોભી ફર્ન્સ એકલા જ દેખાયા. આ પ્રસંગે બિનઅનુભવી મિત્રોએ કંઈક બોલવા મને જ આગળ ધર્યો અને મેં તે વખતના મારા અલ્પ જ્ઞાન પ્રમાણે સ્વાગતના થોડા બોલ કહ્યા. મને ત્યારે લાગ્યું કે સભામાં ક્ષોભ વિના બોલવાનો ગુણ કેળવવાનું સૌ માટે આવશ્યક થવું જોઈએ. તેનો પ્રારંભ આવા નાના પ્રસંગોથી જ થઈ શકે. ખામી સમજાય તેમ સુધારવાના પ્રયત્નો કરતા રહેવું.

૨૪૨ આવરણો અને મૂંઝવણો

રવિવાર જેવા રજાના દિવસે હું જ્યારે વધારે કામ કરવા ઈચ્છું છું ત્યારે તે જ દિવસે કંઇ ને કંઈ વિઘ્નો આવે છે. શું હું એટલો નબળો છું કે કોઇને 'મારે કામ છે' એટલું કહી શકું નહિ? આવતા રવિવારે જરૂર એ વિષે સાવધ રહીશ. સૌથી પ્રથમ મારું કામ, મારો અભ્યાસ. એને માટે જ હું અહીં આવી રહ્યો છું. પ્રભુ! મારા નિશ્ચયો પાર પાડવા વિશેષ બળ આપો...

પ્રભુ માણસોની યોગ્યતાની કસોટી કરે છે, તે તો આ નહિ હોય? યોગ્ય નીવડવા હું જરૂર પ્રયાસ કરીશ. આફતોથી યા અડચણોથી હું નહિ હારું, નહિ ડરું. પણ ભૂતકાળની સગવડો, વહાલાંઓનાં સ્મરણ, મિત્રોનો સહવાસ અને આનંદ, બધું મન પર ચડી આવે છે. પૈસા શી વસ્તુ છે તેની ખબર નહોતી; આજે પાઈ-પાઇનો વિચાર કરવો પડે છે. ઘેર મરજી માફક જમવાનું મળે તો જ જમવું, નહિ તો રૅાફ કરી ઊઠી જવું; વળી ઘરનાં સમજાવી જમવા બેસાડે ત્યારે જમવું; તેને બદલે ભાઈસાહેબ (હું) સવારમાં હાથે શેકેલી ભાખરીઓ તથા દૂધ અને સાંજના ફક્ત ભાત પર આનંદ માની લે છે. ઘેર ભાભી ઊનું પાણી કાઢી આપે ત્યારે નહાય તે અહીં સવારમાં ઝટપટ વહેલા ઊઠી ઠંડા પાણીનું સ્નાન બહુ ઉત્તમ માની લે છે. વીશીમાં પહેલી વાર પોતાનું ઠામ કોરે મૂકતાં જેને ચટકો લાગ્યો હતો તે આજે પોતાના એઠવાડ-અબોટનું કામ ખુશીથી ઉકેલે છે. ધોબીનો પણ ખર્ચ નથી. એ માટે વધારાના પૈસા હોય તો ને? હોય તો ય બીજી જરૂરતો ક્યાં ઓછી છે?

ભાવનગરમાં ફુરસદનો પાર નહોતો, અહીં ઊંઘવાનો યે સમય માંડ મળે છે. અહીં ફ્ળાના ખયાલમાં બીજું સૂઝતું નથી. ભાવનગરમાં સ્કૂલમાંથી લહેર કરતો ઘેર આવતો કે ફરવા નીકળી પડતો; અહીં તો દોડતાં ઝટપટ ટ્રેઈન પકડી મુકામ પર આવી, ભાણું તૈયાર કરવા સગડી પેટાવી તપેલી ચડાવી દેવી પડે છે, અને ઓરડીને જ દુનિયા માની લેવી પડે છે. પહેલાં તો કોઈ પણ વસ્તુ વિચાર થતાંવેંત જ ખરીદી લેવાતી, તેને બદલે હવે પૂરી જોગવાઇ હોય તો જ વિચાર કરાય છે

૧૫૯ ('કુમાર' અંક ૫૦૯)

અને જેનો વિચાર પાકો થાય તે એક જ વસ્તુ ખરીદાય છે. ઘેર બજારમાંથી કંઈ લાવવું હોય તો મોટાંઓ લાવશે કહી ચોખ્ખી ના પાડી દેતો; અહીં તો પૂરો ખટકો રાખી બજારમાંથી જોઇતી ચીજો હાથોહાથ લાવીએ છીએ. ત્યાં રાત્રે સૂવાને કોઈ પથારીઓ તૈયાર કરતું અને ઊંઘ આવતાં તેમાં ઝૂકી જતો, ઓછાડ કે ઓઢવાનાની કશી જ દરકાર નહિ; અહીં કોણ એ બધું કરી આપવાનું હતું? પંડે પોતાના સેવક. બિછાનું બિછાવવું, ઓછાડ-ચાદર સાફ રાખવાં, બધું જાતે જ. રાત્રે વાતોના ગપાટાથી આનંદ કરાવનાર કુટુંબીઓ અહીં કોઇ નહોતા. અવાજ વગરની ભાઈબંધ ચોપડીઓ મગજમાં નવાંનવાં ચિત્રો આપે તે જ.

તા. ૨૩: દ્રવ્યની મૂંઝવણમાં કેટકેટલી ભૂલો કરી બેસું છું! સાવધાન રહેવું જોઇએ. સ્થિરતા રાખી વિચાર કરું તો તરત માર્ગ જડે છે. મનુને આજે કામ કરવા ઘણાં ઉત્તેજક વચનો કહ્યાં છે તેની અસર થાય તેમ ઈચ્છું છું. સ્કૂલમાં બપોરના વખતનો સદુપયોગ કરવો જોઇએ.

તા. ૨૫-૧-'૧૨: સ્કૂલમાં હજુ વિશેષ કામ કરવું જોઇએ. કોઈ ભૂલ કાઢે તો તેથી ચિડાવું કે ડરવું નહિ. આપણે ક્યાં ભૂલ કરીએ છીએ તે વેળાસર જાણી શકીએ તો તેથી કેટલો લાભ થાય છે! કોઇનું કામ કરીએ તે તદ્દન નિષ્કામ વૃત્તિથી કરી શકીએ ત્યારે આપણને એક અમૂલ્ય ખજાનો સંઘરવા જેવો આનંદ થાય છે. કરેલા કામનું સ્મરણ તો શું પણ ઉચ્ચાર સરખો નીકળવો ન જોઇએ. સામા માણસના પ્રત્યુપકારથી પણ દૂર રહેવા પ્રયત્ન રાખવો જોઇએ. કરેલા કામ માટે નિસ્પૃહ રહેવું...વાર્તાઓ વાંચું છું ત્યારે મૂંઝવણો વીસરી જાઉં છું. સ્વપ્નના જગતમાં, કલ્પનાની ભૂમિમાં વિચરતો હોઉં એમ લાગે છે.

૨૪૩ પોપટભાઇ અમેરિકા ચાલ્યા

ભાવનગરના મારા આત્મીય મુરબ્બીઓ પૈકી પોપટભાઈ (શ્રી હીરાલાલ પંડ્યા) નાગપુરથી ખેતીવાડીના ગ્રૅજ્યુએટ થયા પછી વિશેષ જ્ઞાન માટે અમેરિકા જવા મહેનત કરતા હતા. તે મુંબાઇમાં ફરીફરી પરદેશના ખર્ચ માટે રૂ. ૧૦,૦૦૦ જેટલી રકમ છ મહિને એકઠી કરી શક્યા હતા. રૂઢિ-ધર્મ-વ્યવહારની જડથી બંધાએલા અમારા આપ્ત-મંડળમાંથી પરદેશગમન કરનાર એ પહેલા જ હતા; પણ ધર્મપરાયણ, જ્ઞાનસાધક પિતામાતાના આ નબીરા માટે બધાને ખાતરી હતી કે તે વિદેશના કોઈ પણ દૂષણનો ભોગ નહિ બને. મુંબાઇમાં ભાયખલા પર રહેતા. તેમના સંબંધી હરગોવિંદ જાનીની નાનીશી ચાલીમાં તેમના વડીલ સાથે મુકામ કરી તેમણે પ્રવાસનો સાજ તૈયાર કર્યો અને તા. ૨૭-૧-'૧૨ના રોજ તેમને સ્ટીમરમાં વિદાય આપવા અમે બધા ગયા.

જગતના સર્વથી પ્રગતિમાન દેશમાં અમારા આત્મીય જન જાય છે તેનો પોરસ અમને સૌને હતો. એમણે નિયમિત ડાયરી રાખી પત્રો લખવાનું વચન આપ્યું. ઘેર પ્રૌઢ પત્ની, બે બાળકો, વત્સલ માતાપિતા તથા સ્નેહાળ ભાઇઓની હૂંફ મૂકી વિદ્યા મેળવવા સુદૂર જઈ રહ્યા હતા. એ વખતે માત્ર કચ્છ-સૌરાષ્ટ્રમાંથી જ નહિ પણ સમસ્ત બ્રાહ્મણ જાતિમાંથી અમેરિકા જનાર તેઓ કદાચ પહેલા જ હશે.

નેપલ્સ સુધીનો પ્રવાસ તે આ સ્ટીમરમાં કરવાના હતા; પછી ટ્રેઇન-રસ્તે રોમ, પારી(સ) અને લંડન જઈ ત્યાંથી અમેરિકાની બીજી સ્ટીમર લેવાના હતા. બીજા વર્ગમાં પ્રવાસ કરવાના હોવા છતાં ખાણા-ની ટિકિટ લીધી નહોતી. ભાતાંના ડબા સાથે લીધા હતા. સ્ટીમરમાં તેમને થર્ડ ક્લાસના પૅસેન્જરોમાં કેટલાક શીખો અને એકબે ગુજરાતી પ્રવાસીઓનો મેળાપ થયો. તેમણે સમજાવ્યું કે માત્ર ભાતાં ખાવાથી તો માંદા પડશો; રોજ સારો ગરમ રોટલો તો જોઇએ જ. શીખો અમેરિકામાં ખેતમજૂરી કરવા જતા હતા તેમણે સાથે દાળલોટ મસાલા-

પાછું ક્યારે? . . . . રસિક ઝવેરી . . . . પારકું!

તારાનું ઝૂંપડું બળી ગયું....

ચાર છોકરાંને એકલાં ઘરે મૂકી, વરલી સીફેઈસ પરના બંગલાઓમાં તારા છૂટાં કામ કરે છે.

વાસણ માંજવાનું અધૂરું મૂકી તારા બેબાકળી દોડી. ઘર અને ઘરવખરીની રાખ જોઇ, છોકરાં ફૂટપાથની રૈયત બની રખડતાં હતાં એટલે બચી ગયાં એનો સંતોષ લઇ, રડતી રડતી પાછી કામે વળી. બાઈ હિંમતવાળી છે. ઝૂંપડું તો કાલ સવારે નવું ઊભું કરશે.

કોઇએ કપડાં તો કોઇએ અનાજ, કોઇએ વાસણકૂસણ તો કોઇએ રોકડ નાણું, એમ બંગલાવાળાઓએ મળીને સહારો કર્યો. તારાનું ઘર હતું એથી સવાયું વસી ગયું. છોકરાં ખુશ છે. નવાં જેવાં કપડાં પહેરી વટથી ફૂટપાથ પર ફરે છે. રમવા માટે થોડાં રમકડાં ય મળ્યાં છે.

છોકરાં માને વારંવાર પૂછે છે: 'હવે આપણું ઝૂંપડું પાછું ક્યારે બળી જશે, મા?'

જૉન, માર્થા અને ડેવિડ શનિવારનો આખો દિવસ અમારાં અતિથિ હતાં. સાતેક વાગ્યે ઘેર જવાની તૈયારી કરી ત્યાં જ વરસાદ શરૂ થયો—લંડનમાં જવલ્લે જ વરસે એવો મૂશળધાર વરસાદ. પછી કરા પડવા લાગ્યા. અમારા આગ્રહને વશ થઈ, ઘેર ફોનથી ખબર કરી અમારે ત્યાં જ રાત રોકાઈ ગયાં.

ડેવિડને સુવડાવી માર્થા ડ્રૉઇંગરૂમમાં આવી. પ્રોજેક્ટર ગોઠવી અમારા સ્કૅન્ડીનેવીઆના પ્રવાસની સ્લાઇડો એમને બતાવવા માંડી. ત્યાં થોડી વારે ડેવિડ આવી લાગ્યો. કહે: 'મા, મને બીક લાગે છે!'

'બીક વળી શાની લાગે, બેટા?' માર્થાએ એને પડખામાં લેતાં પૂછ્યું.

'અંધારાની.'

'અરે ગાંડા, તું તો રોજ અંધારામાં જ સૂએ છે. અંધારાની બીક તો તને કોઈ દિવસ લાગતી નથી!'

'પણ એ તો આપણું અંધારું ને, મા!' ડેવિડે કહ્યું.

ના થેલા ચડાવ્યા હતા અને સ્ટીમરમાં જ સૌની સાથે રસોઇ કરી ખાતા હતા. તેમની સાથે ગુજરાતીઓએ પણ ગોઠવણ કરી લીધી હતી અને તેમની ભલામણથી શીખોએ પોપટભાઇને પણ સાથમાં જમાડવાનું સ્વીકાર્યું. પોપટભાઇએ પોતાના ભાતાના ડબા અને ફળો તેમને સ્વાધીન કરી દીધા. એમ નેપલ્સ પહોંચ્યા પછી તેઓ છૂટા પડ્યા. પ્રવાસમાંથી વખત મળતો તેમ તેઓ વિગતવાર લાંબા પત્રો લખતા તે મુંબાઈના 'ગુજરાતી' સાપ્તાહિકમાં છપાતા અને અમે હોંશેહોંશે વાંચતા. અમેરિકા પહોંચતાં કૉર્નેલ યુનિવર્સિટીમાં તેમને પ્રવેશ મળ્યો.

૨૪ એ સમયના વિચારો

તા. ૩૧ જાન્યુ. ૧૯૧૨: માસ પૂરો થયો. મને પૂર્ણ સંતોષ આપે એટલું કામ નથી કરી શક્યો. ઘણા દિવસોથી કરી રાખેલા સંકલ્પોનો હવે અમલ થવો જોઇએ. સાંજના સમયનો વધારે સારો ઉપયોગ થાય તો સારું. આ જમાનો કેટલો વિચિત્ર છે કે મનુષ્યને વિદ્યા મેળવવા આટલા બધા દ્રવ્યની જરૂર પડે છે! દામ આપીને મેળવેલી વિદ્યામાંથી દામ વસૂલ કરવાની જ ઇચ્છા રહે. જીવનને ઉચ્ચતર અને પરોપકાર-પરાયણ કરવાની તો વાતો જ રહે. વિદ્યાનો ઉપયોગ ઉદરપોષણ અર્થે જરા ય થઈ શકે નહિ, એ સત્ય સમજવાવાળા પ્રાચીન મહર્ષિઓને ધન્ય છે કે જંગલમાં પર્ણકુટી બાંધી લેશ પણ બદલાની આશા રાખ્યા વિના વિદ્યાર્થીઓને અમૂલ્ય વિદ્યા-જ્ઞાન આપતા. એ વિદ્યાઓ જ જગતને કલ્યાણકારી નીવડતી. આજે તો જ્યાં જાઓ ત્યાં પહેલા પૈસા ને પછી વિદ્યા! માણસે શું પૈસા પહેલાં મેળવવા કે વિદ્યા પહેલી મેળવવી! સ્કૂલોનું શિક્ષણ એટલું ફળદાતા થતું નથી તેનું કારણ એ જ કે ઉત્સાહી અને ખંતવાળા વિદ્યાર્થીઓથી દ્રવ્યના અભાવે સ્કૂલોનું ભણતર પૂરું કરી શકાતું નથી અને શ્રીમન્તોના નબીરાઓ સ્કૂલોના બાંકડા ભાંગતા હોય છે. મોટા શિક્ષણપ્રણેતાઓ (ડાયરેક્ટરો) આ બાબતમાં લાગણીપૂર્વક ધ્યાન આપતા નથી એ આશ્ચર્ય છે. દ્રવ્યના સાધન વિના યુવાનો માટે પ્રગતિનાં દ્વાર બંધ રહે તે સ્થિતિ અસહ્ય થવી જોઇએ. કોઈ દાદ સાંભળનાર મળતું નથી. सर्वे गुणाः कांचनम् आश्रयन्ते વાળી વાત ઘણી વાર સત્ય દેખાય છે.

તા. ૪-૨-'૧૨: મુશ્કેલ કામમાં પડ્યા સિવાય આપણી શક્તિની ખબર પડતી નથી, માટે વધારે અઘરું કે કઠણ કામ લેતાં જરા ય ડરવું નહિ; હિંમતથી ઉપાડી લેવું અને પાર લઈ જવું. આશાનો અંત નથી, પણ ખરું જોઇએ તો આશા જ જીવનનો તંતુ છે. કલ્પનામય લાગતી આશાઓ જો પોષાય તો જરૂર ફળીભૂત થાય છે, સ્થૂળ આકાર પામે છે.

તા. ૫-૨-'૧૨: ભાવનગરથી કાકાનો પત્ર આવ્યો કે હું કાકો થયો છું; એટલે કે મારા મોટા ભાઇને ત્યાં પુત્ર-જન્મ થયો છે. ઈશ્વર એને આયુષ્યમાન રાખે.

તા. ૬-૨'-૧૨: સવારમાં ધારેલું કામ કંઈ જ ન થયું. આ શું થાય છે તે નથી સમજાતું. મારો ઉત્સાહ ક્યાં ચાલ્યો જાય છે? ક્લાસમાં પણ બહુ સમય એળે ગયો. સ્કૂલમાં અવ્યવસ્થા બહુ ચાલે છે. શિક્ષકો બેધ્યાન દેખાય છે. સૌને ઇચ્છાનુસાર કામ ચાલુ રાખવાની છૂટ હોવી જોઇએ. સાંજે લૅન્ડસ્કેપ (દૃશ્યચિત્ર) લેવા ગયો પણ કશું કામ થયું નહિ.

તા. ૭-૨-'૧૨: સવારમાં ઊઠ્યો; જરા ય આરામ મળ્યો નહોતો તો ય છૂટકો નહોતો. ભાખરાં ભાંગી શાક બનાવ્યું. કામ શરૂ કરવા ધાર્યું પણ રંગ જામ્યો નહિ. મહાદેવભાઈ પાસેથી આણેલા 'મૉડર્ન રિવ્યૂ'ના જૂના અંક જોયા. જેમતેમ કરી વખત વીતાવ્યો. ખાવાનું સાથે લઇને ટ્રેઇનમાં ચર્ની રોડના બાગમાં ગયો, ત્યાં મનુ તેના ક્લાસમાંથી આવ્યો તેની સાથે ભોજન લીધું.

સ્કૂલમાં બેદરકારીની વ્યાપ્તિ છે. આનું કારણ પ્રિન્સિપલ અને શિક્ષકો વચ્ચેનો ખટરાગ છે. તેઓ બિલકુલ ધ્યાન આપતા નથી. આપસઆપસમાં વાતો કરતા જણાય છે... કેટલાક વિદ્યાર્થીઓને તો આવું ગમતું હતું. વિદ્યાર્થીઓમાં ઉત્સાહ પ્રેરી ઊંચે ને ઊંચે પગથિયે લઈ જવા માટે મુશ્કેલ-વધુ મુશ્કેલ કામ સોંપાતું જાય તો દેશને ઉત્તમ કલાકારો જરૂર સાંપડે. હું થાકી જતો લાગું છું. સમય બચતો નથી. વધારે ખેંચવા જાઉં છું તો તબિયત પર ઘસારો પડે છે...વાયદો કે વચન આપતાં પહેલાં વિચારી જોવું કે તે પાળી શકાશે કે નહિ. જો ન પળાય તો સ્પષ્ટ ના કહી દેવી ઉત્તમ છે. વચન અપાયું હોય તો કોઇ પણ ભોગે પાળવું...મારી ભૂલ કોઈ બતાવે કે મારું કામ કોઇ નાપસંદ કરે તો મારે જરા ય ક્ષોભ પામવાનું કારણ ન હોય. વિશેષ ધ્યાન આપી તે ભૂલો દૂર કરવાનો પુરુષાર્થ કરવો. સ્પષ્ટ અને સાચો અભિપ્રાય આવકારવો. વખાણો આપણી પ્રગતિને બાધક બને છે...

હું બહુ થાકી જાઉં છું. સ્વજનોના વિચારો, ઓરડીની વ્યવસ્થાના વિચારો, ભોજન બનાવવાના સ્થાનની અગવડોના વિચારો. હવે લાગે છે કે મુંબાઇ(તળ)માં રહેવાનું થાય તો બધું કામ કરતાં ય આરામનો સમય પૂરતો રહે.

(ચાલુ)

પિતાની આબરૂ પરનો ડાઘ દૂર થઈ ગયો
વીમાના બે લાખ રૂપિયા પણ મળ્યા
અને હવે વકીલ ગણાત્રાની એ

નવી સેક્રેટરી

ફાંસીને માચડે ચડવા પણ તૈયાર હતી.
પણ શા માટે? ગૌતમને મારવા એ શાથી પ્રેરાઈ?
વકીલ ગણાત્રા એનો ઉકેલ કઈ રીતે લાવે છે?

લેખક · પુષ્કરભાઈ ગોકાણી

ચારુબાલાને વકીલે વર્તમાનપત્ર વંચાવી સમાચાર આપ્યા ત્યારે તે હર્ષાવેશમાં રડી પડી: 'હવે ભલે મને ફાંસી મળે; મારા પિતાની આબરૂ પરનો ડાઘ તો નીકળી ગયો.'

'શા માટે તમને ફાંસી મળે? તમે ગૌતમનું ખૂન કર્યું છે?'

એણે નકારમાં જોરથી ડોકું ધુણાવ્યું, એટલે ચારુ પાસેથી એણે ખૂન નથી કર્યું એની ચોક્કસ ખાતરી કરી વકીલ બહાર આવ્યા. આવતી કાલની તારીખ ૨૩મી જાન્યુઆરી એમના માટે કસોટીની હતી.

એમણે હવે આખા કેસ અંગે વિચારવા માંડ્યું: 'પોલીસે શા માટે ચારુના ઘરની મુલાકાત બીજી વાર લીધી? પોલીસને કોઈએ કંઈ ટિપ આપી હશે? એ કોણ હોઈ શકે? હજુ પિરોજા વિષે પોલીસે ઝાઝી માહિતી આપી નથી. કદાચ એ બધું જાણતી હોય. રેડિયો ઉપર એનાં આંગળાંનાં નિશાન પણ હતાં. ગૌતમે એને રેડિયો ચાલુ કરવા કહ્યું હોય. કૉફી પણ કદાચ એણે બનાવી હશે. અને તો કૉફીમાં એણે કોઈ ઘેનની દવા નાખી હોય એ પણ શકય છે.'

વકીલે તરત જ સતીશને ફોન કરી પિરોજાનું સરનામું મેળવ્યું પણ ત્યાં તો તાળું લટકતું હતું એટલે થોડા દિવસ પહેલાં પોતે અધૂરા મૂકેલા દોર પર તેઓ નેપીઅનસી રોડ પર આવ્યા. એ સમયે લગભગ સાડા પાંચ થયા હતા. એમણે ત્યાં ફરતા એક પોલીસને બોલાવી એના હાથમાં પંદર રૂપિયા મૂકી કહ્યું: 'પેલો આસમાની રંગનો બંગલો દેખાય છે એની આગળ એકાદ કલાક આંટા માર્યા કરજો. એમાં કોણ રહે છે એની ચિંતા ન કરશો. બંગલાનું નામ દારા છે.' પોલીસ દાદા પંદર રૂપિયા ખિસ્સામાં મૂકી ત્યાં ફરજ(!) બજાવવા ઊપડી ગયા.

વકીલ રસ્તાની એક બાજુ પિરોજાની રાહ જોતા ઊભા રહ્યા. થોડીવારમાં એક ટૅક્સીમાં તે દેખાઇ. વકીલે તે ઊભી રખાવી અને અંદર બેસી જઇ બોલ્યા: 'મિસ બલસારા, ત્યાં જવા જેવું નથી. જુઓ પોલીસે ત્યાં દરોડો પાડયો છે. પેલો જમાદાર ચોકી કરતો લાગે છે.' પછી ટૅક્સીવાળાને કહ્યું: 'કાલબાદેવી રોડ, રાઉંડ બિલ્ડિંગ લઈ લે.' પિરોજા કંઈક બોલવા જતી અટકી ગઇ. વકીલે કહ્યું: 'આખરે પેલો પકડાઇ ગયો...'

'કોણ?' પિરોજાએ પૂછ્યું.

'ગૌતમને સાડા સાતે મળવા આવ્યો હતો એ અજાણ્યો શખ્સ.'

'કોન જગદીશ કિ...' એ અટકી ગઈ. વકીલને લાગ્યું કે પોતાની ધારણા સાચી હતી. 'બને જ નહિ' એ બોલી: 'એ તો પૂના છે.'

'હા, ભાઈ હા; એ તો પૂના જ હતા. ગૌતમને મળવા આવ્યા ત્યારે પણ પૂના જ હતા.' કહી વકીલ ખંધુ હસ્યા: 'પિરોજાબાઈ, તમે હવે નાસી શકશો નહિ. બોલો ટૅક્સી પોલીસ સ્ટેશને લેવડાવું?'

'પન...પન કાંય?

'આંખે પાટા બાંધવા રહેવા દો; ગૌતમનું ખૂન તમે જ કર્યું છે.'

'હા, હા, હા...' કરી એ હસી: 'સાડા આઠે ખૂન થયું ત્યારે હું તો પારસી અગિયારીમાં મારા ફ્રેન્ડ્સ સાથે હતી.'

'પણ તમે કૉફીમાં ઝેર નાખી ખૂન કરવામાં મદદ કરી છે તેનું શું?'

'એ ઝેર નહિ હતું. ગૌતમ ઘની વાર ઊંઘવાની ગોલીઓ લેતો...' એ આક્રંદ કરી ઊઠી.

'હા, પણ વધારે પ્રમાણમાં તમે જ એને આપી દીધી છે.'

'નહિ, નહિ; એ દવાથી નથી મર્યો. કોઈએ એનું ખૂન કીધું છે.'

'પણ તમારો એમાં સાથ છે. બોલો કોના કહેવાથી તમે એને ઊંઘવાની ગોળીઓ આપી હતી?'

'મને ખબર હતી કે ચારુ એને મલવા આવવાની હતી, એટલે એની મજાક કરવા મેં એને ઊંઘની ગોલીઓ આપી હતી. તમે હસો છો કેમ? સાચ્ચે જ મારી મુરાદ...'

'એ બધું પોલીસ સ્ટેશને કહેજો.'

'ના, ના. વકીલ સાહેબ,' પિરોજા રડવા લાગી: 'ગૌતમના ચાલી ગયાથી હું ઘની દુ:ખી છું. એને હું ચાહતી હતી. એથી જ એ ચારુને મલે એ મને ગમતું નહોતું.'

પણ વકીલ હવે ફસાય એમ નહોતા: 'તમે જૂઠું બોલો છો, નહિ તો 'દારા' જતાં બીને ટૅકસી પાછી કેમ વળવા દીધી?'

'ખાલી ગભરાટમાં. બાકી તાં તો મારા કાકા રહે છે.'

'તો તમે કેમ જાણ્યું કે જગદીશ પકડાયો હશે?'

એ કંઈ બોલી નહિ, પણ એણે બારણા પર હાથ મૂક્યો. ગણાત્રાએ ઝડપ મારી બારણું બંધ કરી લૉક કરી દીધું.

'ઉતાવળ ન કરો;' એમણે કહ્યું: 'પોલીસ ચોકી હવે બહુ દૂર નથી. બચીને જિંદગી સુધારવી હોય તો તમને હજી તક છે...'

આજે કોર્ટમાં ખૂબ ગિરદી હતી. ગણાત્રાના છેલ્લા વિજયથી લોકો આ કેસમાં ખૂબ રસ લેવા લાગ્યા હતા. વકીલ મસ્લા આજે ખુમારીમાં હતા, કેમ કે પોલીસને પિસ્તોલ મળી આવી હતી. એમણે કોર્ટને વિનંતી કરી: 'કેટલાક અસાધારણ સંજોગોને લીધે અમારે ઈન્સ્પેક્ટર રાઠોડને ફરી સ્ટૅન્ડ પર લેવા પડે છે.'

'મને વાંધો નથી.' ગણાત્રાએ કહ્યું. લોકોને આશ્ચર્ય થયું.

ઈન્સ્પેક્ટરે જુબાની આપી: 'અમને ગુનાનું હથિયાર મળ્યું નહોતું એટલે અમે એ શોધવા પ્રયાસ કર્યો. ચારુબાલાના ઘરની ફરી ઝીણવટથી તપાસ કરતાં માળાની છીંડીમાંથી એક પિસ્તોલ મળી આવી. એના પર કોઈનાં આંગળાંની છાપ નથી, તેમજ એનો નંબર કોઇએ કાનસથી ઘસી નાખ્યો છે. અમે ટેસ્ટ બુલેટ ફોડી ખાતરી કરી છે કે ગૌતમના શરીરમાંથી મળી આવેલી ગોળી એ જ પિસ્તોલમાંથી ફૂટી છે.'

અત્રે મસ્લાએ તે પિસ્તોલ આંક કરવા માટે કોર્ટને આપી. ગણાત્રાએ વાંધો ન લીધો. આ જુબાની અણધારી હતી એટલે લોકોમાં શાંતિ ફેલાઇ ગઇ હતી. પણ ગણાત્રા આ વિષે જાણતા હતા. તેમણે કહ્યું: 'બેલિસ્ટિક એક્સપર્ટ બાબત રાઠોડે જણાવેલી જુબાની સાંભળેલી હોવા છતાં હું પુરાવામાં સ્વીકારું છું. કોર્ટ એ માટે વધુ વખત ન બગાડે'.

મસ્લા પણ વિચારમાં પડી ગયા, હવે ગણાત્રાએ ઊલટતપાસમાં પૂછ્યું: 'તમને કોઈએ ટેલિફોન પર ટિપ આપી એથી તો પિસ્તોલની તપાસ કરવા તમે નહોતા ગયાને?'

રાઠોડ જરા ખમચાઈને બોલ્યા: 'તો પણ શું? તપાસ કરવી એ અમારી ફરજ છે.'

'તમને ફોન કરનારનો અવાજ પુરુષનો હતો કે સ્ત્રીનો?'

'સ્ત્રીનો.'

'એ સ્ત્રી કોણ હતી એ શોધવાનો તમે પ્રયાસ કર્યો?'

'એ જાણી શકાય નહિ.'

'તમે પિસ્તોલ શોધી એ બાબતમાં પંચનામું કર્યું હતું?' 'જી.'

'સૉરી.' મસ્લાએ વચ્ચે કહ્યું: 'નામદાર, આ પંચનામું રેકૉર્ડ પર લેવા મારી વિનંતી છે. મને એમ કે પંચની સાક્ષી લીધા પછી જ એમ કરવું; પણ ગણાત્રાને વાંધો ન હોય તો મને તો ઊલટી ખુશી છે.'

'મને વાંધો નથી.' કહી ગણાત્રાએ ઊલટતપાસ આગળ ચલાવી: 'તમે એ ગોળી બીજી અણઓળખાએલી ગોળી સાથે સરખાવી હતી?'

'નામદાર.' મસ્લા બોલ્યા: 'મારો વાંધો છે. પોલીસ પાસે એવી ઘણી ગોળીઓ હોય. વળી આ કેસ સાથે એને સંબંધ નથી.'

'એ સંબંધ હું જોડી આપીશ, નામદાર. હું બીજી રીતે પૂછું, મિ. રાઠોડ, કે તમે ઇન્દ્રવદન ને ધીરજલાલના શરીરમાંથી મળી આવેલી ગોળીઓ સાથે આ ગોળી તમે સરખાવી જોઈ હતી?' 'હા.'

'એ ઉપરથી તમારા બૅલિસ્ટિક એક્સપર્ટે શો અભિપ્રાય આપ્યો?'

'એ માને છે કે ઇન્દ્રવદનના, ધીરજલાલના અને ગૌતમના શરીરમાંથી નીકળેલી ગોળીઓ એક જ પિસ્તોલમાંથી છૂટી છે.'

'તો પછી એ ઇન્દ્રવદનને અને ગૌતમને મારનાર તથા ધીરજલાલને ઘાયલ કરનાર મારી અસીલ ચારુબાલા જ હોઈ શકે કેમ?'

કોર્ટમાં આ સવાલથી સન્નાટો છવાઇ ગયો. રાઠોડે જવાબ ન આપ્યો. તરત મસ્લા બોલી ઊઠ્યા: 'નામદાર, ધીરજલાલ અને ઇન્દ્રવદન પર પિસ્તોલ ચલાવનારે ચારુબાલાની પિસ્તોલ વાપરી હોય એ ચારુબાલા જાણતી ન હોય. પાછળથી પોતાનું હથિયાર પાછું મળતાં સ્વબચાવ માટે પોતાની પાસે રાખ્યું હોય અને ગૌતમની અઘટિત છૂટ...'

'બસ...બસ.' ગણાત્રા બોલ્યા: 'મેં ઈન્સ્પેક્ટર રાઠોડને પ્રશ્ન પૂછ્યો હતો, આપને નહિ. બોલો ઈન્સ્પેક્ટર...'

'ઇન્દ્રવદનનું ખૂન કરનાર કે ધીરજલાલને ઘાયલ કરનારની પિસ્તોલ કદાચ ચારુને ગૌતમને ત્યાંથી પણ મળી હોય અને સ્વબચાવમાં તેણે ત્યાં જ તેની પર ગોળી ચલાવી, ઘેર આવી, બહાર ગટરમાં પિસ્તોલ ફેંકી દીધી હોય.' રાઠોડે જવાબ આપ્યો.

'એટલે ઇન્દ્રવદનનું ગૌતમે ખૂન કર્યું છે?'

'તે હું કેમ કહી શકું?' રાઠોડે કહ્યું: 'આ તો એક શકયતા છે.'

'થૅંક યુ.' રાઠોડ સ્ટૅન્ડ પરથી નીચે આવ્યા.

સુરેન્દ્ર મહેતાને મસ્લાએ સ્ટૅન્ડ પર બોલાવ્યા. એમણે જુબાની આપી: એ પોતાની ફરજ સમજી ચારુબાલાની બાને આશ્વાસન આપવા ગયા હતા. ત્યાં અચાનક પોલીસ આવી ચડી. પોલીસને પિસ્તોલ મળી આવતાં પંચનામામાં એમને સહી કરવી પડી. ઇન્સ્પેક્ટર જ્યારે તપાસવા આવ્યા ત્યારે એમની પાસે કંઇ નહોતું.

ગણાત્રાએ પૂછ્યું: 'ગૌતમને સૌપ્રથમ મરેલી હાલતમાં તમે જ જોયો હતો ને?' મસ્લાએ આ પ્રશ્ન સામે વાંધો લીધો, પણ ગણાત્રાએ તેનો સંબંધ જોડી આપવાની ખાતરી દેતાં કોર્ટે મંજૂરી આપી.

'હા.'

'એ વખતે તમે અંદર શા માટે ગયા? પોલીસની રાહ કેમ ન જોઇ?'

'કારણ કે લાઈટ ને રેડિયો ચાલુ હતાં.' સુરેન્દ્રે જવાબ આપ્યો.

'રેડિયોમાં શો પ્રોગ્રામ ચાલતો હતો?'

'કોઈ નાટક હતું.'

'તમે પિસ્તોલનો અવાજ સાંભળ્યો હતો?'

'જી, ના. ફક્ત રેડિયો પર એવો અવાજ થયો હતો.'

'કેટલા અવાજ થયા હતા?' 'એક.'

'પણ પાડોશીને તો બે અવાજ સંભળાયા હતા.' 'પાડોશી જયંત દેસાઈએ એમ કહ્યુ હતું. બોલો બે અવાજ થયા હતા કે એક?'

'મને ખયાલ નથી. કદાચ બે અવાજ થયા હોય.' સુરેન્દ્રે જવાબ આપ્યો: 'મારું ધ્યાન ગૌતમ તરફ હતું.'

'તમે હમણાં તો કહ્યુ કે રેડિયો વાગતો હતો માટે તમે બારણું ખોલી અંદર ગયા અને તમને ખબર પણ પડી કે અવાજ કેટલા થયા.'

'બે થયા હતા.'

'ખાતરીથી કહો છો?' 'હા.'

'તો પછી તમે પહેલાં શા માટે ખયાલ નથી એમ કહ્યુ?'

'હવે વિચાર કરતાં યાદ આવ્યું કે બે અવાજ થયા હતા.' સુરેન્દ્રે કહ્યુ.

મસ્લા અધીર થતા હતા: 'નામદાર...' તેમણે કહ્યુ.

'સાહેબ, હવે ફક્ત બે જ પ્રશ્નો છે.' ગણાત્રાએ કહ્યુ: 'મારે સાક્ષીનું પૂર્વગ્રહયુક્ત માનસ બતાવી એનો મુખ્ય તપાસ સાથે સંબંધ જોડવો છે.' પછી સુરેન્દ્ર મહેતા તરફ જોઈને બોલ્યા: 'પણ સુરેન્દ્રભાઈ, મેં અને નીચે રહેતા હસમુખરાય અંબાણીએ તો પ્રોગ્રામમાં એક જ અવાજ સાંભળ્યો હતો, એનું શું? અને રેડિયો સ્ટેશનના ટેઈપ રેકૉર્ડમાં પણ એક જ અવાજ થયો હતો એમ જણાય છે. તો તમે બે અવાજ કયાંથી સાંભળ્યા?'

'બાજુના પાડોશીએ પણ બે અવાજ સાંભળ્યા હતાને?'

'પણ રેડિયો નાટિકામાં ખરેખર એક જ અવાજ થયો અને તમે ને જયંત દેસાઇએ બે અવાજ કેવી રીતે સાંભળ્યા?'

સુરેન્દ્ર મહેતાએ જવાબ ન આપ્યો.

'નામદાર' ગણાત્રા બોલ્યા: 'એનું કારણ હું કહું; એથી સુરેન્દ્ર મહેતા ચારુબાલાને આશ્વાસન આપવા કેમ ગયા એ પણ સમજાશે. પણ વચ્ચે સરકારી વકીલ દખલ ન કરે એ આપ જોશો.'

'તમારી હમણાંની તપાસનો દરેક તબક્કો મારા વાંધાને પાત્ર છે. અને તમે એને સંગત નહિ જણાવો ત્યાં સુધી એનું મહત્ત્વ નથી. તમે મારી બીક વિના જણાવો.'

'તો આખી વાત આમ બની છે' ગણાત્રાએ શરૂ કર્યું: 'ઇન્દ્રવદન સંઘવીની પેઢીએ આયાતનાં લાઇસન્સો તળે દાણચોરી કરી શકાય એવી વસ્તુઓ મંગાવવા માંડી. એની ગંધ આવતાં ધીરજલાલ પેઢીમાંથી છૂટા થયા. ઇન્દ્રવદનને આ બાબતની ખબર જ નહોતી, કેમ કે બહારથી આવતો માલ તરત જ વેચાઈ જતો અને એ બધું સુરેન્દ્ર મહેતા સંભાળતા. ધીરજલાલે આ બધી તરખડમાં નહિ પડતાં છૂટા થવાનું યોગ્ય માન્યું. એનો લાભ લઈ સુરેન્દ્ર મહેતાએ પેઢીને મોટી ખોટ આપી. આ બાબતમાં ઇન્દ્રવદનને ચેતવવા ધીરજલાલે બોલાવ્યા ને સુરેન્દ્ર મહેતા પર આરોપ મૂક્યો, ત્યારે ઇન્દ્રવદન ખિજાઈ ગયા. તેમને સુરેન્દ્ર પર ભરોસો હતો. ધીરજલાલે જ્યારે એમને સુરેન્દ્રનો સાથ ન છોડે તો સતીશનું સગપણ તોડી નાખવાની ધમકી આપી ત્યારે એ ખૂબ ઉશ્કેરાઈ ગયા. એ એમ માનતા હતા કે ધીરજલાલના લીધે જ એમની પેઢીમાં ખોટ આવી છે, એથી એ ગુસ્સે થયા હતા. એવામાં ધીરજલાલે દાણચોરીની વાત પોલીસમાં જણાવવાની ધમકી

આપી. એ સાંભળતાં લૉબીમાં સંતાએલા સુરેન્દ્ર મહેતાએ બારીમાંથી ધીરજલાલ પર ગોળી ચલાવી. એ જોતાં ઈન્દ્રવદને પોતાની પિસ્તોલ કાઢી સુરેન્દ્ર પર ગોળી ચલાવી જે બારસાખમાં ખૂંપી ગઇ. એ પછી ઈન્દ્રવદન ભાગીને ઘેર આવ્યા.

સુરેન્દ્રને બીક હતી એથી એમણે ગૌતમ મારફત ફોન કરાવીને ઈન્દ્રવદનનું ખૂન કરી લાશ આઝાદ મેદાનમાં ફેંકી દીધી. ત્યારથી ગૌતમ સુરેન્દ્રને દબાવતો હતો. એથી સુરેન્દ્રે મિસ પિરોજાની મદદથી ગૌતમને દૂર કરવા વિચારપૂર્વકની યોજના ઘડી. સુરેન્દ્રના સંબંધી વ્રજકાન્ત નાટકો લખે છે. એમની પાસેથી મહેતાએ જાણ્યું કે આજના રેડિયો નાટકમાં હીરો પિસ્તોલથી આપઘાત કરે છે, ત્યારે એમણે એ તક ઝડપી લીધી. કદાચ સુરેન્દ્ર મહેતાના કહેવાથી જ વ્રજકાન્ત મહેતાએ નાટકમાં એ બનાવ મૂક્યો હોય.

ધીરજલાલ શેઠના જમાઈ જગદીશ કિનારીવાલા પણ આફ્રિકાથી આવી સુરેન્દ્રના ધંધામાં જોડાયા હતા. આ વાત આગળ કરી સુરેન્દ્ર મહેતાએ ફરી ધીરજલાલને ભાગીદાર બનવા ફરજ પાડી હતી.

ખૂનની સાંજે ગૌતમને એણે પૈસા આપવાની ના પાડી એટલે ગૌતમે ખૂનની વાત ચારુને કહી દેવાની ધમકી આપી. એથી એ દિવસે સુરેન્દ્ર મહેતાએ પિરોજા મારફત ગૌતમને ઊંઘવાની ગોળીઓ અપાવી બેહોશ બનાવડાવ્યો. ત્યાર પછી એમણે ખૂન કરવા માટેનો તખ્તો ગોઠવ્યો. એમણે ગૌતમને નામે ફોન કરી ધીરજલાલને ત્યાં બોલાવ્યા. સુરેન્દ્ર મહેતાએ વેન્ટીલેશન દ્વારા અંદર જોયું ત્યારે ગૌતમ બેભાન જ હતો, ઘાયલ થયો નહોતો. છતાં એમણે ગૌતમ ઘાયલ છે એમ કહી ધીરજલાલને ફોન કરવા મોકલ્યા. એ દરમિયાન એમણે રેડિયોમાં આવતા નાટકના નાયકનો આપઘાત બરાબર ધ્યાનમાં રાખી ગૌતમ પર પિસ્તોલ છોડી. આ માટે એમણે વ્રજકાન્ત મારફત ટેઈપ રેકૉર્ડ મેળવી આખું નાટક બરાબર સાંભળી ટાઈમ મેળવી લીધો હશે. તેમ છતાં સુરેન્દ્ર મહેતા સહેજ ચૂકી ગયા. પરિણામે તેમણે અને પાડોશી જયંત દેસાઈએ બે અવાજ સાંભળ્યા, જ્યારે રેડિયો નાટક સાંભળનાર બીજા બધાએ – મેં અને નીચે રહેતા હસમુખરાય અંબાણીએ પણ નાયકે પિસ્તોલથી કરેલા આપઘાત સમયે એક જ અવાજ સાંભળ્યો.

સુરેન્દ્ર મહેતાએ કામ પતાવ્યું એ પછી થોડી જ વારમાં ધીરજલાલ, પોલીસ વગેરે આવી પહોંચ્યા, એમના ઉપર કોઈને વહેમ ગયો નહિ કેમ કે એ તો ગૌતમને મદદ કરવા ગયા હતા. આમ એમણે ઈન્દ્રવદનના ખૂનના સાક્ષીને દૂર તો કર્યો, પણ પિસ્તોલ ન મળી આવે તો ચારુબાલા પરનો આરોપ સાબિત થતો નહોતો. એથી એક બાજુ મિસ પિરોજા મારફત પોલીસને ટિપ અપાવી ચારુના ઘરની જડતી લેવડાવી અને બીજી બાજુ ચારુની બાને આશ્વાસન આપવા જવાને બહાને પોતે જ ત્યાં પિસ્તોલ મૂકી આવ્યા. કદાચ એમના આડકતરા કોઇ સૂચનથી જ પોલીસ પિસ્તોલ શોધી શકી હશે. નામદાર, આપ જોઇ શકશો કે મેં મારા પ્રશ્નની સંગતતા આપને બતાવી છે. સુરેન્દ્ર મહેતા ચારુબાલાની બાને આશ્વાસન આપવા નહિ પણ ગુનાહિત માનસથી ત્યાં ગયા હતા એ હવે આપને સમજાયું હશે. એમની પિસ્તોલ ઉપરનો નંબર પણ એમણે જ કાનસથી ઘસી નાખ્યો છે.'

'નામદાર' મલકા બોલ્યા: 'વકીલ ગણાત્રાની વાતો એક કલ્પનાશીલ મગજનો ગપગોળો છે. એના પુરાવા નથી.'

'પુરાવા?' ગણાત્રા તાડૂક્યા: 'પુરાવો નં. ૧) રેડિયો સ્ટેશનથી કરાવેલી ટેઈપ જે વ્રજકાન્ત મહેતાના કબજામાં છે; ૨) જયંત દેસાઈની સાક્ષી; ૩) પિરોજા બલસારાનું લેખિત સ્ટેટમેન્ટ–જે તેણે ન્યાયમાં સહાય કરવા આજે જે. પી. રૂબરૂ આપ્યું છે તે, અને તાજના સાક્ષી બનવાની એની તૈયારી; ૪) જગદીશ કિનારીવાળા ને સુરેન્દ્ર મહેતાનો દાણચોરીનો અડ્ડો જે પોલીસે 'દારા'માંથી પકડવો જોઇએ; અને કદાચ વધારે પુરાવા સુરેન્દ્ર મહેતાના મકાનમાંથી મળી રહેશે.'

સુરેન્દ્ર મહેતા સાક્ષીના પાંજરામાં જ બેસી પડ્યા. એમના મોં પરથી લોહી ઊડી ગયું હતું.

બીજે દિવસે એની બા સાથે ગણાત્રાની ઑફિસમાં આવી ચારુએ હર્ષનાં આંસુ સાથે કહ્યું: 'ગણાત્રા સાહેબ, અમે બંને તમારો ઉપકાર માનવા આવ્યાં છીએ. સુરેન્દ્રે કબૂલાત આપ્યા પછી મને છોડી મૂકી એવી જ આપની પાસે હું આવતી હતી; પણ આપ તો ચાલ્યા ગયા હતા.'

'કોર્ટે જજમેન્ટ આપી દીધા પછી મારી ત્યાં જરૂર નહોતી; અને વળી સતીશ તમારી રાહ જોતો હતો.' કહી વકીલ હસ્યા. ચારુએ લજ્જાથી નીચું જોયું.

'અમારો ક્લેઈમ મળી ગયો છે. અમે આપને પૈસા આપવા...' ચારુની બાએ કહેવા માંડ્યું. પણ ગણાત્રાએ એમને વચ્ચે જ અટકાવી કહ્યું: 'મારી ફી કોર્ટે મને વીમા કંપની પાસેથી અપાવી દીધી છે.'

'પણ હવે...' ચારુ બોલવા જતી હતી ત્યાં ગણાત્રાએ હસીને કહ્યું: 'હા, હું સમજી ગયો. મેં મારી સેક્રેટરી મારા હાથે જ ગુમાવી છે.'

'ના ના, વકીલ સાહેબ, આપ કહેશો ત્યારે હું આપનું કામ કરવા આવીશ. માત્ર આપ રજા આપો તો હું મારો અભ્યાસ પૂરો કરું.'

'તમે ગંભીર કેમ થઈ ગયાં? હું તો મજાક કરતો હતો. તમારો અભ્યાસ રોકવાની મારી ઈચ્છા નથી. ઊલટાનો મારે તમને પગાર આપવાનો બાકી છે...' કહી વકીલે વાતાવરણ હળવું બનાવ્યું.

પછીના દિવસે સતીશ અને ધીરજલાલ શેઠ ગણાત્રાની ઑફિસે આવ્યા. કશી જ પ્રસ્તાવના વિના ધીરજલાલે કહ્યું: 'હું ચારુ સાથેનું સતીશનું સગપણ તોડવા માગતો નથી. એની બાની માફી માગી મીનારખ પહેલાં મારે લગ્ન કરી લેવાં છે. આપ આ બાબતમાં એ બંનેને સમજાવી અમને આભારી કરશો?'

'એમાં આભાર શો?' ગણાત્રા બોલ્યા: 'મને તો એ કામ કરવામાં આનંદ થશે. જો કે કોર્ટમાં મારે આપના જમાઈ વિષે થોડું બદનામીભર્યું બોલવું પડ્યું એનું મને ઘણું દુઃખ છે. પણ શું થાય?'

હવે સતીશે ખુલાસો કર્યો: 'વકીલ સાહેબ, મારા બનેવી જગદીશ કિનારીવાલા તો છૂટી ગયા. વાસ્તવમાં વાત એમ હતી કે આફ્રિકામાં ભારતીય એલચી કચેરીમાં તેઓ કસ્ટમ સી. આઈ. ડી. તરીકે કામ કરતા હતા, અને સુરેન્દ્રને પકડવા માટે જ તેઓ અહીં એમની સાથે ભળી ગયા હતા. આખી બાબત ગુપ્ત રાખવા એમણે અમને પણ વાત કરી નહોતી. ઇન્સ્પેક્ટરે 'દારા'માંથી એમને પકડ્યા ત્યાર પછી અમને ખબર પડી. એમના લીધે આફ્રિકામાં એ રિંગના દાણચોરો પકડાયા છે. સરકારે છાપામાં આ વાતની જાહેરાત થવા દીધી નથી કારણ કે આફ્રિકામાંથી બધા હજી પૂરા પકડાયા નથી. આજે એમને છોડવા બાબતનો વાયર આવ્યો ત્યારે જ અમને ખબર પડી.'

'વાહ, તો તો મારાં અભિનંદન!' વકીલ બોલ્યા.

'અને અમારાં તમને; કેમ કે એ કહેતા હતા કે વકીલ ગણાત્રાએ દાણચોરોને પકડવામાં સહાય કરી છે એ બદલ સરકાર એમને પ્રોત્સાહન તરીકે ઇનામ આપશે.'

'લો, તો હું હમણાં જ ચારુને ફોન કરી બધું પાકું કરી દઉં.' ગણાત્રાએ જણાવ્યું અને ફોન ચાલુ કર્યો: 'હલ્લો! ચારુબાલા કે? હા, હવે મારા ફોનનો કદી ય ચોરીછૂપીથી ઉપયોગ ના કરવો પડે તે માટે સતીશ સાથે......'

સૌ ખડખડાટ હસવા લાગ્યા. (સંપૂર્ણ)

લેખક · ચન્દ્રવદન ચી. મહેતા



પેર્ટન દંપતીની મુલાકાત

વોર્સો, વિયેના તો આપણે ફરી આવ્યા, પણ જર્મનીમાં બર્લિનની બહાર પણ જોવા જેવાં શહેરો છે. એમાં અમે ૧૯૬૫માં એક વહેલી સવારે બર્લિનની બહાર મોટર દોડાવતા ઊપડયા. મજલ લાંબી; છેક ઉત્તરે રોસ્ટોક સુધી જવાનું, અને વચ્ચે એક નાનકડું ગામડું સ્ટ્રાસબર્ગ—ફ્રાન્સનું નહિ, અહીંનું-ત્યાં સાંજે પહોંચી જઇ સોલ્જર ટ નાકાનું નાટક જોવાનું હતું. સડસડાટ મોટર હંકારી, કુદરતને તરછોડી નાસભાગ કરનારાઓમાંના આપણે નહિ. અને વળી યુરોપભરમાં શૉફર એટલે નોકર નહિ, આપણે સાથીદાર જ, આપણી જ સાથે બેસી ખાયપીએ-આપણે ઊતરીએ તે જ હોટેલમાં આપણી બાજુના કમરામાં, એ પ્રકારની વ્યવસ્થાથી હજી આપણે ટેવાયા નથી. આપણે તો હજી રાજા રજવાડા, શેઠ માલિક, માલેતુજાર, અડેખાં-બડેખાંઓની મનોદશામાંથી બહાર નીકળ્યા નથી. પરંતુ ઇંગ્લંડ કે ફ્રાન્સમાં જો સરખેસરખાનો સબંધ હોય તો સામ્યવાદી ઇસ્ટ જર્મનીમાં તો શેઠ-શૉફરનો ભેદ શાનો જ હોય? અને હું વળી શેઠ કઈ પેઢીનો? આ તો સરકારી ટૅક્સી, એટલે આપણે તો શૉફર ભેયા સાથે દોસ્તી જમાવી; એટલે ધાર્યા પ્રમાણે ગાડી હંકાવી, નદી-સરોવરો, ખંડિયેરો, જૂનવાણી કિલ્લા, ઉચ્છેદાએલાં ઉદ્યાનો અને ખળાં થકી ખડકાએલાં ખેતરો તથા એમાં થતી ખેતી જોતા ઊપડયા. મિસ ફિકલરને સમય સાચવવાની ચિંતા, તે બીચારી ઘડિયાળ કાઢી જોયા કરે; પણ હું મારી ગણતરીમાં જરા ઓછો ઊતરું એવો ન હોવાથી બરાબર સાંજે છ વાગ્યે સ્ટ્રાસબર્ગના ગામડામાં હાજર થઇ ગયા.

ત્યાં કંઈ નાટકશાળા તો નહોતી, પણ ગામડાનો ચોરો-ચબૂતરો એનો હૉલ, ત્યાં તકલાદી પરદા બાંધેલા. અમે પહોંચ્યાં ત્યારે હજી તો તૈયારી થઈ રહી હતી, એટલે સામેના એક રસ્ટોરાંમાં અમે દાખલ થઇ ગયાં. ગામડા ગામનું જ હોટેલ. પ્રમાણમાં ચોખ્ખું ખરું. પણ ધૂમ્રપાનના ધુમાડે ભરચક. એકબીજાનાં મોઢાં પણ ન જોઇ શકાય એટલો ધુમાડો, અને થાકેલા ખેડૂતો હાહાઠીઠી કરતા બીઅરના મગો અફાળતા, પેટમાં ઠાલવતા, અધડક-ઉધડકની કંઇક વાતો ડહોળતા હતા. અમારા શૉફર સાહેબને એમની ભાષામાં સમજણ ન પડી, તો મિસ ફિકલરને તો કાનો–માતર પણ ન સમજાય એ દેખીતું હતું. જાણે આપણે ત્યાંના જ ગામડિયા. અંદર ત્રણ જણની એક સાથે જગ્યા નહોતી, તે તરત બીચારા ઊભા થઇ ગયા અને એક ટેબલ ખાલી કરી આપ્યું. બાકીનાઓએ હળવું હસી મીઠું સ્વાગત કર્યું. એક જણાએ બીજી ટોળીને બીઅર પીરસી રહેલી માલિકને અણસારો કરી અમારી તહેનાતમાં હાજર રહેવા સૂચન પણ કરી દીધું. ધુમાડાથી અકળાએલો હું બહાર જવા માગું તો પણ ન ચસી શકું. ભંગાર ઘર, એમાં આ ઓરડો. ખેડૂતોની જ વસ્તી. માંડમાંડ બે-પાંચ દુકાન હતી. ત્યાંથી પરવારી અમે બહાર નીકળતાં હતાં ત્યારે બધા ચપોચપ અમારા માનમાં ઊભા થઇ ગયા. ડોકું નમાવી વિદાય આપી. કાઉન્ટર પર હું પૈસા આપવા ગયો ત્યારે માલિક જર્મનમાં 'માફ કરો, મારા પર એટલી મહેરબાની કરો' બોલ્યો અને બારણા બહાર વળાવવા આવ્યો. હસીને છૂટા પડયો. હજી અજવાળું હતું પાસે ઍંજિનની વ્હિસલ સંભળાઇ એટલે આપણી સવારી ત્યાંનું સ્ટેશન શોધવા ઊપડી. ઘણું નાનું રેલવેનું મથક. ત્રણ ડબ્બાની ગાડી આવી અને ઊપડી. ચારપાંચ જણ ઊતર્યા અને એટલા જ અંદર બેઠા.

અમે દરવાજા બહાર ટહેલતાં હતાં, ત્યાં બે જણા બોલાવવા આવ્યા. રેસ્ટોરાંમાં કેમ ગયા; એમને હૉલ પર પહોંચતાં જરા મોડું થયું; એના માફીખુલાસા પત્યા બાદ અમે હૉલ પર પહોંચ્યાં. ત્યાં અમારે માટે ખાસ ગોઠવણથી યોજેલો નાસ્તો તૈયાર હતો. સાડા સાતે મુખી પટેલ સરપંચ ઊભડભાઈ, થોબડભાઇ, ખોખડભાઇ, ને મલકાજી, ધરમાજી, ઉકાઇ વગેરે ખેડૂ એકઠા થઈ ગયા. પટલાણીઓ પણ એવી જ: આપણને ટીકીટીકીને જુએ અને આપણે હસીએ તો મલકી મલકીને હસે. ભોળીભમ, અડીખમ, રાઠોડી કાયાની બૈયરો. નાટક જૂના લેખક વૉન જ્યૉર્જ કેસરનું. પ્રેન્ઝલો ગામમાં ગુન્ટર આગડે તે ભજવાવે. એ પોતાની ટોળીને ખટારામાં ભરીને અહીં ભજવવા લઈ આવેલો. આગડે કિશોર, ખૂબ જ ઉત્સાહી, જાતે નટ. અહીં પરદા રોશનીની પૂરી સગવડ વિના સારું જમાવી ગયો. એ 'સોલ્જર ટાનાકા' નાટક પૂરું થતાં બહારના ખંડમાં નટનટીઓ તથા પ્રેક્ષકો બેઠાં અને ચર્ચાનો ચોતરો જમાવ્યો.

બુઢ્ઢાથી માંડી નાની બટકબોલી છોકરી પૂછે: 'તમે આમ કેમ કર્યું? તમે આ પ્રમાણે કર્યું હોત તો? અમને આટલું સારું લાગ્યું, આટલું તો બહુ સારું લાગ્યું.' ઠીક પરિસંવાદ–કે જે કહો તે-યોજાયો, અને સૌ કોઈ હસી-રમી છૂટાં પડયાં. ત્યાં મળેલો આગડે ભવિષ્યમાં એક મોટા દિગ્દર્શક તરીકે કીર્તિ સંપાદન કરે તો નવાઇ નહિ. એને ભેટી અમે મોડી રાતે ગાડી રોસ્ટૉક તરફ હંકારી.

રોસ્ટૉક વિષે ૧૯૪૦ની આસપાસ ઘણું સાંભળેલું. બરાબર ઉત્તરે નાકની દાંડી સોંસરવું ડેનમાર્કનું કોપનહાગન બંદર; જમણી બાજુ બાલ્ટિકનો સાગર અને ડાબી બાજુ હામ્બુર્ગનું બંદર. આ બંદરે ઉપર ભારે બોંબમારો થએલો. રસ્તો સપાટ. શોધી એકાદ પણ ડુંગરી ન જડે. નવા બંધાએલા ગામ વચ્ચે થઈ અમે તારાજ થઈ ગએલા બંદરને માર્ગે બેપાંચ માઇલ કાપી, દરિયાકાંઠે સેંકડો નાનાંમોટાં બારકસો ખડકેલાં ત્યાં થોડી નવી બંધાએલી વસાહતમાંના એક હોટલમાં આવી ઊતર્યા. સવારે ઊઠીને જોઇએ તો સામે જ છાતી ઉપર ઊછળતો સાગર! ખુશનુમા હવામાન. વરસાદે બે ઝાપટાં નાખ્યાં ન નાખ્યાં કે તડકો. જર્મનીનો એક મોટો લેખક હાઉપ્ટમાન અહીં પોતાનાં નાટકોના પ્લૉટ ગોઠવવા આવતો અને શાંતિ શોધતો.

બારામાં કિનારે બાંકડાઓની હાર. ક્યાંક એક તો ક્યાંક બે; ક્યાંક તડકે તપતાં તો ક્યાંક અલકમલકની વાતો કરતાં; બાલ્ટિક ઉપરાંતના, અરબ્બી મેડીટરાના, ગ્રીસ બંદરના, પાસિફિક્યા કે ઓતરા

ખંડના દરિયાના અઠંગ ખેડૂઓ બેઠા હોય. 'આઇલૅન્ડ'ને ઇલૅંક કહે, ને મેઇનને માન કહે; મન પણ કહે. એમનું વ્યાકરણ વિશાળ, સાગર જેટલું પહોળું; વાતમાં ઊંડાણ સાગર જેટલું ઊંડું; ને રસની છાલકો સાગરની ઊર્મિ જેટલી ચમકતી ને વિવિધ. ભાષાને કોઇ હદસરહદ નહિ. દરિયો ઊછળે એમ ઊલળે, ને એટલી જ ઠાવકી થઇ મરમરે.

'નાઈન નાઈન, ઈન્ટ ઓ કુંગ... અરે નહિ રે નહિ. હું તો સરકું સાગરમાં, એના પેટાળમાં તરવરું, ને ભર્યા રત્નોમાંથી કંઈક ધમેડી લાઉં.'

'છ: છ: ઈ ગિયો આકાશે, પોંચ્યો નવા ગ્રહની ઝાલર પર અને ઉઠેટી લાવ્યો ધરતીકણ.'

'આદમની વાત સાચી. ધરિયાલાલના પેટાળમાંથી કંઈ લાવે તો ઓલી એની ખુટ્ટી પ્રિયતમાની છાતીએ એ લટકાવે.'

'નાઈન, નાઈન! મંગળનો કે બુધનો ગ્રહ લઇ આવે તો એ એની પ્રિયતમાને ચોટલે ખોસે.'

'હી, હી, હી, હી, હી, હી,!'

'અલ્યા, કેમ હસો છો?'

'હસું નહિ? આપણી પ્રિયતમાઓની હવે તો બાબરી નાની, એમાં આ અલકમલકના આસમાનનો ગ્રહ ખોસવો શી રીતે? એટલે તો આપણો દરિયો જ મુબારક. એ તારાઓ આપણને ફક્ત રાહ બતલાવ્યા કરે એ જ ઠીક છે.'

'તારી પ્રિયતમાની બાબરી નાની હશે. મેં તો પ્રિયતમા શોધી છે માયામી બીચમાં અને બીજી એક મલબાર કાંઠે. એ... વાળ તો ઘૂંટણથી યે નીચે લગના લાંબા, પાછળ ગૂંચળો વાળે ને, તો તું આખો એમાં વિંટાઈ જાય! કંઈ ખબર પણ ન પડે.'

'અલ્યા, તારે બે પ્રિયતમા?'

'બે નહિ, બાર; હૉરોસ્કૉપમાં જેટલા ભાગ, જેટલી રાશિ, એટલા પૃથ્વીના ભાગ. એ દરેક ભાગમાં એકેક. અને ઘરવાળી જુદી!'

'જુદી! અમે આઇસલૅન્ડના નાનસન ને નૂડસનને પૂછશો જ મા.'

'એના કરતાં આ નૉર્વેના કેવા સારા?'

આમ, મૂછો ફંગોળતા જાય, વાટવામાંનો તમાકુ મસળતા જાય અને પાર ન પમાય એવી દડીઓ દોડાવતા જાય!

ત્યાં તો મને શોધતો કોઈ આવી ચડયો. હોટેલમાંથી કહ્યું કે પેલા ઇન્ડિયાના સાહેબ તો દરિયાકાંઠે લટાર મારવા નીકળ્યા છે, તે કોઈ બાંકડે કે રેતીમાં તડકે હાડકાં શેકતા હશે. એટલે ત્યાં આવ્યો, શોધી કાઢયો અને ચિઠ્ઠી આપી. એમાં બીજું કંઈ નહિ: 'હેરન પેર્ટનના સલામ સાથે'. એ વાંચી રહ્યો એટલે પેલા ભાઈએ હાથમાં ફૂલનો ગુચ્છો બઝાડી દીધો. એટલે તો પેલા ખલાસીઓ સળવળી ઊઠયા, ઊભા થઈ 'શેઈકહૅન્ડો' કરી, નાનકડી ટોપીઓ ઉતારી કોઇ અકલાતુની મીઠી જબાનમાં અને રણકદાર અવાજમાં દરિયાનાં જેટલાં મોજાં એટલા સવાલો પૂછી નાખ્યા. એમાં પેલા ભાઈ વળી ટાપશી પૂરતા રહ્યા: 'ટામાટિકાર, ઓઓ...'; 'ક્રિટિકાર...ઓઓ'; 'પ્રોફેસોર...ઓઓ'; 'ઇન્ડીઅન, ઓઓ' 'બૅાગ્ગે ગેસ્ટાર, ઓઓઓ!'

'ગેસ્ટ' સાંભળીને તો ઓઓ વધારે લંબાયું. બહુ ભારે રંગત જામી પડી. ત્યાં ચોપાટી ઉપર જ રેતીમાં નાનકડી સભા જેવું થઈ ગયું. અહીં જરા વાર લાગી એટલામાં ત્યાં જ જરા દૂર ગાડી ઊભી રાખી મિ. પેર્ટન અને એની તંદુરસ્ત તાઝગીદાર અને ખૂબસુરત વહુ અમારી ટોળીમાં આવી ભળ્યાં. મને ક્યાં ખબર હતી કે એ મિ. અને મિસિસ પેર્ટન છે. એમણે વળી જર્મનમાં આ શો મામલો છે એમ નિર્દોષ ચહેરે આ ખલાસી મંડળને પૂછયું, એટલે એમાંના વડાએ એમની રીતે ઓળખાણ પણ આપવા માંડી. લંબાણથી કહ્યા બાદ એણે છેવટે કહ્યું કે કોઈ મિ. પેર્ટને આ સુંદર ફૂલોનો ગુચ્છો મોકલ્યો છે. ત્યારે પેર્ટને જાહેર કર્યું કે તે એ પોતે જ, અને હવે તે આ મહેમાનને લઇ જવા જ આવ્યા છે ત્યારે, જે હસાહસ અને અચંબા–અજાયબીનો નાટક ચાલ્યો છે તે! એમાં કોઇને પેર્ટનને વર્ષો પહેલાં રંગભૂમિ ઉપર જોયાનું યાદ આવતાં વાત વળી ફુલકે ચડી, ફરી હાસ્ય અને ઉમંગમાં ઊછળી, આખરે વિદાયની રીત બોલીમાં વળી.

પેર્ટન એટલે રંગભૂમિનો કામેલ જાણકાર ઈસમ. સાગરકાંઠે રહીને એનું હૈયું પણ એટલું વિશાળ થઈ ગયું હતું. પૂર્વ જર્મનીના નાટકકારોની કૃતિઓ તો ભજવાવે, પણ પોતાની નાટકશાળામાં અને જ્યાં જ્યાં એની હાક ત્યાં ત્યાં, અંગ્રેજી ફિરાંસી અસ્પાનિયા ઇટાલિયન અમેરિકન નાટકકારોની કૃતિઓ પણ ભજવવા પસંદ કરે, ભજવાવે. બહુ જાણકાર અને વળી મિલનસાર માણસ એ. ત્રણચાર દિવસનો એણે જે કાર્યક્રમ ગોઠવ્યો હતો એમાં કુનેહ, દીર્ઘદષ્ટિ અને ચાતુરી દેખાઇ આવતી હતી. કેવળ નાટકો જોવાનાં નહિ, નટનટીઓની કલબમાં ભાષણ, વાર્તાલાપ, જમણ, રૅસ્ટોક બહાર કુદરડી, બારાની મુસાફરી અને બજારમાં પગભટક. બજારમાં ચાલતાં એણે જે બેચાર રહી ગએલાં જૂની બાંધણીનાં ઘરો બતાવ્યાં છે, અને એકમાં તો જૂનવાણી દાદર ચઢાવ્યો છે, તે તો રૅસ્ટોકની સફરની હમેશની તાજી સ્મૃતિ! મજલેમજલે ઇંટોમાં કારીગરી અને સુઘડ ગોઠવણી. વળી ઈંટો જ રંગબેરંગી! એમાંથી ઊભા થતી સુરખી! આ તો રડ્યાંખડયાં બચ્યાં તે ઘરો, તો આ માલેતુજારોનો કહેવાતો મહોલ્લો, તે દરેકના ઘરની રોનક કેવી હશે!

હાન્સ અસલામ પેર્ટને સારી પેઠે દુનિયા જોઈ છે. ખૂણે ખૂણાના નાટકશાળાના સૂત્રધારોને ઓળખે. પોતાની નાટકમંડળીને રૅસ્ટોક બહાર નાટકો કરવા લઈ જાય કે મોકલે. ગૉલ્ડોની, ઈબ્સન, લૉર્કા જેવાનાં નાટકો તો ખરાં, પણ ગોએત્ઝનું ઇગેમાર્ગે અને મોન્ડ, વાઈસનબોર્ન, રાયમાનોવ, પીટરપોન્સ જેવાંની કૃતિઓ પણ ભજવે. ત્યાંની કલબમાં ત્રણ કલાક લાંબું મારું ભાષણ ચાલ્યું. ત્રણ એટલે દોઢ, કારણ એક વાક્ય પૂરું થતાં મિસ ફ્રિકલર એ અંગ્રેજીમાંથી જર્મનમાં અનુવાદે. પછી બીજો એક કલાક પ્રશ્નોત્તર ચાલ્યા, ત્યારે જાણ થઇ કે નટમંડળીમાં અંગ્રેજીના જાણનારા તો ખરા, પણ એમાં ઇટાલિયન, સ્વીડિશ, અમેરિકન ને અસ્પાનિયાના ઉત્સાહી નટો જે અહીંની નાટકશાળામાં તાલીમ અર્થે ભાગ લેવા કોઈ છ મહિના માટે તો કોઈ વર્ષભર માટે આવીને રહ્યા હતા તે પણ હતા. અહીં ખાસ અલાયદી નિશાળ નથી, પણ પેર્ટન જાતે જ એક સંસ્થાસમો. એના સત્સંગમાં કામ કરવાની હોંશ થાય એવો એ ઉસ્તાદ, એવી એની કીર્તિ.

કેટલીક વિદાય ઔપચારિક હોય છે, કેટલીક દંભડોળથી ભરેલી હોય છે, કેટલાક વસમી પણ હોય છે; એનો પણ ઘણાંને અનુભવ થાય છે. આ મીઠી હતી. મીઠાશમાં વસમાપણું હતું, તો પણ એ મીઠી હતી. ફરી નથી જ મળવાના એ જાણવા છતાં વિદાયમાં મીઠાશ હતી. બંને પેર્ટન વરવહુએ પાદર ઉપર ઊભા રહી સજળ અને ભાવભર્યા નેત્રે જે વિદાય આપી એમાં સહૃદયતા ભરી ભરી નીતરતી હતી: 'તમે અમારા મિત્ર છો, અમે તમને સદા યાદ રાખીશું' એવી લાગણીથી અરસપરસનાં અંતર ઊછળતાં હતાં. જતાં કોની સામે આખરની નજર મેળવું? મિત્રલીન અને પેર્ટન ચાર દિવસના ચાંદરણામાં પોતાના વ્હાલસોયા મિત્રને વિદાય આપતાં હતાં. (ચાલુ)

બાળપણથી યુવાવસ્થા સુધીનો આહાર

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

બે વર્ષની વય સુધીની શિશુ-અવસ્થામાં બાળકનાં વૃદ્ધિ અને વિકાસ ઝડપી હોય છે. ત્યાર બાદ તેનાં વજન અને ઊંચાઈ વધતાં રહે છે. બીજા પ્રકારની વૃદ્ધિ પણ થાય છે. તે આ દુનિયામાં જીવતા રહેવાનું શીખે છે, તેના માનસિક ને લાગણીના અનુભવો બંધાય છે, ખાવાની વૃત્તિ અને ખોરાક પરત્વેનાં વલણ બંધાય છે જે જિંદગીભર કાયમ રહે છે.

બે થી પાંચ વર્ષની વય સુધીમાં બાળક માંદગીનું વધુ ભોગ બને છે. આને અને તેના વૃદ્ધિકાળને અનુરૂપ એવા આહારની આયોજનામાં ઊંચા પ્રકારનાં પ્રોટીન, કૅલ્શ્યમ, લોહ ને બધાં આવશ્યક વિટામિનો હોવાં જોઇએ. દાંત આવેલા હોવાથી ઘરમાં સૌને માટે બનાવેલો ખોરાક તેને આપી શકાય છે, પણ તે દૂધના બદલે નહિ પણ દૂધ ઉપરાંત હોવો જોઇએ. આપણાં ઘરોમાં મોટે ભાગે તો બાળક જુવાન ને ઘરડાં સૌને રોજ એક જ પ્રકારનું ખાવાનું હોય છે; ક્દીક કોઈ ફેર હોય છે. સાધન હોય તો ઘી-ખાંડનો વધુ ઉપાડ હોય છે, જે ફાયદો કરવા કરતાં બાળકની આરોગ્યભરી વૃદ્ધિને કથળાવે છે.

બાળકો માટે કૅલ્શ્યમ ને પ્રોટીનોનું એકમાત્ર ને ચોક્કસ સાધન દૂધ છે. નિરામિષાહારી બાળકને રોજ સવાથી દોઢ શેર સુધી દૂધ એકલું કે બીજાં ખાદ્યોની સાથે મળવું જોઇએ. લીલોતરી શાક-પાનમાંથી કૅલ્શ્યમ મળે છે. આ ઉમરે રિકેટ્સ (સૂકતાન) રોગ થતો અટકાવવા વિટામિન 'ડી'ની મોટી અગત્ય છે. આ માટે રોજ થોડી મિનિટો સુધી તેને સૂર્યસ્નાન કરાવવા ઉપરાંત મચ્છીનું તેલ પણ આપવું હિતાવહ છે.

ખાવાનો ઊંચ ન હોય તેમણે લોહ ને પ્રોટીનના સાધનરૂપ ઇંડાં બાળકના આહારમાં રાખવાનાં છે. અનાજ ઉપરાંત શાક-પાન ને ફળો પણ મહત્ત્વનાં છે. તેમાંથી લોહ, તથા 'એ', 'સી' ને 'બી' વિટામિનોનું સારું પ્રમાણ મળે છે. આપણાં બાળકોને જોઈએ તે કરતાં ઓછું વિ૦ 'એ' મળે છે. તેથી તેમને વિ૦ 'એ' ધારક ઘેરાં લીલાં ને પીળાં રંગનાં શાક-પાન ખાસ આપવાં જોઇએ. વિ૦ 'સી'નું પણ આવું જ છે. તે માટે તેમને ખટાશવાળાં ફળ અને ટમેટાં મળવાં જોઇએ.

ઘણાં બાળકોને બધાં શાક ભાવતાં નથી. આ સંબંધી કંઇ કરવું હોય તો તેમને શું ગમે છે અને શા માટે તે જાણવાની જરૂર છે. જોવામાં આવે છે કે બાળકોને શાક-પાન કરતાં બટાટા વિશેષ ભાવે છે. કારણ? ઘણાં ઘરોમાં આ શાક વિશેષ ખવાય છે. આના બદલે જો અવારનવાર લીલોતરી શાક-પાન થતાં હોય તો બાળક તે ખાવા પ્રત્યે વલણ દર્શાવે. અમેરિકી તજ્જ્ઞના કથન મુજબ બાળકોને રાંધેલાં શાક કરતાં કકરું બોલતાં કાચાં શાક ખાવાં વધુ ગમે છે. માબાપ જો મૂળા મોગરી ગાજર કૉબિજ કાકડી ટમેટાં વગેરે કાચાં ખાવાનાં રાખે તો બાળકો પણ એ સારી રીતે ખાશે. રાંધેલાં શાકમાંથી તેમને ક્યાં ગમે છે તે જાણી લેવું જોઈએ.

આપણા કરતાં બાળકોને સ્વાદ અને સોડમની તીવ્ર સમજ છે. કૉબિજ કાંદા મોગરી મૂળા વગેરે શાકની તીવ્ર સોડમ બાળકોને નથી ગમતી. આવું જ કંઈક મેળવણીવાળાં શાકનું છે. તેમને ન ગમતાં બે શાકની જ્યારે મેળવણી હોય ત્યારે તેમને શાક ખાવાનું જરા યે નથી ગમતું. બધાં બાળકોને બધાં શાક ખાવાનાં ગમતાં નથી એવું પણ નથી, પણ ઘણી જાતના શાકમાંથી કોઈ પણ બાળકને કોઈ ગમતું શાક તો મળી આવે છે જ. બાળકને શાક ન ગમે તો ફળ ઉપર પસંદગી ઉતારવી. બે થી ચાર વર્ષની ઉપરનાં બાળકોને ખાટાં ફળ ખાવાં ગમતાં નથી. આવાં ફળનો રસ પાણી ઉમેરી અગર તો તેમાં મધ નાખી આપવાથી તે મઝાથી પીશે.

બે વર્ષની ઉમર બાદ બાળક અગાઉના જેટલું દૂધ પીતું નથી. થોડુંથોડું કરી વધુ વાર દૂધ આપવું. પણ આમ કરવાથી એને ઘણી વાર દૂધ પ્રત્યે અણગમો વધે છે આવા સમયે અગાઉના કરતાં તે અરધું દૂધ પીએ તો બાકીનું પ્રમાણ દહીં છાશ કે પનીરથી પૂરું કરવું.

બાળકોની ભૂખમાં પણ ફેર રહે છે. કોક બાળક ત્રણ ટંક ખાવાથી સંતોષ પામે છે, તો ઘણાં બાળકોને પાંચ-છ વાર ખાવા જોઈએ છે. આમાં સમયની મર્યાદા ને ખાદ્યની જાત જળવાય તો બાળકને માનસિક ને શારીરિક સંતોષ થવા સાથે થાક-કંટાળો લાગતો નથી. બીજાં કારણો કરતાં થાક-કંટાળાથી ભૂખ મરી જાય છે. બાળકને ભૂખ ન લાગી હોય તો તેને મોટા ભાગે થાકેલું સમજવું. આથી તેના ખાવાના સમય એવા જાળવવા કે જેથી થાકના કારણે તેની લાગણીઓ ઉશ્કેરાય નહિ. શાળાએ જતાં બાળકોને આઠ કે નવ વાગ્યે દૂધ કે ફળ આપવું જોઇએ ને બપોરે પ્રોટીનયુક્ત કાચુંકોરું ખાવાનું મળવું જોઇએ.

નાસ્તાની પણ વિવિધ વાનગીઓ છે, પણ નિરામિષાહારી માટે પ્રોટીનયુક્ત નાસ્તાની વાનીઓ આ રહી: મઠિયાં, ચણા ને ઘઉંના લોટની ફરસી પૂરી, મગફળી અને તલની ગોળમાં બનાવેલી ચીકી, ચણાનાં સેવ ને ગાંઠિયા, ઈડલી ને અડદનાં વડાં, સેવ-ઉસળ, ચણાના દાળિયા, શેકેલા મઠ ને ખારા શીંગદાણા.

નાસ્તા દ્વારા બાળકની ખાવાની ટેવ ઉપર મોટી અસર ઉપજાવી શકાય છે. સારા, સ્વાદુ ને વિવિધ ખોરાકથી ઘર આગળ બાળકની ભૂખ સંતોષાય તો તે ધૂળ ને માખીઓથી દૂષિત બનેલો માત્ર કૅલોરી આપે એવો બજારુ ખોરાક ખાવા માટે લલચાતો નથી. ખાવાની ને નાસ્તાની નિયમિતતા અને નિયતકાલિક ક્રમ જળવાય તો બાળકનો સુદૃઢ ઉછેર થાય છે. ગરીબ કરતાં સાધનવાળાં કુટુંબોમાં બાળકોને સારો ખોરાક મળે એ સ્વાભાવિક છે, પણ આ બાબતમાં તો આર્થિક ધોરણ કરતાં માતાના અનુભવ ને જ્ઞાનનું મોટું મહત્ત્વ છે.

કિશોર અને કુમારાવસ્થા

શિશુવય પછી કિશોર અને કન્યા ખૂબ ઝડપથી વધે છે. જિંદગીના કોઈ પણ કાળ કરતાં કિશોર જ્યારે પુખ્ત વયના ઉંબરમાં પ્રવેશે છે ત્યારે તેની પોષણીય જરૂરતો ઘણી વધે છે. સ્ત્રીઓમાં સગર્ભાવસ્થા ને સ્તન્યકાળ દરમિયાન આ સ્થિતિ હોય છે.

તારુણ્ય આવતાં અગાઉ શરીરમાં તેની તૈયારીઓ થાય છે. આ કાળે શરીરની વૃદ્ધિના ઉછાળાને પહોંચી વળવા પુષ્કળ શક્તિની જરૂર પડે છે. આથી શરીરમાં ચરબી રૂપે શક્તિ જમા થાય છે. કિશોરની ઊંચાઈમાં બેત્રણ ઇંચ ને વજનમાં પાંચ-દસ શેરનો વધારો થાય છે. કન્યા પણ ઝડપથી વધે છે પરંતુ તેની ઊંચાઈ ખાસ વધતી નથી. કિશોર કરતાં કન્યાની વૃદ્ધિનો ઉછાળો વહેલો, બાર-ચૌદની ઉમરે થાય છે. આ

સમયે તે કિશોર કરતાં ઊંચાઈમાં વધારે હોય છે. આ પછી કિશોર કન્યા કરતાં ઊંચાઈમાં વધે છે.

વૃદ્ધિ એટલે કેવળ ઊંચાઇમાં વધારો નહિ, પણ તેના કરતાં ઘણું વધારે છે. કિશોરમાં ચરબી ઘટવા સાથે હાડકાં ઘટ્ટ બને છે. માંસ-પેશીઓ કદ ને તાકાતમાં વધે છે, જ્ઞાનતંત્ર સિવાય આખું શરીર કદ અને વિકાસ સાધે છે. આમ કિશોરાવસ્થા ભૌતિક ને શરીરના બંધારણ-ની દૃષ્ટિએ, માનસિક ને સામાજિક દૃષ્ટિએ બોજનો સમય છે. શરીરની ઝડપી વૃદ્ધિ બોજ ને ખેંચ પેદા કરનાર છે. આ વૃદ્ધિનો કાળ ટૂંકો એટલે કે બે-ત્રણ વર્ષનો છે, જ્યારે પકવતા આણનાર બીજા વિકાસ આઠદસ વર્ષ પર્યંત ચાલુ રહે છે.

આ કારણે કિશોર ને કુમારાવસ્થામાં યોગ્ય પોષણની આવશ્યકતા છે. પોષણ-ઘટકોમાં પ્રોટીન, કૅલ્શ્યમ, લોહ, વિ૦ 'એ', વિ૦ 'બી-૧', વિ૦ 'બી-૨', નીઓસીન, વિ૦ 'સી' અને કૅલરીનો સમાવેશ થાય છે. કૅલરીમાંથી શક્તિ મળે છે. ઉમર, શરીરનું કદ શરીરની વૃદ્ધિનો દર ને કોક ઉગ્ર માંદગીની સમારોગ્યતા અનુસાર કૅલરીના પ્રમાણની જરૂરત રહે છે. તરુણ વયમાં આહારના આયોજનમાં કૅલ્શ્યમ ને લોહ-ની જરૂરત ઉપર ખાસ ધ્યાન આપવાનું છે. તારુણ્યમાં પ્રવેશેલી કન્યા-ને કિશોર કુમાર કરતાં લોહધારક ખોરાક વધારે જોઇએ છે. લોહધારક ખાદ્યોમાં ઘઉં, કઠોળ, ઈંડાં, લિવર, મચ્છી, ભાજી, કાકડી, ટમેટાં, ગાજર, મૂળા ને ખારેક વગેરે મુખ્ય છે.

૧૩ થી ૧૫ની વય દરમિયાન વધારે પ્રોટીન, કૅલ્શ્યમ, લોહ રિબો-ફ્લેવિન ને એસ્કૉર્બિક ઍસિડની જરૂરત છે. ૧૬ થી ૧૯ની વય દર-મિયાન ખોરાકના આ ઘટકોની જરૂરત ઘણી વધારે રહે છે. ૧૩ થી ૧૫ની ઉમર દરમિયાન કન્યાઓનો વૃદ્ધિકાળ હોઈ વધારે કૅલરીની જરૂર રહે છે. કન્યા ને કુમાર બંનેને પ્રોટીન, 'બી' વિટામિનો ને વિ૦ 'સી'ની એટલી બધી જરૂર રહે છે કે આ ત્રણ ઘટકોવાળા ખોરાકોમાંથી તેમને મોટા ભાગની કૅલરી મળવી જોઇએ.

૨૦ થી ૨૧ વર્ષના યુવાનની ઊંચાઇ વધતી અટકે છે, પણ માંસ-પેશીઓ હાડકાં ને બીજી પેશીઓ કદ ને કામગીરીમાં વધતી રહે છે. કિશોર-કુમાર વયની તેમની ખાવાની ટેવ બદલાઈ પુખ્ત વયના જેવી બની જિંદગીભર કાયમ રહે છે. આ ઉમરે દૂધનું પ્રમાણ ઓછું-જિંદ-ગીના બીજા દાયકા કરતાં અરધું એટલે બે પ્યાલા જોઈએ. ધંધામાં પડતા યુવાનોની ક્રિયાશીલતા ઘણી ઘટે છે તેથી તેની કૅલરીની જરૂરત પણ ઘટે છે. કુમાર વયની ક્રિકેટ કે ફૂટબૉલ રમવાની ટેવ છૂટયા બાદ વધારેપડતો શક્તિદાતા ખોરાક ચાલુ રાખવાથી શરીરના વજનમાં અનિચ્છનીય વધારો થાય છે. સ્ત્રીઓને ઘર ને કુટુમ્બની જવાબદારી ઉપાડવાની આવે છે. બન્નેએ વજનની નોંધ રાખી ખાવાનું પ્રમાણ જાળવવું. પચ્ચાસ વર્ષની ઉમર સુધી પુરુષનું વજન વધતું રહે છે. કૌમાર્યાવસ્થામાં મોટા ભાગે ઓછું વજન ધરાવતી સ્ત્રીઓનું વજન પુખ્ત વયની જવાબદારીઓ અદા કરવા થોડું વધે એ અગત્યનું છે, પણ એ વધારેપડતું ન થાય એ જાળવવાનું છે.

યુવાન વયની ખાવાની જરૂરતો કિશોર-કુમાર વયના જેટલી જ રહે છે, માત્ર નાસ્તાનું પ્રમાણ ઘટે છે. કોઇ પણ ઉમરે ખોરાક સ્વા-દિષ્ટ હોવા ઉપરાંત આકર્ષક અને પોષણમૂલ્યો ધરાવતો હોવાનું ખાસ જાળવવાનું છે. યુવાનીમાં પ્રવેશેલી વ્યક્તિને બેમાંથી એક પ્રકારનું કામ કરવાનું હોય છે: કાં તો શારીરિક કે માનસિક. શારીરિક કામ ઉપાડનારને વધારે શક્તિની જરૂર રહે છે. આ માટે તેને શક્તિદાતા ખોરાક વધારે જોઇએ. ઘણું-શ્રમભર્યું કામ કરન રને થિયામિન (વિ૦ 'બી-૧')ને એસ્કો-ર્બિક ઍસિડ (વિ૦ 'સી')ના વધારે પ્રમાણની જરૂર રહે છે. શ્રમભર્યું કામ કરનારને વધારે ભૂખ લાગે છે તેથી તેમનો ખોરાક વધારે રહે છે. શુષ્કધાન્યો ને ચરબીમાંથી શક્તિ મળી રહે છે. ગોળમાંથી શક્તિ ઉપ-રાંત લોહ ને બીજાં ખનિજ દ્રવ્યો મળે છે. ભાજી ગાજર ને ટમેટાંમાં પુષ્કળ વિ૦ 'બી-૧' છે. લસણ ને ડુંગળીમાં વિ૦ 'બી' તથા 'સી' સારા પ્રમાણમાં છે. લીંબુ ટમેટાં ને આમળાં વિ૦ 'સી'નાં સારાં સાધનો છે.

શ્રમવર્ગીના આહારમાં ઊંચા પ્રકારનાં પ્રોટીનો ને ચરબી ઓછાં હોય છે. વળી પૂરતા પ્રમાણમાં શાકપાન નથી હોતાં. શ્રમવર્ગીના સંપૂર્ણ આહારમાં ૨૫ ટકા કૅલરી ચરબીમાંથી મળવી જોઇએ, જ્યારે મુંબાઈના કામદારો ૯૧·૬ ટકા કૅલરી શુષ્ક ને શિંબી ધાન્યોમાંથી મેળવતા હોવાનું જોવામાં આવ્યું છે. વળી કેટલાંક વનસ્પતિજ પ્રોટીનો અસંતોષકારક નીવડે છે. બાજરી દાળ ને શાકના ખોરાકના ૧૬ ગ્રામ પ્રોટીનોમાંથી માત્ર સાડા નવ ગ્રામ જ શરીરમાં શોષાય છે, જ્યારે ઘઉંના ખોરાકના ૧૬ ગ્રામ પ્રોટીનોમાંથી ૧૩ ગ્રામ શોષાય છે. પ્રાણિજ ચરબીના ઓછા પ્રમાણ સાથે તેમના આહારમાંની વિ૦'એ' વિ૦'ડી'ને કૅલ્શ્યમની ઊણપો તેમના શરીરમાં ન્યૂનતાજનક રોગનાં લક્ષણો દ્વારા છતી થાય છે. તદુપરાંત તેમની મજૂરી અકાર્યક્ષમ નીવડે છે.

શ્રમવર્ગી કરતાં મગજનું કામ કરનારના ખોરાકની જાત ને પ્રમા-ણમાં ફેર રહે છે. પ્રયોગોથી સાબિત થયું છે કે આરામ કરતાં માન-સિક કામ વખતે શરીરનો વ્યય વધારે નથી હોતો. માનસિક કામગીરી વખતે જીવનક્રિયા(મેટૅબોલિઝમ)ઘણું થોડું વધે છે. શ્રમ કરનારને શક્તિ-દાતા ખોરાક વધારે જોઈએ, તેમ મગજનું કામ કરનાર માટે જરૂરી કોઈ ખાસ ખોરાક નથી. હા, મગજને પૂરતું પોષણ મળતું ન હોય તો તેની પાસેથી સારું કામ લઇ શકાતું નથી. બીજાં અવયવોની જેમ મગજને નિરામય રક્તની પુષ્કળ જરૂર છે. શરીરના બીજા કોઈ પણ ભાગ કરતાં મગજમાં લોહીની સત્ત્વહીનતાની મોટી અસર પડે છે.

વળી, વધારેપડતો ખોરાક પણ માનસિક કામ માટે પ્રતિકૂળ નીવડે છે; કારણ એ વખતે પાચન-અવયવો ઉપર વધારેપડતું કામ આવી પડવાથી ત્યાં વધારે લોહીની જરૂર પડે છે, આથી મગજ માટે થોડું લોહી રહે છે, જેથી મગજનું કામ કરતાં કંટાળો આવવાથી માંડી સુસ્તી ને બેચેની અનુભવાય છે. માટે માનસિક કામ કરનારને સહે-લાઈથી પચે એવો થોડો થોડો ખોરાક બેચાર ટંકમાં ખાવાની હચિ-ન્સનની સલાહ છે. માનસિક કામ કરનાર બેઠાડુ હોવાથી શ્રમ કરનાર કરતાં તેનો ખોરાક થોડો જ હોય. ખોરાકનો આ ઘટાડો ચરબી ને શુષ્ક ધાન્યોમાં થવો જોઇએ, પ્રોટીનોમાં તો નહિ જ. પ્રોટીનોમાં પ્રાણિજ પ્રોટીનની ખાસ અગત્ય છે. પ્રોટીનોના વધારે પ્રમાણની મગજ ઉપર કોઇ ઉત્તેજક અસર છે કે કેમ એનો ચોક્કસ નિર્ણય થતો નથી.

માંદગી કે બીજાં કારણોસર કામકાજ વિનાના આરામના દિવસો-માં ખોરાક ઘણો ઓછો હોવો જોઈએ. આરામ દરમિયાન શરીરના અવયવોની કામગીરી હળવી બને છે, તેથી શરીરમાં ગરમી ને શક્તિની માગ ઘટે છે. આથી જરૂર કરતાં વધારે પ્રમાણમાં શક્તિદાતા ખોરાક ખાધાથી શરીરમાં ચરબી જમા થાય છે. માટે આરામ દરમિયાન સહેલાઈથી પચે એવો સાદો ખોરાક થોડા થોડા પ્રમાણમાં બેચાર વખત લેવાનો છે.

(ચાલુ)

૧૫ ૧૪ માર્ચ ૧૯૬૫

☆ ☆ ડૉ. પ્રહ્‌લાદ ચુ. વૈદ્ય

વહાલાં બાળકો,

આ કાગળ પહોંચશે ત્યાં તો તમારામાંનાં બે જણની પરીક્ષાઓ પૂરી થઈ ગઈ હશે. અહીંની પરીક્ષાઓ અને ત્યાંની પરીક્ષાઓમાં કેટલો બધો ફેર છે! આપણે ત્યાં પરીક્ષા એટલે જીવનના દરેક પાસાની સફળતાની ગુરુચાવી. ઇતિહાસ-ભૂગોળમાં નાપાસ થયા એટલે પરીક્ષામાં નાપાસ થયા અને પરીક્ષામાં નાપાસ એટલે બધા માટે નાલાયક—નોકરી માટે નાલાયક, પરણવા માટે નાલાયક, સમાજમાં માનઆબરૂ માટે નાલાયક...ઘડીભર તો મનમાં એમ થાય કે ઇતિહાસ-ભૂગોળને અને જીવનને એવડો બધો શો સંબંધ છે? આપણે તો જાણે જીવનની રાબડી ક્રિયાઓને પરીક્ષા સાથે સાંધી છે અને પરીક્ષાને ઇતિહાસ ભૂગોળ, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન, ભાષા અને ગણિત જેવા વિષયો સાથે સાંધી છે. જ્યાં પરીક્ષાને આટલું બધું મહત્ત્વ આપ્યું હોય ત્યાં પરીક્ષામાં ચોરી પણ વધી જાય. આમ પરીક્ષામાં થતી ચોરીનું પ્રમાણ અહીં કરતાં ત્યાં ઘણું વધારે છે. પણ અહીં ચોરી કરવાની રીત તથા સમાજની તે પ્રત્યે જોવાની રીત ત્યાંના કરતાં અનોખી જ છે.

પરીક્ષામાં થતી ચોરી માટે અહીં ચીટિંગ (cheating) શબ્દ વપરાય છે. અહીં તેને ચોરી નથી કહેતા, છેતરપિંડી કહે છે. ગયા બુધવારના અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીમંડળના દૈનિક 'એવરગ્રીન'માં સમાચાર હતા કે 'પરીક્ષાની ચોરી નવો વળાંક લે છે.' એ સમાચાર વાંચીને હું તો આભો જ બની ગયો. સીએટલની એક કંપનીએ એક નવું યંત્ર બનાવ્યું છે. આ યંત્ર સિગારેટની ડબ્બીના આકારનું અને ડબ્બી જેવડું હોય છે. તે બૅટરીથી ચાલે છે. એક ટેઈપ પર અગાઉથી પાડેલી ફિલ્મ આ યંત્રની કાચની બારીમાંથી જોઈ અને વાંચી શકાય છે. યંત્રની અંદરના રોલર ઉપર ટેઈપ ફરતી જાય ને ફિલ્મ કરેલાં વાક્યો એક પછી એક વંચાતાં જાય. આ યંત્રનું નામ તો 'પૉકેટ ટ્યૂટર' છે પણ તેનો ઉપયોગ શો થાય તે તો સ્પષ્ટ છે. સ્ટડી-એઈડ પ્રૉડક્ટ્સ લિમિટેડ (અભ્યાસ-મદદનાં સાધનો બનાવનારી પેઢી) નામે એક કંપની આ યંત્ર બનાવે છે. તેની ખુલ્લી જાહેરાત નથી આવતી પણ યુનિવર્સિટી અને કૉલેજોની હોસ્ટેલોમાં વિદ્યાર્થીઓ વચ્ચે પરિપત્ર વહેંચીને જાહેરાત કરવામાં આવે છે. યંત્રની કિંમત ૧૯.૯૫ ડૉલર એટલે ૨૦ ડૉલર જેટલી છે. વળી જાહેરાત પ્રમાણે વધારે ૯.૯૫ ડૉલર આપવાથી સાથે એક કાંડા-ઘડિયાળ પણ મળે અને એ કાંડા-ઘડિયાળ નીચે આ યંત્રની સ્વિચ ગોઠવેલી હોય (સંતાડેલી હોય!) જેથી તમે તમારું કાંડું જરા મચકોડો એટલે સ્વિચ દબાય અને ખિસ્સામાંનું યંત્ર ચાલુ થઈ જાય. જાહેરાત માટે જે પરિપત્ર વિદ્યાર્થીઓમાં વહેંચવામાં આવ્યો છે તેમાં નીચે પ્રમાણે લખેલું છે: 'યંત્રની બારી સામે જોવાથી તમારા પુસ્તકનાં વાક્યો તમારી નજર સામે આવવા લાગે છે અને બીજાને તેની ખબર પડતી નથી. આ રીતે તમે વર્ગમાં પહેલે નંબરે આવી શકો છો!'

આ યંત્ર વિષેનો પરિપત્ર સીએટલના દૈનિક અખબાર 'ડેઈલી નૉર્થ-વેસ્ટર્નર'ના એક ખબરપત્રીની નજરે પડ્યો. તેણે તેમાં દર્શાવેલા સરનામે તપાસ કરી ને યંત્રના શોધક દરેલ માર્કીને શોધી તેની મુલાકાત લીધી. માર્કીએ કહ્યું કે પરીક્ષામાં ચોરી માટે આ યંત્રનો ઉપયોગ થઈ શકે ખરો, પણ મેં કંઈ યંત્ર તે માટે બનાવ્યું નથી. છાપામાં આ વાત પ્રસિદ્ધ થતાં રાજ્યના પોલીસ ખાતાએ માર્કીની પ્રવૃત્તિની તપાસ આદરી છે અને સીએટલના વેપારી મહામંડળે 'આ પ્રવૃત્તિ સીએટલની વેપારી આલમને બટ્ટો લગાડનારી છે' એમ જાહેર કર્યું છે.

આ પ્રસંગથી બે વાત સ્પષ્ટ થાય છે: એક તો પરીક્ષાની ચોરી એ અહીં પણ વ્યાપક છે અને અહીંની યંત્રવિદ્યાની બુદ્ધિ તે માટેનાં યંત્રો શોધવામાં વપરાય છે. બીજી એ કે સમાજમાં વિકૃતિ ઉત્પન્ન થાય ત્યારે તેને દૂર કરવાનાં પરિબળો પણ સમાજમાં ઉદ્‌ભવે છે. આ પરિબળો કેટલાં શક્તિશાળી છે તે પર સમાજની તંદુરસ્તીનો આધાર છે. આપણે ત્યાં પરીક્ષામાં ચોરી તો ખૂબ વ્યાપક છે જ, પરંતુ તે વિકૃતિ દૂર કરવા માટેનાં મજબૂત પરિબળો આપણા સમાજમાં ઉદ્‌ભવે છે ખરાં? આપણાં છાપાં કે વિદ્યાર્થીમંડળો આ બાબતમાં કાંઈ કરે છે ખરાં?

આપણે ત્યાં પૂના પાસે ખડકવાસલા ગામે મિલિટરી ઍકેડેમી—એટલે કે લશ્કર માટેના ઑફિસર તૈયાર કરવાની કૉલેજ છે. દરેક દેશમાં લશ્કર માટે ઑફિસર તૈયાર કરવાની આવી એક ઍકેડેમી હોય છે. અહીંની આવી ઍકેડેમીઓની પરીક્ષાઓમાં હમણાં હમણાં ચોરીના કિસ્સા બહુ વધી ગયા છે અને તે અંગે છાપાંઓમાં ખૂબ ઊહાપોહ થાય છે. છેલ્લે છેલ્લે હવાઈ દળની અહીંની ઍકેડેમીની એક પરીક્ષામાં લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ ચોરીમાં સંડોવાએલા પકડાયા હતા. આ સોમાંથી ત્રીસ તો ઍકેડેમીના ફૂટબૉલના ખેલાડીઓ હતા. લોકોનું માનવું છે કે શૈક્ષણિક લાયકાત થોડી ઘટાડીને રમતગમતના નિષ્ણાત ખેલાડીને પ્રવેશ આપવામાં આવે છે તેનું આ પરિણામ આવે છે!

માનવીના મનની નબળાઈ ગરીબાઈ કે અમીરાઈમાં સરખી જ જોવા મળે છે, તેના આ દાખલા છે. માનવી બધે જ સરખો—તેના સ્વભાવના ગુલાબીપણામાં કે તેના સ્વભાવની નબળાઈમાં. આપણે બીજાના ગુલાબીપણાની નકલ કરીએ અને તેમની નબળાઇ જોઈ આપણામાંથી તે કાઢવાનો પ્રયત્ન કરીએ.

લિ. કાકાના આશિષ

૧૬

૨૧ માર્ચ, ૧૯૬૫

વહાલાં બાળકો,

તા. ૨૦મી બપોરના ૧૨-૦૫ વાગ્યે વસંતઋતુ બેઠી. ત્યાંના સમય પ્રમાણે તા. ૨૦ અને ૨૧ વચ્ચેની મધરાતે ૧૨-૩૫ વાગ્યે વસંતનો આરંભ થયો. આપણે ત્યાં શિયાળામાંથી ક્યારે વસંત શરૂ થાય તેની ખબર પડતી નથી. પણ અહીં તો તેનો ઘણો મહિમા છે. તા. ૨૦મીના છાપામાં પહેલે પાને હેડ લાઈન હતી: બુઢ્ઢા શિયાળાએ કેડો છોડ્યો છે અને વિદાય લીધી છે. વસંતે દોર પોતાના હાથમાં લીધો છે—જીવન અને સુખની ઝાંખી કરાવતી વસંતે.

શિયાળાની કષ્ટદાયક ઠંડીએ વિદાય લીધી અને ખુશનુમા વાતાવરણવાળી વસંત શરૂ થઈ તેની ખુશી તથા ખૂબી અહીં અનુભવવા મળી. ત્યાં બરાબર તે જ અરસામાં ચિ. સ્મિતા તથા ઇલાની પરીક્ષાનો શિયાળો પૂરો થયો હશે અને વૅકેશનની વસંત શરૂ થઈ ગઈ હશે; પણ ચિ. મહેશ, કુમુદ તથા દીનાના પંચાંગમાં અધિક માસની ગણતરીમાં ક્યાંક ફેર પડ્યો હશે એટલે એમનો શિયાળો હજુ ચાલુ છે, પણ તેમની પણ વસંત આવવાની જ છે એ આશાએ શિયાળો કાઢી નાખે.

હમણાં હમણાં અહીં નિગ્રો (હબસી, કાળા)ની નાગરિક હક્કની ચળવળે ખૂબ ધ્યાન ખેંચ્યું છે. ગાંધીજીએ ૧૯૩૦માં અમદાવાદથી દાંડી સુધી પગપાળા કૂચ કરી અંગ્રેજ સરકાર સામે લડવાનો નવો તરીકો બતાવ્યો હતો તે તરીકા પ્રમાણે આજે લગભગ ૫૦૦૦ નિગ્રો

અને તેમના હમદર્દ ગોરાઓ સેલ્માથી મૉન્ટગોમરીની પગપાળા કૂચ કરવાના છે. આ કૂચનો પૂર્વ-ઇતિહાસ જાણવા જેવો છે.

અમેરિકાના દક્ષિણ ભાગમાં આપણા દેશ જેવી આબોહવા છે અને હરિયાળીવાળાં મેદાનો છે, એટલે તે ભાગ ખેતીપ્રધાન છે. જ્યારે યુરોપથી ગોરાઓ વસવાટ માટે અમેરિકા આવ્યા ત્યારે આ મેદાનોમાં મોટી મોટી જમીનો રાખી તેમણે ખેતી શરૂ કરી. પણ તે વખતે કાંઈ આજ જેવાં ટ્રૅક્ટર કે એવાં સાધનો નહોતાં. ઘોડાની મદદથી હળ ચલાવીને ખેતી કરતા. મોટાં મોટાં ખેતરોમાં આવી રીતે ખેતી કરવામાં ઘણા માણસોની જરૂર પડે. યુરોપથી આવેલ લગભગ દરેક માણસ તો પોતાનું મોટું ખેતર લઇને બેઠો હોય, એટલે આવા ખેતમજૂરો લાવવા ક્યાંથી? આ તે સમયે એક મોટો પ્રશ્ન હતો. અને તેનો ઉકેલ આફ્રિકાના બજારમાંથી ગુલામો ખરીદીને તેમણે આણ્યો. તે સમયે સ્પૅનિશ તથા અરબ વેપારીઓ ગુલામોનો મોટો વેપાર ચલાવતા. તેમના આડતિયા આફ્રિકાનાં જંગલોમાં જઈ કાળાં સ્ત્રી-પુરુષોને પકડી લાવે. વેપારી આવા બસો-પાંચસો ગુલામોને ભેગા કરી, વહાણમાં ચડાવી અમેરિકા લાવે અને ત્યાં આવા ખેડૂતોને સારી એવી કિંમત લઈ વેચી દે. પરિણામે અમેરિકામાં જેમ ગોરાઓ વસવાટ માટે આવ્યા તેમ કાળાઓ પણ આવ્યા. ગોરાઓ સ્વેચ્છાએ આવેલા, કાળાઓ અનિચ્છાએ ગુલામ તરીકે આવેલા. વળી દરેક કુટુંબ પાસે ચાર-પાંચ ગુલામ હોય. એટલે થયું એવું કે અમેરિકાનાં દક્ષિણનાં ખેતીપ્રધાન રાજ્યોમાં જેટલા ગોરા વસ્યા, લગભગ તેટલા જ કાળા વસ્યા.

ત્યાર પછી સોએક વર્ષના ગાળામાં તો દુનિયામાં ઘણું પરિવર્તન આવ્યું. તે દરમિયાન માણસને ગુલામ તરીકે ખરીદવા-વેચવા સામે દુનિયાભરમાં નફરતની લાગણી ઊભી થઈ. અમેરિકાના ઉત્તર તરફના ખાણો અને કારખાનાંવાળા ભાગમાં વસતા ગોરાઓને ત્યાં આવા ગુલામોનું પ્રમાણ નહિવત્ હતું. તેમણે ભેગા થઈ અમેરિકામાંથી ગુલામી-નાબૂદીનું આન્દોલન ઉપાડયું અને અમેરિકન પાર્લમેન્ટમાં ગુલામી-નાબૂદીનો કાયદો પસાર કરાવ્યો. પણ દક્ષિણનાં રાજ્યોને આ પસંદ ન આવ્યું. ત્યાંના લોકોએ કાળાને પોતાને ત્યાં હલકા તરીકે રાખેલા તે હવે સરખેસરખા ગણવાનું તેમને કેમ ફાવે? આથી આ કાયદાના વિરોધ તરીકે દક્ષિણનાં રાજ્યોએ નક્કી કર્યું કે આપણે મધ્યસ્થ તંત્રથી અલગ થઇ આપણો જુદો દેશ બનાવવો. આ સામે બાકીનાં બધાં રાજ્યોમાં વિરોધ થયો અને પરિણામે ઉત્તર અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે યુદ્ધ થયું. આ અમેરિકન આન્તરવિગ્રહ વખતે અબ્રાહમ લિંકન પ્રમુખ હતો. તેણે યુદ્ધમાં દક્ષિણનાં રાજ્યોને નમાવ્યાં અને તેમની પાસેથી ગુલામી નાબૂદ કરવાનું અને અમેરિકન મધ્યસ્થ તંત્રમાંથી કદી છૂટા ન પડવાનું કબૂલ કરાવી લીધું અબ્રાહમ લિંકન ગુલામીનો મુક્તિદાતા અને અત્યારના સંયુક્ત અમેરિકાનો પિતા કહેવાય છે.

આમ અમેરિકામાંથી ગુલામી નાબૂદ થઈ અને દક્ષિણનાં રાજ્યોના કાળા ગુલામો સ્વતંત્ર માનવી તરીકે સ્વીકારાયા, છતાં ગોરાનાં મનની કાળા પ્રત્યેની સૂગ એમ જલદી ઘસાઈ ન ગઈ. ચાર-પાંચ પેઢીથી જેને ગુલામ ગણતા હતા તેને હવે બરોબરિયો ગણવાનું મન મનાવતાં પણ ચાર-પાંચ પેઢી નીકળી જાયને? આપણે ત્યાં હરિજનને સરખા હક આપતો કાયદો થયો છે છતાં પણ રૂઢિચુસ્ત લોકોનું માનસ હજુ બદલાયું નથી. આવું જ કાંઈક અહીંનાં દક્ષિણ તરફનાં સાત રાજ્યોમાં અત્યારે પ્રવર્તે છે. એ જ સાત રાજ્યોમાં ગઈ ચૂંટણીમાં ગોલ્ડવૉટરને બહુમતી મળી હતી. આલાબામા આ સાત રાજ્યોમાંનું એક છે. ત્યાં અત્યારે નાગરિક અધિકારો વિષેના સત્યાગ્રહની ચળવળ ચાલે છે.

અમેરિકાના હબસીઓનો નેતા છે માર્ટિન લ્યુથર કિંગ. તે હબસીઓનો ગાંધી કહેવાય છે. હાલની ચળવળ મતાધિકાર વિષેની ચળવળ છે. આપણે ત્યાં ૨૧ વર્ષથી વધુ ઉંમરની દરેકે દરેક વ્યક્તિને મતાધિકાર છે. અહીં એવો દેશવ્યાપી નિયમ નથી; દરેક રાજ્યના જુદાજુદા નિયમો છે. સામાન્યરીતે નિયમો એવા હોય છે કે લગભગ બધાને મતાધિકાર મળે. પણ દક્ષિણનાં આ રાજ્યોએ દેખાવમાં રૂડા લાગે તેવા નિયમ કર્યા છે, પણ પરિણામે હબસીઓને મતાધિકાર ન મળે તેવી ગોઠવણ કરી છે! એક રાજ્યમાં એવો નિયમ છે કે ૨૧ વર્ષની વાંચતાં-લખતાં આવડે તેવી વ્યક્તિને મતાધિકાર. હવે દરેક ગોરાને તો લખતાં-વાંચતાં આવડે, પણ હજુ ગઈકાલ સુધી જે ગુલામ હતા તેમાંના ઘણા કાળાને વાંચતાંલખતાં આવડતું જ નથી. આલાબામા રાજ્યનો એવો નિયમ છે કે ૨૧ વર્ષથી વધુ ઉંમરના દરેકને મતાધિકાર, પણ મતદારે જઇને પોતાનું નામ નોંધાવવું પડે. હવે રાજકીય પક્ષોના ગોરા સ્વયંસેવકો બધા ગોરાનાં નામ નોંધાવી દે પણ કાળાનાં નામ ન નોંધાવે; અને કોઈ કાળો પોતાની જાતે નામ નોંધાવવા જાય તો નોંધવાવાળો કારકુન તેને કલાકો સુધી લાઇનમાં ઊભો રાખે, આજે વખત નથી કાલે આવજો એમ ધક્કા ખવડાવે, એટલે બીચારો કંટાળીને નામ નોંધાવવાની માયા મૂકી દે. આલાબામા રાજ્યની જોહુકમી સામે માર્ટિન લ્યુથર કિંગે લડત ઉપાડી છે. આલાબામાના સેલ્મા ગામની નોંધણી-ઑફિસે યાદીમાં નામ નોંધાવવા કાળાઓની લાઇન ઊભી રહે છે. કારકુન તેમનાં નામ નોંધતો નથી. કાંઈ વાંધો નહિ; આપણે અહીં ઊભા જ છીએ. કોઈ ખાવાપીવાનું આપી જશે તો ઠીક, નહિ તો એમ ને એમ ઊભા છીએ. આવી રીતે આ સત્યાગ્રહની શરૂઆત થઈ.

મૉન્ટગોમરી આલાબામા રાજ્યનું મુખ્ય શહેર છે. આ સત્યાગ્રહ—સેલ્માથી મૉન્ટગોમરીની કૂચ લઈ જવાનું કેમ નક્કી થયું તે આવતે પત્રે.

—લિ. કાકાના આશિષ

બીબ્લીઓફોન

પુસ્તકાલયોમાં પણ હવે યાંત્રિક વ્યવસ્થાએ સ્થાન લીધું છે. હોલાંડની ડેલ્ફટ ટેકનિકલ યુનિવર્સિટીના પ્રોફેસરો અને ઈજનેરોએ એક એવું યંત્ર શોધી કાઢયું છે કે જે વડે પુસ્તકાલયના કોઇ પણ ખૂણામાંના ઘોડા ઉપરથી પુસ્તક ઝડપથી બદલવાના સ્થાને ઊભેલા વાચક પાસે પહોંચી જાય છે. આ નવી પદ્ધતિને બીબ્લીઓફોન ટ્રાન્સપોર્ટ કહે છે. તે દ્વારા પુસ્તકની માગણી કર્યા પછી તે મેળવતાં સરેરાશ ૬૫ સેકંડ લાગે છે. આ નવી પદ્ધતિમાં કર્મચારીઓની સંખ્યા ઓછી જોઇશે, સમય બચશે અને પુસ્તકનો ઉપયોગ ઝડપથી થશે.

નવી શોધો

ℂ બહેરા માણસો 'સાંભળી' શકે એવી ટ્રાન્ઝિસ્ટરવાળી દરવાજાની ઘંટડી બનાવવામાં આવી છે જે દબાવતાં ઘરના બધા ખંડોમાં વીજળી પ્રવાહ ફેલાય છે અને ઘરમાંના બહેરા કે આંધળા માણસના ખિસ્સામાં રાખવામાં આવેલ ટ્રાન્સ્ફૉર્મર તે માણસે ખાસ પહેરેલી વીંટી ઉપર આંદોલન જગાવે છે અને તેને જાણ થાય છે.

ℂ રણમાં અથવા દરિયામાં ખોવાઈ ગએલા માણસને રેડિયો સંજ્ઞા દ્વારા શોધી શકાય તેવું તદ્દન નાનું ખિસ્સા-સાધન બનાવાયું છે, જે દ્વારા ૧૩૦ કિલોમીટર જેટલા વિસ્તારમાં ખોવાએલા માણસ પાસેથી સંજ્ઞા મળી રહે છે. તેને જીવનરક્ષા જાકીટ કે હોડી સાથે બાંધી શકાય છે. માત્ર દોરી ખેંચીને ચાલુ કરી શકાતું આ સાધન ૪૮ કલાક સુધી સંજ્ઞા આપી શકે છે, ને સંજ્ઞાને લીધે રાહત-વિમાન કે જહાજ-વિમાન તેને આંબી શકે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર



કે ૧૯૪૧ માં ૮૦૪

શ્રી હરિશ્ચન્દ્ર ભટ્ટને વિરલ કવિત્વશક્તિ ધરાવનાર તરીકે ગુજરાતે એમના અવસાન પછી લાંબે ગાળે ઓળખ્યા. 'કુમારે' તો એમને ક્યારના યે પરખ્યા હતા. ભાવના, કલ્પના અને શબ્દાવલિમાં વેદમંત્રોનો ખયાલ ઉપજાવતા તેમના આ નીચે ઉતારેલા કાવ્યને, તેના શાલિનીવૃત્તનો પાઠધ્વનિ કેટલો પુષ્ટ કરે છે!

અગ્નિને

હોતા હું પાવકાગ્નિ!
લાવ્યો મારાં કિલ્બિષો, બાળજે તું,
જેવો તારી સાત જિહ્વા થકી તું
હોમાએલું જાય છે સર્વ ભક્ષી.
પૃથ્વીને તું બાળતો સૂર્ય રૂપે;
બાળે, એની ભૂખ વર્ષાની જાગે;
મારામાં યે એમ, ઓ અગ્નિ! જાગો
વર્ષાની એ ભૂખ, જેના થકી હું
અમૃતોની ધાર ઝીલું સહસ્ર,
ઋત્વિજ હું, વરદાગ્નિ!
તારી શક્તિ, તેજ તારાં તું આપ;
માગું તારી ચેતનાના કણો હું
અગ્નિપ્રેર્યા અંતરીક્ષે ય વિશ્વો.
સ્વયંભૂ તું, અગ્નિ, ઓ! પ્રેમીઓના
ચિત્તોમાં તું આવ, પ્રાણે તું આવ.
તારા પ્રેર્યાં અર્થ ને કામ મટે
સંસારે આ છે જ વ્હેવાર સર્વે.
હોમાવાની છે જ કાયા તને આ,
જ્યારે મારી ચેતના સંહરે તું,
એને આજે સકૃતાર્થી બનાવ.
બ્રહ્મા હું, મંગલાગ્નિ!
હૈયે હૈયે હેતના હોજમાં તું,
રાષ્ટ્રે રાષ્ટ્રે તું જ માનવ્ય સાચું;
શોણે આજે શોણિતોની નદીએ
પૃથ્વીને તું ભીંજવે અગ્નિ, પૂછું?
શબ્દોમાં તું વ્યંજના, પ્રેરણા તું,
સૌન્દર્યોમાં જાગતું સત્ય તુંથી,
ચેતનવંતું સૃષ્ટિમાં જે બધું ત્યાં
તારી ઉષ્મા, તેજ તું, તું જ અગ્નિ.
તું છે પેલો ધૂર્જટિ, શિવ તું છે,
જેણે રોળ્યાં ચૌદ બ્રહ્માંડ, અન્તે
પોતાના જે યજ્ઞથી સૃષ્ટિ સર્જે.
તારાં સાતે હાથમાં બાણ લેને
તું રોળીને ચૌદ બ્રહ્માંડ અન્તે
તેવા યજ્ઞે પ્રેર તું માનવોને.

—હરિશ્ચન્દ્ર સ. ભટ્ટ

આજે તો ઘરઘરમાં વાગતા રેડિયો જ નહિ પણ હરતાંફરતાં ગમે ત્યાં પોતાની સાથે ફેરવીને વગાડી શકાતા ટ્રાન્ઝિસ્ટરથી પણ સૌ જાણીતા થયા છે. પણ આજથી પચ્ચીસ વર્ષ પહેલાં તેની શોધ માટેનો વિશદ લેખ 'કુમારે' આપ્યો હતો એમાંથી થોડોક ભાગ ઉતારીએ:

"આપણી હવામાં અનેક પ્રકારના તરંગો રહેલા છે: પ્રકાશના, ગરમીના, વિદ્યુતના. પાણીમાં પથરો ફેંકીએ ને તરંગો ઊઠે તેમ જ એ તરંગો તેમના મૂળ પદાર્થમાંથી પ્રસરે છે.

આમાંના વીજળીના તરંગો વાયરલેસ ટેલિગ્રાફી તથા રેડિયોના કામમાં વપરાય છે. આપણે જાણતા હોઇએ કે નહિ, પણ આપણી આસપાસ એ તરંગો હમેશાં રહેલા જ હોય છે. રેડિયોના બ્રૉડકાસ્ટિંગ સ્ટેશને માઇક્રોફોનમાં કોઈ બોલે કે તરત તેના અવાજના તરંગો વિદ્યુતના તરંગોમાં ફેરવાઈ જાય છે અને તે પ્રસરવા માંડે છે. આપણા ઘરમાં રેડિયો હોય તેનો રિસીવિંગ સેટ એ વિદ્યુત તરંગોને ઝીલીને પાછાં અવાજના તરંગોમાં ફેરવે છે ને આપણે રેડિયો પર બોલનારનો અવાજ સાંભળીએ છીએ. અવાજના એ તરંગો અમુક મર્યાદિત અંતર સુધી જ જઈ શકે, ને કોઈ આડો આવતો પદાર્થ એમની ગતિ રોધી પણ લે. એમની ઝડપનો ઘણો આધાર ઉષ્ણતામાન પર રહે છે; પરંતુ સામાન્યત: એમની ગતિ સેકન્ડના ૧,૧૨૫ ફૂટ લેખાય.

પણ વાયરલેસ કે રેડિયોના તરંગો તો ઘન પદાર્થોમાંથી પણ પસાર થઈ શકે છે. વળી એમની ગતિ તો લગભગ પ્રકાશની ગતિ જેટલી જ—એક સેકંડના ૧,૮૬,૦૦૦ માઈલની હોય છે, અને એક સેકંડમાં તો એ તરંગો આઠ વાર પૃથ્વીની પ્રદક્ષિણા કરી વળે છે.

આથી માઇક્રોફોનમાં બોલાતું કોઈ વ્યાખ્યાન, એના શબ્દોચ્ચારની સાથે જ, એ ખંડને છેડે બેઠેલા સાંભળે તેથી યે કદાચ પહેલાં દૂરદૂરના રેડિયો-શ્રોતાઓ સાંભળી શકે છે!

રેડિયો કાંઈ એક જ માણસની શોધ નથી. તે તો કેટલા યે વૈજ્ઞાનિકોએ કરેલા અથાગ પરિશ્રમના ફળરૂપ છે. સૌપ્રથમ આ દિશામાં લક્ષ દોરનાર વિખ્યાત વિજ્ઞાની માઇકેલ ફેરાડે. ઈ. ૧૮૩૦માં તેણે 'વિદ્યુત ચુંબકીય ઉત્પાદન'-નો નિયમ રજૂ કર્યો. રેડિયોની ઈમારત મૂળ આ સિદ્ધાંત પર ચણાઈ છે.

ત્યાર બાદ ઈ. સ. ૧૮૮૪માં જેમ્સ મૅક્સવેલે ફેરાડેના પ્રયોગોમાંથી ઉદ્ભવતી શંકાઓનું બીજગણિતની મદદથી નિવારણ કર્યું. પછી હાઇન્રિક હર્ત્ઝે એ સિદ્ધાંતોને અનુલક્ષીને પ્રયોગો કર્યા અને એ બિનતારી સંદેશા મોકલવામાં સફળ થયો. વળી તેણે વિદ્યુત-ચુંબકીય મોજાંની લંબાઈ ને ગતિનું માપ કાઢ્યું. છતાં હર્ત્ઝની શોધ માત્ર પ્રાયોગિક દશામાં હતી; માર્કોનીએ તેને વહેવારુ બનાવી.

તે વખતે કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓનું એમ માનવું હતું કે પૃથ્વી ગોળ હોવાથી બહુ દૂર સુધી બિનતારી સંદેશા મોકલવાનું શક્ય બનશે નહિ. પણ જ્યારે ઈ. ૧૯૦૧માં માર્કોનીએ ઍટલાંટિકને પેલે પાર એવો સંદેશો મોકલી એ વિધાન ખોટું પાડયું ત્યારે તેઓએ આંગળાં કરડયાં. માર્કોનીએ તેમને ગણિતશાસ્ત્રની સહાયથી સાબિત કરી બતાવ્યું કે પૃથ્વીની સપાટીથી કેટલેક ઊંચે અમુક પ્રકારના થરો આવેલા હોઇને રેડિયોનાં મોજાંનું પરાવર્તન થાય છે અને તે પાછાં પૃથ્વી પર અમુક અંશનો કોણ રાખીને અથડાય છે; ત્યાંથી ફરીથી તેઓ પરાવર્તિત થઇને આકાશમાં રહેલા થરો પાસે પહોંચે છે અને ફરીથી પરાવર્તિત થઇને પૃથ્વી પર આવે છે. આમ, પૃથ્વીને દરેક છેડે રેડિયોનાં મોજાં પહોંચી વળે છે.

એ સિવાય પણ બીજાં કેટલાંક નામો રેડિયોના જન્મ તથા વિકાસના કારણરૂપ છે. એડવર્ડ હ્યુજિસે ૧૮૭૮માં માઇક્રોફોનની શોધ ન કરી હોત તો આજે રેડિયો હોત કે નહિ એ પણ ન કહી શકાય. એડિસને રેડિયોના 'વાલ્વ' માટે કરેલા પ્રયોગોને 'એડિસન ઇફેક્ટ' કહે છે. તે પછી ૧૮૯૦માં ફ્લેમિંગે 'ડાયોડ વાલ્વ' અને ૧૯૦૭માં ડૉ. લી દ. ફોરેસ્ટે 'ટ્રાયોડ વાલ્વ'ની શોધ કરી રેડિયોના વિકાસમાં વેગ આપ્યો. મેસ્નરે ૧૯૧૩માં 'વાલ્વ આંદોલનોત્પાદક'ની શોધ કરી સારો ફાળો આપ્યો. આમ, રેડિયો અનેકના પ્રયાસના ફળરૂપ ગણાય.

આધુનિક જીવનમાં રેડિયોની શોધે બીજી અનેક શોધોને સ્થાન આપ્યું છે. દરિયાના કોઈ પણ ખૂણે રહેલા જહાજને કે આકાશમાં ભૂલા પડેલા વિમાનને યોગ્ય દોરવણી આપવા ઉપરાંત સ્ટીમરની નીચે દરિયો કેટલો ઊંડો છે તે પણ રેડિયોયુક્ત સ્વયંચાલિત યંત્ર નોંધી બતાવે છે. રેડિયોની સહાયથી ફોટોગ્રાફ, અને ટેલિવિઝન દ્વારા સ્થિર કાર્યક્રમોના હાલતાચાલતા ફોટોગ્રાફ દુનિયાને છેડે મોકલી શકાય છે. બીજી વળી અનેક અદ્ભુત વાતો, રેડિયોની મદદથી ક્રિયામાન થતા 'ફોટો-ઇલેક્ટ્રિક સેલ' વડે શકય થઈ રહી છે. બંધ દ્વાર આપોઆપ ઊઘડી જાય, અમુક નિયત કરેલા સમયે રેડિયો સ્વયં ચાલુ થઇ જાય, અમુક હદ ઓળંગતાં ભયસૂચક ઘંટડી વાગે વગેરે અનેક સ્વયંચાલિત ક્રિયાઓ આ ફોટો-ઇલેક્ટ્રિક સેલ દ્વારા કરી શકાય છે."

—રાજેન મોતીચંદ ઝવેરી

વૃક્ષારોપણનો મહિમા ભારતવ્યાપી તો સ્વરાજ મળ્યા પછી થયો, પણ 'કુમાર'માં વર્ષો પહેલાંથી, 'કચ્છનું સંસ્કૃતિદર્શન' કરાવનાર શ્રી રામસિંહજી રાઠોડે તે કરાવવા માંડેલો. આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના લેખમાં જે બે રસભર્યાં અવતરણો આપેલાં તે જોઇએ:

"જાપાની લોકોને વૃક્ષો પ્રતિ જે અનહદ પ્રેમ અને પૂજ્યભાવ છે તે એ પ્રજાનાં ૫૦૦ વર્ષથી યે જૂનાં લાકડાંનાં મંદિરોથી માંડી આધુનિક બાંધણીનાં તેમનાં ઘરોમાં કલાત્મક રીતે થતા લાકડાંના વપરાશમાં પ્રગટ થાય છે. જાપાનમાં કોઈ એવું ધાર્મિક સ્થાન નહિ હોય જ્યાં સ્થળનું પાવિત્ર્ય ને સૌન્દર્ય વધારવા માટે મનોહર વૃક્ષોની ઝાડી નહિ હોય. પોતે કાંઈ વધારે કીમતી વસ્તુ દેવચરણે ધરાવી શકે એ સ્થિતિમાં નથી એમ સમજી એક જાપાની સજ્જને નિકાના પવિત્ર મહાન દેવમંદિરના પ્રવેશમાર્ગની બંને બાજુએ વૃક્ષો ઉછેર્યાં. ત્રણસો વર્ષ પહેલાંની આ વાત છે. વિશાળકાય ઉત્તુંગ ક્રિપ્ટોમેરિયાનાં વૃક્ષોની ત્રીસ માઈલથી યે વધુ લાંબી એ આકર્ષક વૃક્ષશ્રેણી આજે માનવીય સર્જનોમાં, (તાજમહાલ સિવાયની એ સુંદર અને શ્રેષ્ઠ કૃતિ) ચિરસ્મરણીય ગણાય છે. ભવ્ય અને આહ્લાદક આ વૃક્ષશ્રેણી વૃક્ષજગતનું એક અદ્ભુત અને અપૂર્વ નિર્માણ છે.'



એક એકર જમીનમાં ઉગાડેલાં વૃક્ષો માનવીને કેટલી સમૃદ્ધિ આપે છે તે દર્શાવતો આલેખ.

જાપાનનું સર્વતોમુખી જીવનસાધન

'જાપાનમાં વાંસનું સ્થાન એટલું વ્યાપક છે કે તેના વિનાનું જાપાની જીવન જ કલ્પવું મુશ્કેલ. આ ખડતલ વનસ્પતિના એટલા નાનાવિધ ઉપયોગ ત્યાં થાય છે કે કુદરતની એ માનવજાતને અણમોલ બક્ષિશ બની રહી છે.

ગરીબ લોકોનાં ઘર તો જાણે આખાં ને આખાં જ વાંસનાં બનેલાં હોય છે. અને ત્યાંના વાંસ પણ કેટલી વિવિધ જાત તથા કદના! ઘરના થાંભલા બની શકે તેટલા પહોળા વાંસ પણ ત્યાં થાય છે! ચીરેલા વાંસના અછોલા જમીનમાં ભોંયતળિયે બિછાવવામાં તથા છાપરામાં પીઢડી અને વળીઓની જગ્યાએ વપરાય છે. નાની ચીરીઓ અને છોઇઓને ગૂંથીને ઓરડાની દીવાલો બનાવાય છે.

પણ ઘરની જ વાત ક્યાં કરીએ! નીસરણીઓ બાંધવામાં, ખેતીવાડીનાં સાધનો તેમ જ વાડો બનાવવામાં, વહાણના કૂવાથંભ માટે અને નાનામોટા પૂલ સુદ્ધાં બાંધવામાં પણ વાંસ જ વપરાય છે! વાંસની નાની પાતળી જાતમાંથી બૂંગળીઓ, છત્રીના હાથા ને સળિયા, પીછીઓ અને કલમો, તેમજ દાબડીઓ, સાદડીઓ, પડદા આદિ અનેક ઘરવખરીની નાનાવિધ ચીજો બનાવાય છે.

વાંસની છાલની પાતળી છોઇઓમાંથી ફર્નિચર, ટોપલીઓ વગેરે બને છે. તેના અંદરના ગર્ભને પલાળી, ગૂંદીને તેના માવામાંથી ઊંચી જાતના કાગળ બનાવાય છે. અને આ હજી અધૂરું હોય તેમ વાંસનો ઉપયોગ ખાવામાં પણ કરાય છે! તેની કૂણી કૂંપળો ફૂટતી હોય ત્યારે કાપી લઈ તેનું અથાણું કે કચુંબર કરવામાં આવે છે, અને વાંસનાં બી ચોખાને બદલે ખોરાક તરીકે છૂટથી વપરાય છે. જાપાનમાં તો એક માન્યતા છે કે જ્યારે ચોખાનો પાક પૂરો નથી ઊતરતો ત્યારે કુદરતી રીતે જ વાંસનો પાક મબલખપણે ઊતરે છે અને આને ત્યાંની પ્રજા ઈશ્વરી કૃપા ગણે છે.'

અથાણું

જંગલમાંથી શિકાર કરી પાછા ફરેલા એક શિકારીએ પોતાના તંબૂ પાસે આવતાં પહેલાં એકાએક ત્રીસેક વારના અંતરે જ એક ભયાનક સિંહ જોયો. શિકારીની બંદૂકમાં માત્ર એક જ ગોળી હતી. એણે, સિંહ તરાપ મારે એની રાહ જોઈ, નિશાન લઈ ગોળી છોડી, પણ દુર્ભાગ્યે એ નિશાન ચૂક્યો અને એને પોતાનું મોત પ્રત્યક્ષ દેખાયું. પણ સિંહે એટલો મોટો કૂદકો માર્યો હતો કે શિકારીની પાછળ પંદર ફૂટ દૂરના એક ખાડામાં જઇને એ પડ્યો. આ તકનો લાભ ઉઠાવી શિકારી ભાગી છૂટ્યો.

બીજા દિવસે બપોરે શિકારી તંબૂ પાછળના મેદાનમાં જઈ નજીકથી નિશાન તાકવાની પ્રૅક્ટિસ કરી રહ્યો હતો ત્યારે એણે પાછળ કંઈક અવાજ સાંભળ્યો. પાછળ ફરીને એણે જોયું તો પેલો સિંહ ટૂંકા અંતરના કૂદકાની પ્રૅક્ટિસ કરી રહ્યો હતો।

ત્રણ શાંતિચાહક મિત્રો જગતનાં ગરબડ ને કોલાહલથી કંટાળી શાંતિ મેળવવા હિમાલય પર ગયા અને મૌન ધારણ કરી એકબીજા સાથે પણ વાત નહિ કરવાનો નિશ્ચય કરી રહેવા લાગ્યા. એમ ને એમ એક વર્ષ પસાર થતાં એમાંના એકે મૌન તોડતાં કહ્યું: 'શાંતિ! કેવી સંપૂર્ણ શાંતિ!'

બીજાં પાંચ વર્ષ પસાર થઈ ગયા પછી બીજાએ કહ્યું: 'ખરેખર, કમાલ શાંતિ છે!' એ સાંભળીને ત્રીજા મિત્રે ઊભા થઈ કહ્યું: 'દર પાંચપાંચ વર્ષે જો તમારે આવી જ ગરબડ કર્યા કરવી હોય તો હું બીજે ક્યાંક ચાલ્યો જાઉં!'

લક્ષ્મીનંદન શેઠનો પુત્ર મૅટ્રિક પાસ થઈ કૉલેજમાં દાખલ થયો ત્યારે એક પ્રકાશકના એજંટે શેઠની પાસે આવી કહ્યું: 'શેઠજી, હવે તો આપનો પુત્ર કૉલેજમાં આવી ગયો. એને એક એનસાઇક્લોપીડિયા અપાવી દો.'

'ના, રે ભાઈ, ના. એવા ખોટા ખર્ચા શા કરવા? એ તો પગે ચાલીને જશે. જરા કસરત તો મળે.' શેઠે જવાબ આપ્યો.

નવો માણસ: હું અહીં પ્રામાણિકતાથી જીવન ગુજારવા આવ્યો છું.

પડોશી: સરસ; એ બાબતમાં તમારે અહીં કોઇની સાથે સ્પર્ધા નહિ કરવી પડે.

પતિ: અરે એઇ, પેલું 'સો વર્ષ કેવી રીતે જીવાય?' એ પુસ્તક તેં ક્યાં મૂક્યું?

પત્ની: એ તો મેં મારી પેટીમાં મૂકી દીધું. તમારી બા જોઈ જાય તો પંચાત થઈ જાય ને!

શતરંજ

લેખક · સુરેશ મોદી

છેલ્લી રાષ્ટ્રીય ટુર્નામેન્ટના વિજેતાઓ અને તેઓની એક રમત

આ વર્ષે મદ્રાસમાં રમાએલી શતરંજની ટુર્નામેન્ટમાં પ્રથમ આવનાર રૂસી માદનનો પરિચય તો આપણે કર્યો. એમના પછી બીજા આવનાર મૅન્યુઅલ એરોન પણ શતરંજ-પ્રેમીઓમાં જાણીતા છે. ૧૯૫૯માં દિલ્હીની અને ૧૯૬૧માં હૈદ્રાબાદની રાષ્ટ્રીય ટુર્નામેન્ટોમાં તેઓ પ્રથમ આવ્યા હતા. તે દરમ્યાન તેઓએ મંગોલિયાના મોમો અને ઑસ્ટ્રેલિયાના પર્ડીને હરાવી પહેલી જ વખત ભારતને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં (ઈન્ટર ઝોનલમાં) સ્થાન અપાવ્યું. આ જીતથી તેમને શતરંજની આંતરરાષ્ટ્રીય સંસ્થા તરફથી 'આંતરરાષ્ટ્રીય ઉસ્તાદ' (ઈન્ટરનૅશનલ માસ્ટર)ની પદવી મળી. ૧૯૬૦માં લિપઝિગમાં રમાએલી આંતરરાષ્ટ્રીય ટીમ ટુર્નામેન્ટમાં તેમણે ભૂતપૂર્વ વિશ્વવિજેતા ડૉ. યુવને હરાવી અને બે મહાઉસ્તાદ (ગ્રાન્ડ માસ્ટર) નાજડૉર્ફ તેમજ સ્ટાહ્લબર્ગ સામે ડ્રૉ લઈ સારી નામના મેળવી હતી. ભારત સરકારનો અર્જુન પદક મેળવનાર તેઓ એક જ શતરંજ ખેલાડી છે. આ છેલ્લી ટુર્નામેન્ટમાંના પૂર્વાર્ધમાં તેઓ મોખરે હતા, પણ વચ્ચે તેમણે ઉપરાઉપર ત્રણ રમત ગુમાવી – અબીદઅલી અલવી, ફારૂક અલી અને રૂસી માદન સામે. આ પછી કોઈ સાધારણ ખેલાડી તો આશા ગુમાવી બેસે પણ એરોને પૂરતા ધ્યાનથી રમીને આખરે બીજું ઇનામ મેળવ્યું.

ત્રીજા આવનાર રામચંદ્ર સપ્રેને આજના ભારતમાં શતરંજના ગુરૂ ગણી શકાય. તેઓ જ્યારથી ભારતમાં શતરંજની હાલ જેવી ટુર્નામેન્ટ રમાવી શરૂ થઈ ત્યારથી આગળપડતા ખેલાડી છે. ઈ. સ. ૧૯૫૫માં એલુરૂ ખાતે રમાએલી પહેલી રાષ્ટ્રીય હરીફાઈમાં તેઓ વેન્કટયા સાથે પહેલા ઈનામના ભાગીદાર બન્યા હતા. ત્યાર પછીની લગભગ દરેક ટુર્નામેન્ટમાં તેઓ ઇનામ જીત્યા છે. મુંબાઈમાં તેમનો દેખાવ જોઇએ તેટલો સારો ન હોવા છતાં પહેલા ૧૦માં તો હતા જ. તેઓ ભારત તરફથી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ૧૯૫૫માં તેમજ ૧૯૬૦માં રમી ચૂક્યા છે. વિનમ્ર સ્વભાવના રામભાઉ માટે દરેકને આદર છે.

ચોથા ઇનામના વિજેતા ફારૂક અલીનો પરિચય મુંબાઈમાં રમાએલ ટુર્નામેન્ટમાં તેઓ ચૅમ્પીઅન થયા ત્યારે 'કુમાર'માં આપ્યો હતો. તેઓ હૈદ્રાબાદમાં ત્રીજા, મુંબાઈમાં પહેલા અને હવે મદ્રાસમાં ૪થા ઇનામના વિજેતા રહ્યા છે.

પાંચમું ઇનામ મેળવનાર ડી. વી. રંગારાવ ઘણી વખત આંધ્રના ચૅમ્પીઅન થયા છે. બહારના ખેલાડી તરીકે રમીને કેરળ, મૈસુર અને મહારાષ્ટ્રમાં પણ પહેલાં ઈનામ મેળવ્યાં છે. પણ રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પહેલી જ વખત તેઓ આગળ આવી શક્યા છે. આ વખતે પણ સ્વિસ પદ્ધતિની ખામીને કારણે જ તેઓ આગળ આવી ગયા એમ કહીએ તો ખોટું નથી.

આ ટુર્નામેન્ટમાં સારો દેખાવ આપનાર યુવાન ખેલાડીઓમાં મૈસુરના વજીદ સેટ, મહારાષ્ટ્રના પારેલ, મદ્રાસના સુબ્રહ્મણ્યમ્, હૈદ્રાબાદના ગાલિબ અને મહેરોત્ર વાચ્છા ભવિષ્ય માટે આશા જગાવે છે. તેમાં પણ મૈસુરના વજીદ સેટની શૈલી જોઇને તેને માટે ભાવિ ચૅમ્પીઅનની આગાહી થઈ છે. આવી જ આગાહી ગયે વખતે ગુજરાતના સુરેશ દવે માટે જાગી હતી, પણ તેઓ આ વખતે હરીફાઈમાં ભાગ ન લઈ શક્યા.

ગુજરાતના ખેલાડીઓમાંથી શ્રી ભટ્ટને બે વખત અને મોદીને એક વખત રાષ્ટ્રીય હરીફાઈમાં રમવાનો અનુભવ હતો જ્યારે શ્રી ચિતલે અને કોનુર પહેલી જ વાર રમતા હતા. શ્રી મોદી કુટુંબમાં કોઈની માંદગીને લઇને બે રાઉન્ડ પછી ટુર્નામેન્ટ છોડી ગયા હતા. બાકીના ત્રણેય ખેલાડીને છ છ પોઈન્ટ મળ્યા. પ્રફુલ્લ ભટ્ટે મુંબાઈમાં સાત પોઈન્ટ મેળવ્યા હતા તે જોતાં તેમનો દેખાવ નબળો ગણી શકાય.

ગુજરાતના ખેલાડીઓમાં શ્રી ચિતલેએ સાંગલીના મ્હાઈસ્કર (કે જે ભારત તરફથી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમી ચૂક્યા છે.) અને મદ્રાસના રામચંદ્રનને હરાવીને થોડી આશા જગાડી હતી પણ વધુ આગળ આવી શક્યા ન હતા. ગુજરાતના એક ખેલાડીના શબ્દોમાં જ કહું તો 'ગુજરાતના ખેલાડીઓની મુખ્ય મુશ્કેલી હતી – નજીવી પ્રેક્ટિસ અને ઓછું સૈદ્ધાંતિક જ્ઞાન. એવી ઘણી રમત હું બતાવી શકું છું. જેમાં અમે બે ત્રણ પ્યાદાં આગળ હોવા છતાં ભૂલ કરીને અમારે ડ્રૉથી જ સંતોષ માનવો પડ્યો હતો.' ગુજરાતના શતરંજ એસોશીએશનના કાર્યકર્તાઓ આ ખામીઓ તરફ લક્ષ્ય આપીને ગુજરાતની ટીમને સબળ બનાવી શકે.

વાચકોની જાણ માટે અને યાદ તાજી કરાવવા માટે આજ સુધી રમાએલી રાષ્ટ્રીય ટુર્નામેન્ટના વિજેતાઓનાં નામ નીચે આપ્યાં છે.

વર્ષ	સ્થળ	ચૅમ્પીઅન
૧લી ૧૯૫૬	એલુરૂ	વેન્કટયા અને રામચંદ્ર સપ્રે
૨જી ૧૯૫૭	પૂના	રામદાસ ગુપ્તા
૩જી ૧૯૫૯	દિલ્હી	મૅન્યુઅલ એરોન
૪થી ૧૯૬૧	હૈદ્રાબાદ	મૅન્યુઅલ એરોન
૫મી ૧૯૬૩	મુંબાઇ	ફારૂક અલી
૬ઠ્ઠી ૧૯૬૬	મદ્રાસ	રૂસી માદન

આ વખતની ટુર્નામેન્ટમાં રમાએલી એક રમતનું પૃથક્કરણ આપણે જોઇએ:

એમાં વજીદ સેટ (સફેદ મહોરાં)ને મહમ્મદ હસન (કાળાં મહોરાં) વચ્ચેની એક મઝાની રમત આ સાથે આપી છે.

ઑપનિંગ: કેરોકાન ડીફેન્સ.

1 P–K4, P–QB3; 2 N–QB3, P–Q4; 3 N–B3, P×P; 4 N×P, B–N5, 5 B–B4, P–K3. સફેદ 6 N–K5થી ઊંટ જીતવાની ધમકી આપતો હતો. 6 N–K5 પછી 6..., B×Q રમી શકાય નહિ કારણ કે તેથી 7 B×P mate થાય છે.

6 P–KR3, B×N; 7 Q×B, N–Q2; 8 Q–K2, N–N3. અહીં 8..., N–KB3 ની ચાલ વધુ સારી છે.

9 B–N3, N–B3; 10 P–Q3, B–K2; 11 O–O, Q–B2; 12 P–QR4. જો કાળો વજીર તરફ કિલ્લેબંધી (કૅસલિંગ) કરે તો તે તરફ હુમલો કરવાની પૂર્વ તૈયારી.

12..., O–O; 13 P–KB4, QR–K1; 14 B–Q2, QN–Q4; 15 P–R5! R4 થઇને હાથીને રમતની વચ્ચે લાવવા માટે.

15..., P–K4; 16 P–B5, N–B5; 17 Q–B3, Q–Q2; કાળો સફેદનું એક પ્યાદું મેળવવા માગે છે ને સફેદ તે લેવા દે છે.

18 P–KN4! N×Pch'; 19 Q×N, N×N; 20 B–K3, N–B3; 21 R–B2, P–KN3; 22 R–R4. કાળાએ એક પ્યાદું મેળવ્યું પણ બદલામાં KR પંક્તિ ખુલ્લી થઈ. સફેદના બન્ને હાથી અને વજીર આ પંક્તિ ઉપર દબાણ લાવીને જીતશે.

22..., K–R1; 23 P–N5, N–R4; 24 R–R4, P–B3? આ ભૂલથી અંત વહેલો આવે છે.

25 B–K6! હવે વજીર ચાલે એટલે 26 P×NP, P×P: 27 R×Pch., P×R; 28 Q×Pch., K–N2; 29 Q–R8 mate. હવે કાળા માટે કોઇ માર્ગ જ નથી. એટલે 25..., Resigns.

(શ્રી સાખળકરની નોંધના આધારે.)



માધુકરી

(ઝૂલણા)

દિવસ લાંબા બને વિરહમાં ઝૂરતાં પ્રેમીના દીર્ઘ નિઃશ્વાસ જેવા,
રાત લંબાય છે જેમ આયે જતાં દીપથી આપણા શ્યામ ઓળા.
ભોમ ધૂળે ભરી ગ્રીષ્મ તાપે તપી રુક્ષ કો યોગીના કેશ સરખી,
દિવસભર આભથી નેત્રને બાળતી પીતવરણી રહે આગ વરસી.
ચેન દિવસે નહિ, નિંદ રાત્રે નહિ, હર પ્રહર ચિત્ત વ્યાકુળ કરતો,
અંગને ગાળતો, સ્હેજ સ્હેવાયના, ઊતરતી ગ્રીષ્મનો તાપ વસમો.
(ગુજરાતમિત્ર) —રતિલાલ 'અનિલ'



કાઉન્ટ લ્યૂકનેર, સ્વર્ગસ્થ

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન એક સામાન્ય નૉર્વેજિયન બરછાના ઓઠા હેઠળ દુશ્મનોની અભેદ્ય દરિયાઈ કિલ્લેબંદીમાંથી છટકીને દુનિયાના સાતે સાગરોમાં એકલે હાથે, ને પોતાના સિદ્ધાંત અનુસાર પોતે ડુબાડેલાં ચૌદ ગંજાવર યુદ્ધ-જહાજોમાંના એક પણ માણસનો જીવ લીધા વિના, હાહાકાર મચાવી (જુઓ 'કુમાર' અંક ૮૦, ૮૧ અને ૮૨માં 'દરિયાનો દાનવ') એ માટે પોતાના કટ્ટર દુશ્મનોના મોંએ પણ બે મોઢે પ્રશંસા પામનાર જર્મન નૌ-અફસર કાઉન્ટ ફેલિક્સ ફૉન લ્યૂકનેરનું સ્વીડનમાં માલ્મો ગામે ગયા (એપ્રિલ) માસની ૧૩મી તારીખે ફેફસાંમાં ગાંઠ થવાથી ૮૪ વર્ષની વયે અવસાન થયું. ઈ. ૧૮૮૧માં ડ્રેસ્ડન મુકામે જન્મેલા એ ત્રિદાદિલે બહુ અદના આરંભ કરી, સખત પરિશ્રમથી આગળ વધી, 'સ્ત્રી દાક્ષિણ્ય' અને 'શુદ્ધભાવના'ના મુદ્રાલેખ સાથે જીવનમાં જે લોકચાહના અને માન મેળવ્યાં હતાં એવાં બહુ ઓછાંને મળ્યાં હશે. બે વિશ્વયુદ્ધ વચ્ચેના ગાળામાં પોતાના ટચુકડા જહાજમાં એણે શાંતિના પ્રચારાર્થે હજારો માઈલ દરિયો ખેડ્યો હતો. ઉત્તરાવસ્થામાં પણ એણે એની ગજબની શારીરિક શક્તિ એવી ને એવી જ જાળવી રાખી હતી (જુઓ 'કુમાર' અંક ૪૫૬). ઈ. ૧૯૪૫થી તે સ્વીડનમાં માલ્મો મુકામે વસેલા ને સ્વીડિશ પત્ની પરણેલા. લોકોની જિંદગી બચાવવા માટે વિવિધ રાષ્ટ્રોએ એને અનેક પદકો આપ્યાં હતાં. જગતની અનેક સ્ત્રીસંસ્થાઓ અને માતૃસંસ્થાઓએ પણ એને નવાજ્યા હતા, તથા ખ્રિસ્તસમ્રાટ પોપે એને ખાસ રોમ બોલાવીને બહુ ઊંચા દરજ્જાનો લૅટિન ખિતાબ (જેનો અર્થ 'પરમ દયાળુ વીર' થાય છે તે) આપેલો. ગ્રેટ બ્રિટનનું 'ઇમ્પીરીઅલ ઑર્ડર ઑવ સેંટ જ્યોર્જ'નું ઉમરાવપદ પામનાર એ પ્રથમ જર્મન હતા.

તારા-પરિચય-૫



રૂપછટામાં મૃગ પછી સપ્તર્ષિના તારામંડળને મૂકી શકાય. બહુ પ્રાચીન કાળથી આ તારામંડળ આપણને પરિચિત છે. ઉપર નકશામાં દર્શાવ્યા પ્રમાણે એના તારાઓ આપણા સાત મહાન ઋષિઓ-ક્રતુ, પુલહ, પુલસ્ત્ય, અત્રિ, અંગિરા, વસિષ્ઠ-અરુંધતી અને મરીચિને નામે ઓળખાય છે. ખેડૂતો સપ્તર્ષિને ગાલ્લી(ગાડું) પણ કહે છે. એનું બીજું નામ શિખંડી (મોર) પણ છે. પશ્ચિમમાં એને હળ (Plough) કહે છે. આની સાથે અન્ય કેટલાક તારાઓ જોડાતાં જે તારામંડળ રચાય છે એના આકાર પરથી અંગ્રેજીમાં એનું શાસ્ત્રીય નામ મોટું રીંછ (Great bear Ursa Major) છે.

ક્રતુ અને પુલહને જોડતી રેખાને જો ઉત્તરમાં લંબાવીએ તો એ ધ્રુવતારા પર પહોંચે; એટલે આ બે તારા દર્શક (Pointer) તારા પણ કહેવાય છે. વસિષ્ઠની આંખની પરીક્ષા કરે એવો બાજુમાં એક નાનો ઝાંખો તારો છે; વસિષ્ઠ ઋષિની આદર્શ પત્ની અરુંધતીને નામે એ ઓળખાય છે. નવપરિણીતોને એ આદર્શ દંપતીનું અને અવિચળ મનાતા ધ્રુવતારાનું દર્શન કરાવવાનો આપણે ત્યાં એક રિવાજ પણ છે.

આ સપ્તર્ષિમંડળના જ આકારનું પણ ઊંધું ગોઠવાએલું ને ઓછા તેજસ્વી તારાઓનું એક નાનકડું તારામંડળ ઉત્તરમાં છે. એને ધ્રુવ મત્સ્ય કહે છે. એની પૂછડીનો છેલ્લો તારો બરાબર દર્શક તારાની રેખામાં છે. એ જ છે ધ્રુવતારો. એનું નામ ઘણું જાણીતું હોઈ એ બહુ વિશિષ્ટ દેખાવનો તારો હશે એવી સહેજે કલ્પના થાય પણ એ બહુ તેજસ્વી દેખાતો નથી. આપણાથી ૪૫૭ પ્રકાશવર્ષ એ દૂર છે. વળી, એ એકાકી તારો નથી પણ યુગ્મ તારક (જોડિયો તારો) છે. અને એ ધ્રુવતારાનું સ્થાન પણ અધ્રુવ છે. બે લાખ વર્ષ પછી સપ્તર્ષિનો આકાર પણ આજે છે એવો નહિ રહે. પરંતુ એનાથી લગભગ ઊલટો બની રહેશે.

અમદાવાદના મિનારા કેમ હાલે છે?


અમદાવાદની મસ્જિદોના મિનારાને સૌથી ઉપલા માળની બારી આગળથી જરા હલાવીએ તો હાલે છે, એવો અનુભવ ગઈ સદીના ઘણા યુરોપીય વિદ્વાનો અને પુરાવિદોને થયો હોવાનું નોંધાયું છે. આ પ્રકારનો સૌથી પ્રથમ અનુભવ સર્વેયર જનરલ કર્નલ મૉનિયર વિલિયમ્સને થયો હતો. તેમણે ૧૮૦૮–'૯માં અમદાવાદની મુલાકાત લીધી ત્યારે શહેરની ઘણી મસ્જિદોના મિનારા ઊભા હતા. તેમણે પોતાની પ્રવાસનોંધમાં નોંધ્યું હતું કે 'આ મકાન (જુમ્મા મસ્જિદ) માં ખાસ નવાઈની બીના એ છે કે મકાનની વચમાં ઊભેલા મિનારાના ઉપલા છજાને જરા હલાવતાં ગતિ પેદા થાય છે...જુમ્મા મસ્જિદના મિનારા બીજી મસ્જિદોના કરતાં વધારે હાલે છે. અને બીજી (રાજપુરની) મસ્જિદની પેઠે એક મિનારામાંથી બીજામાં ગતિ જાય છે. ખરેખર, અમે શહેરમાં અને બહાર બધા મિનારાઓની જોડીઓમાં આ અખતરો કર્યો અને એ જ પરિણામ આવ્યું! એકના હાલવાની ગતિ બીજામાં જાય છે તે વચ્ચેની અગાશીમાંથી જતી હોય એમ ધારી હું બન્ને મિનારાની વચ્ચે સૂઈ રહ્યો અને બીજા માણસોએ મિનારા હલાવ્યા, પણ મને કંઈ ગતિ માલૂમ પડી નહિ.'

મૉનિયર વિલિયમ્સના આ અનુભવ ફ્રિન્ડલેએ પણ નોંધ્યો છે, જેનો ઉપયોગ ત્યાર બાદ ડોસાભાઈ એદલજીએ પોતાના અંગ્રેજી પુસ્તક 'હિસ્ટરી ઑવ ગુજરાત'માં નવાબઅલી અને સેડને 'સપ્લીમેન્ટ ટુ મીરાતે એહમદી'માં તથા ફૉર્બ્સ, ફર્ગ્યુસન, બર્જેસને કઝિન્સે પોતાના સ્થાપત્ય-વિષયક ગ્રંથોમાં કર્યો છે. મૉનિયરના ઉપર્યુક્ત અનુભવને કઝિન્સે રેલવે સ્ટેશન પાસેની સીદી બશીરની મસ્જિદના મિનારાની પોતે લીધેલી જાતતપાસ દ્વારા મહોર મારી છે.

પહેલાંના સમયમાં ગુજરાતમાં ધરતીકંપ બહુ થતા. એટલે જાહેર મકાનોમાં ધરતીકંપની ઓછામાં ઓછી અસર થાય એવું કંઈક શોધી કાઢવાનો પ્રયત્ન મુસ્લિમ બાંધકામના સમયમાં થયો હોવો જોઇએ. પરિણામે ધરતીકંપના હળવા આંચકા મિનારા ખમી શકે તેવી રચના ગુજરાતના તત્કાલીન સ્થપતિઓએ કરી. તેમ છતાં આ રચના ધરતીકંપના ભારે આંચકા ખમી શકે તેવી સુદૃઢ ન હતી તેથી ઇ. ૧૮૧૯ના ભારે ધરતીકંપમાં અમદાવાદની ઘણી મસ્જિદોના મિનારા તૂટી પડ્યા.

બાંધકામને ધરતીકંપના હળવા આંચકાથી અલિપ્ત રાખવા માટે કેવા પ્રકારની રચના અનિવાર્ય બને તે સમજવા મિનારાનું સ્થાપત્યકીય સ્વરૂપ સમજવું પડશે. પાયાથી તે મસ્જિદના છજ્જાવાડ સુધી મિનારા મસ્જિદ સાથે જોડાએલો ભાગ છે. પરંતુ તે પછી ઉપરના ભાગે થતી માળયોજના મુક્ત છે. એટલે તેના ઉપરનાં એક, બે, ત્રણ, ચાર, કે તેથી વધુ માળને એકબીજા સાથે જોડનાર સાંધામાં જો કોઈક યુક્તિ સાધવામાં આવે તો ઉપરના ભાગ ધીમી ને નરમ ગતિ પામી શકે છે.

અહીં એક મુદ્દો એ ધ્યાનમાં રાખવા જેવો છે કે સૌથી ઉપરના માળે જઇ વ્યક્તિ મિનારો હલાવે તો જ હાલે, અન્યથા નહિ. આની પાછળ 'સમતુલા ભારવહન'નો સિદ્ધાંત (રૂલ ઑવ ઈક્વીલિબ્રિયમ) કામ કરે છે. સમગ્ર મિનારાનો (બીજી ઘણી ઈમારતોમાં હોય છે તેમ) ભાર કેન્દ્રવર્તી હોય છે. આથી ગતિ પામતા વિભાગોનો ભાર પરસ્પર



આકૃતિ-૧ આકૃતિ-૨

કેન્દ્રવર્તી રહે તે અનિવાર્ય છે. અને તેથી સૌથી ઉપરનો વિભાગ (આકૃતિ ૧-અ) હલાવવામાં આવે તો નીચેનો વિભાગ (બ), (અ) વિભાગની તદ્દન વિરુદ્ધ દિશામાં ગતિ કરશે અને પરિણામે (બ) ની ગતિની વિરુદ્ધ પણ (અ) ની ગતિની સમાંતરે સમાન દિશાએ વિભાગ (ક) ગતિશીલ બનશે. આમ દરેક વિભાગ (અહીં માળ) કેન્દ્રવર્તી ભારવહનના સિદ્ધાંતનો અમલ કરે છે. (આકૃતિ ૨) મિનારાનો દરેક માળ. આ સિદ્ધાંત મુજબ વર્તવાને માટે, બહારની રચના પરત્વે મિનારાના માળો પરસ્પર જોડાએલા હોવા છતાં આંતરરચનાની બાબતમાં એક બીજાથી તદ્દન અલગ-છૂટા હોવા આવશ્યક છે. મિનારાના મધ્ય દંડ વિભાગ અને તેની આસપાસ રચવામાં આવતી વર્તુલાકાર ઝરૂખાની રચનામાં આ યુક્તિ પ્રયોજાએલી હોવાની પૂરી સંભાવના છે. મિનારાના દરેક માળનો દર્શનીય પાતળો દંડ વિભાગ તેના અદર્શનીય વિભાગ પરત્વે ખરલના દસ્તાની માફક નીચલા છેડે ભારે અને તળિયેથી અર્ધ-વર્તુલાકાર ઘાટનો હોય તો જ વાડકી જેવા ઘાટના ઝરૂખાના આંતરદેહમાં તે છૂટો પડી જાય તે રીતે ગતિ કરી શકે; એટલે કે ટુકડે ટુકડે રચાએલો મિનારાનો સ્તંભ-દંડ માળે માળે યોજાએલા ઝરૂખાની મધ્યમાં એવી રીતે ફસાએલો રહે કે જે સહેજ હાલવાથી ગતિ પામે. ધરતીકંપ જેવા પ્રસંગે કે કોઈ વ્યક્તિ તેની ઉપલી ટોચેથી હલાવે કે તરત જ જે દિશામાં ધ્રુજારી (કંપ) પામે તે દિશામાં તેનું ટોચકું નમે ને તે સાથે નીચેના માળના સ્તંભ-દંડ પરસ્પર વિરુદ્ધ દિશામાં ગતિ પામી સમતુલા જાળવી લે ને ભારવહનને કેન્દ્રવર્તી રાખે.

અહીં બીજો પ્રશ્ન એ છે કે એક મિનારો હાલે તો તેની સમાંતરે આવેલો બીજો મિનારો આપમેળે હાલે ખરો? હું ધારું છું કે આ એક આર્કિટેક્ચરલ ઈલ્યુઝન (ભ્રમ) છે. આપણે ગાડીમાં બેઠા હોઈએ અને ગાડી જે દિશામાં ગતિ કરે તેનાથી વિરુદ્ધ દિશામાં ગાડી સિવાય બાકીની બધી વસ્તુઓ ગતિ કરતી દેખાય છે તેવી જ પરિસ્થિતિ અહીં નીપજે છે.

ઇનામી નિબંધ-સ્પર્ધા

'બાળકોના જીવનઘડતરમાં ઘરશાળા અને પુસ્તકાલયનો ફાળો' એ વિષય પર ગુજરાતીમાં ૨૫૦ લીટીનો નિબંધ કોઇ પણ ભાઈ-બહેન તા. ૧૫-૭-૬૬ સુધીમાં (મંત્રી, પુ. હ. મહાજન લાયબ્રેરી, પો. બો. નં. ૧૩, કપડવણજને) લખી મોકલી શકશે. પ્રથમ ઈનામ રૂ. ૫૧, બીજું રૂ. ૩૦, ત્રીજું રૂ. ૨૦, બહેનોમાં પ્રથમ ખાસ રૂ. ૨૫; કપડવણજ તાલુકાના હરીફોને-વિશેષ પ્રથમ રૂ. ૨૫, બહેનોમાં પ્રથમ રૂ. ૧૧.

આજનું બ્રિટન

ઈ. ૧૯૬૧ની ગણતરી અનુસાર ઇંગ્લંડમાં ૧૪૫ લાખ (અને વેલ્સમાં ૧૪૦ લાખ) મકાનો છે. આ બધાંમાં ૯૮ ટકાથી વધુ ઘરોમાં ઠંડા પાણીની અને ૭૮ ટકા મકાનોમાં ગરમ પાણીની પણ સગવડો છે. ૭૮ ટકા ઘરોમાં અલગ બાથરૂમની ને લગભગ ૯૦ ટકામાં સંડાસની સ્વતંત્ર સગવડો છે.

મોટા ભાગની સ્ત્રીઓ અને ઘણા પુરુષો એકલાં રહે છે અને રસોઈ તથા ઘરકામ જાતે જ કરી લે છે. લગભગ પાંચ ટકાથી યે ઓછાં ઘરમાં પગારદાર ઘરનોકર કામ કરવા આવે છે અને એક ટકાથી યે ઓછાં ઘેર સ્થાયી ઘરનોકર રહેતો હોય છે. આની સરખાણીમાં અંદાજે ૬૦૦ કુટુંબે એકાદ બચરવાળ ઘરમાં બહારગામથી ભણવા આવેલી છોકરીઓ રહે છે, જે ઘરકામમાં પણ મદદ કરે છે. ચાળીસ કુટુંબે એક કુટુંબ માંદગી, પ્રસુતિ, વૃદ્ધાવસ્થા કે એવા કારણસર સ્થાનિક 'ઘરકામ-સહાયક તંત્ર' તરફથી અવારનવાર હંગામી ઘરનોકરને બોલાવી લે છે. આજકાલ હવે ગૃહિણીઓ પોતાના પતિ પાસેથી ઘરકામમાં મદદ મેળવવાની આશા રાખવા લાગી છે!

લાકડું, ટાઈલ કે ધાતુને સ્થાને જાળવવામાં ઘણી સરસ એવી પ્લાસ્ટિકની સાધનસામગ્રીઓ, લગભગ તૈયાર જેવા ખાદ્ય પદાર્થો, ધોવામાં અત્યંત સરળ અને ઇસ્ત્રીની કડાકૂટ ન કરવી પડે તેવાં કાપડ, વાપરીને ફેંકી દઈ શકાય તેવાં મસોતાં-બાળોતિયાં અને મહેનત બચાવતાં અનેક પ્રકારનાં સાધનોની છત વધવાને કારણે ઘરકામની ઘણી રોજિંદી જંજાળો સરળ બની ગઇ છે. બ્રિટનમાં આજે દર ચાર ઘરે ત્રણમાં વૅક્યુમ ક્લીનર (ધૂળ-રજ સાફ કરવાનું યંત્ર), દર બેમાં રેફ્રીજરેટર, લગભગ અરધા ભાગનાં ઘરોમાં કપડાં ધોવાનાં યંત્રો, લગભગ બધે જ ઘેર ઇલેક્ટ્રિક ઇસ્ત્રી, ચારમાંથી એક ઘરમાં વાળ સૂકવવાનું વીજળિક સાધન, પાંચમાંથી એક ઘેર વીજળિક ધાબળા ને આઠમાંથી એક ઘરમાં વીજળિક 'ટોસ્ટ મેકર' (બ્રેડ શેકવાનું) વપરાય છે. પાંચમાંથી એક ઘરના દીવાનખંડમાંથી ગરમાવા માટેની જૂનવાણી કોલસાની ભઠ્ઠીઓ નીકળી ગઈ છે. વ્યવસાયી સ્ત્રીઓ (કામ કરી શકે એ ઉમરની લગભગ અરધોઅરધ સ્ત્રીઓ) વ્યાપારી ધોરણે ચાલતાં કપડાં ધોવાનાં જાહેર સ્થળોનો તથા દૂધ અને ગાંધિયાણા જેવી રોજિંદી પરચૂરણ ચીજોનું ચોવીસે કલાક વેચાણ કરતાં ઑટોમૅટિક યંત્રોનો લાભ લે છે.

મોટા ભાગના લોકોનો નવરાશનો સમય અને પૈસા પોતાનાં ઘર અને કુટુંબ પાછળ ખરચાય છે. અઠવાડિક રજાઓમાં મોટી ઉમરનાં લગભગ આઠમાંથી સાત માણસો તો ઘેર જ રહે છે. પાંચમાંથી ચારેક કુટુંબો ઘરનું નાનુંમોટું સમારકામ કે શણગાર વગેરે જાતે જ કરવા માંડયાં છે. બ્રિટનના લગભગ અરધા ભાગનાં કુટુંબો નાનામોટા પોતીકા બગીચા બનાવે છે. બાગાયતનો વ્યાસંગ ધરાવતા લાખો માણસો ત્યાં છે. ઘેર રહી વાચન, સંગીતશ્રવણ કે ટેલિવિઝન જોવાનું યા નજીકના મિત્રોને મળવાહળવાનું પસંદ કરનારો વર્ગ પણ મોટો છે. વળી, ઘરમાં બેસી એક યા બીજી હરીફાઇઓ ભરી કોઈ ખાસ બનાવટની ચીજવસ્તુ, મોટરગાડી, મકાન યા દબદબાભર્યા પ્રવાસનું ઈનામ મેળવવાની કલ્પનામાં રાચનારો પણ ઠીકઠીક એવો વર્ગ છે!

બ્રિટનમાં દર અઠવાડિયે ૭૦ લાખ વ્યક્તિ સિનેમા જુએ છે. નાટકશાળાઓમાં આનાથી ઓછી હાજરી જોવા મળે છે. બ્રિટનમાં ૨૦૦૦ સિનેમાગૃહોને પડછે ધંધાદારી નાટકશાળાઓ માત્ર ૨૦૦ જેટલી છે, છતાં નાટકો ઉપરાંત બાલે નૃત્ય, ઓપેરા અને સંગીતના જલસાઓ પ્રત્યે પણ લોકોની અભિરુચિ વધતી જતી જોવા મળે છે. પચ્ચીસીમાં ઊછરતા વર્ગમાં નૃત્યોની ચાહના પણ સારી છે. બ્રિટનમાં જાહેર સંસ્થાઓ અને નૃત્યશાળાઓનાં મળી આશરે ૩ થી ૪ હજાર નૃત્યગૃહો છે. અઠવાડિયામાં ત્રણેક દિવસ ત્યાં કંઈ ને કંઈ કાર્યક્રમ હોય છે જ. બૉલરૂમ ડાન્સની પણ ચારેક હજાર શાળાઓ છે. ખાનગી કે સંસ્થાની માલિકીના નૃત્યખંડોમાં પણ અવારનવાર નૃત્યો યોજાય છે. નવી પેઢીમાં 'પૉપ' સંગીત પ્રત્યેની ચાહના પણ ઘણી વધી છે.

અને બ્રિટનમાં...પણ આમ તો ઘણું યે કહી શકાય. આ તો બ્રિટનનાં બહુસંખ્ય પાસાંમાંની અમુક બાજુની જ વાત થઇ. આ ઉપરાંત તો ત્યાંના લોકો, ત્યાંની જાહેર તેમજ સરકારી સગવડો, ત્યાંની શિક્ષણવ્યવસ્થા, ત્યાંનું અર્થતંત્ર, ત્યાંનાં ઇતિહાસ-ભૂગોળ, ઉદ્યોગ-ધંધા, કાયદાકાનૂનો, વાહનવ્યવહાર, ટપાલખાતું, ખેતીવાડી, મચ્છીમારી, વનશીપજો, કલાસાહિત્ય, વૈજ્ઞાનિક વિકાસ, રહેણાંકો, સામાજિક સેવાઓ, સંરક્ષણ, સરકારી તંત્ર અને...અને બ્રિટન તથા એની પ્રજાને અંગે જાણવા જેવી જે કંઈ ને જેટલી હોઈ શકે એ લગભગ બધી જ બાબતોની ઇ. ૧૯૬૫ના સપ્ટેમ્બર માસ સુધીની છેલ્લામાં છેલ્લી અધિકૃત માહિતી Britain, an official handbook નામના સંદર્ભગ્રંથની ઇ. ૧૯૬૬ માટેની સુધારેલી-વધારેલી સત્તરમી આવૃત્તિમાં છે. અનેક ફોટોગ્રાફો, માનચિત્રો, નકશાઓ તથા આ છેલ્લી આવૃત્તિ સાથે તો ઇંગ્લંડ, વેલ્સ અને સ્કૉટલૅન્ડના મોટા કદના સુંદર રંગીન નકશાની પ્લાસ્ટિકની કોથળીમાં મૂકેલી એક વધારાની ખાસ અલગ પૂર્તિ સાથે આ સંદર્ભગ્રંથની ૧૪ રૂપિયા (પાકું પૂઠું ૨૪ રૂપિયા, પોસ્ટેજ અલગ) કિંમત એની ઉપયોગિતાની દૃષ્ટિએ જરા યે વધુ નથી લાગતી. આ તેમજ 'હર મૅજેસ્ટીઝ ઑફિસ'નાં અન્ય પ્રકાશનો, ભારતમાં British Information Services, Chanakya Puri, New Delhi–21 એ સરનામેથી મળી શકશે.

આ માસ (મે) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ ક્રિસ્ટોફર કોલંબસ



અમેરિકા ખંડના શોધક તરીકે ક્રિસ્ટોફર કોલંબસનું નામ વિખ્યાત છે; એક ઇટાલિયન વણકરનો એ પુત્ર. જીનોઆમાં ઇ. ૧૪૫૧માં ૨૦મી મેએ એનો જન્મ થયો. ઊગતી વયે વેપારી વહાણો પર કામ કરી એણે ભૂમધ્ય સમુદ્રની અનેક ખેપ કરી. એ પછી લિસ્બનમાં નકશાઓ બનાવવાનું કામ કર્યું. પશ્ચિમ આફ્રિકાનો નવો શોધાએલો ગીની કિનારો પણ જોયો. પશ્ચિમ આફ્રિકાના એ માર્ગે દક્ષિણમાં આગળ વધી ત્યાંથી પૂર્વમાં જતાં દૂર હિંદુસ્તાન પહોંચાય એવી એક માન્યતાના આધારે પોર્ટુગીઝો ત્યારે નવો જળમાર્ગ શોધવા પ્રયત્ન કરી રહ્યા હતા.

પૃથ્વીના ઘેરાવાનો ત્યારનો અંદાજ આજ કરતાં ત્રીજા ભાગનો હતો. વળી, એશિયા ખંડ ને ખાસ તો હિંદુસ્તાન હકીકતે છે એથી યે પૂર્વમાં ઘણો વધારે દૂર હોવાનું મનાતું. એટલે યુરોપથી પશ્ચિમે આટલાંટિક મહાસાગર પાર કરી કોઇ આગળ વધે તો એ એશિયાના પૂર્વ કિનારે પહોંચે એમ મનાતું. એ અજાણ્યાં પાણી ખેડવાનું કોલંબસે વિચાર્યું.

પોર્ટુગાલના કિંગ જ્હૉન બીજા પાસે કોલંબસે પોતાની યોજના રજૂ કરી. પણ પોર્ટુગાલની બધી જ સાધનસામગ્રી ત્યારે આફ્રિકાના માર્ગે હિંદ પહોંચવાનો જળમાર્ગ શોધવામાં કેન્દ્રિત થએલી હતી. કોલંબસે સ્પેન પાસે પોતાની યોજના મૂકી. સ્પેન પણ ત્યારે આવી મોટી શોધસફર માટે નાણાં ફાજલ પાડી શકે તેમ નહોતું. પણ ૧૪૯૨માં મૂર સામે સ્પેન જીત્યું અને એ તક ઝડપી લઈ કોલંબસે સ્પેનની રાણી ઈસાબેલા પાસે પૂર્વ સાથેના જંગી વેપાર માટે સીધો સંપર્ક સ્થાપવાનો ને ત્યાંના મૂળ વાસીઓને ઇસાઇ બનાવવાનો લોભ આપી પોતાની યોજના મંજૂર કરાવી. પોતે જે કોઈ નવી ભૂમિ શોધે તેની પોતાને પરંપરાગત સૂબાગીરી અને ત્યાંની આવકમાંથી પોતાને દસ ટકા હિસ્સો મળે એ પ્રકારની શરત સાથે કોલંબસે પોતાની શોધસફર અંગે દસ્તાવેજો કરાવી લીધા. ઈ. ૧૪૯૨ના ઑગસ્ટમાં સાન્ટા મારિયા, નિના અને પિન્ટા નામે ત્રણ નાનાં જહાજોમાં ૧૨૦ માણસોનો કાફલો લઇ એ ઊપડયો. એકાદ મહિને કૅનેરી ટાપુઓ વટાવી અનુકૂળ પવનને અભાવે ૩૩ દિવસ એણે આસપાસ ક્યાં ય જમીનની લકીર પણ જોયા વિના દરિયામાં આગળ વધ્યા વિના જ કાઢયા. મહાસાગરમાં પોતે કયા સ્થાને છે એની એને કંઈ ખબર ન હતી. આખરે આજના બહામા નજીકનો એક ટાપુ એને મળ્યો. ક્યુબા અને હિસ્પાનિયાનો થોડો ભાગ પણ એણે જોયો. ૧૪૯૩માં એ સ્પેન પાછો ફર્યો ને જાહેર કર્યું કે હજી સુધી યુરોપમાં અજાણ એવા ટાપુઓ પોતે શોધ્યા છે. આ ટાપુઓને એણે 'વેસ્ટ ઇંડિઝ' નામ આપ્યું જે આજે પણ ચાલુ છે.

હિંદુસ્તાન હવે હાથવેંતમાં હોવાની એની અડગ શ્રદ્ધાથી પ્રેરાઇ સત્તર વહાણો ને દોઢ હજાર માણસના જંગી કાફલા સાથે એને ફરી મોકલવામાં આવ્યો. પણ એની શોધસફર છેક નિષ્ફળ ગઈ. એની પ્રતિષ્ઠા તદ્દન ધોવાઈ ગઈ. ૧૪૯૮માં ત્રીજી સફર ખેડી. એમાં એણે ટ્રિનિડાડ અને દ અમેરિકાની તળભૂમિ શોધી. પણ પોતે શોધેલા આ બધા પ્રદેશની સૂબાગીરીમાં એ ફાવ્યો નહિ. એની સૂબાગીરી આંચકી લેવાઈ. ૧૫૦૨માં કોલંબસે મધ્ય અમેરિકાનો વિસ્તાર ફરી ફેંફોળ્યો પણ એશિયા કે સોનું કંઈ મળ્યું નહિ.

છતાં શરત પ્રમાણે પોતે શોધેલા પ્રદેશોમાંથી થતી આવકના ભાગમાંથી એણે પોતાની ઉત્તરાવસ્થા સુખમાં ગાળી. પણ પોતે નવી જ ભૂમિ શોધ્યાની એને જાણ નહોતી. ઈ. ૧૫૦૬ની ૨૫મી મેએ એનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૩ એક કાળે ક્રાંતિકારી ગણાતા અરવિંદ ઘોષ પર અલીપુર બૉંબ કેસ મંડાયો, ૧૯૦૮.
તા. ૮ હરિજનોની હાડમારીઓ નિવારવા મહાત્માજીના ૨૧ દિવસના ઉપવાસ, ૧૯૩૩.
તા. ૧૦ મુઘલ બાદશાહ બાબરે આગ્રા કબજે કર્યું, ૧૫૨૭.
તા. ૨૦ પહેલો યુરોપીઅન વાસ્કો-ડ-ગામા હિંદુસ્તાનના કાલિકટ બંદરે ઊતર્યો, ૧૪૯૮.
તા. ૨૨ દક્ષિણ આફ્રિકામાં નાતાલ ઇંડિયન કૉંગ્રેસની ગાંધીજીએ સ્થાપના કરી, ૧૮૯૪.
તા. ૩૦ ગુજરાતના સુધારક કેળવણીકાર રા. બ. મહીપતરામ નીલકંઠનું અવસાન, ૧૮૯૧.

પ્રસંગવિશેષ : આટલાંટિક પાર વણથોભ ઉડ્ડયન તા. ૨૦મી મે ૧૯૨૭

આટલાંટિક મહાસાગર પર થઇને ન્યૂ યૉર્કથી પારી(સ) સુધી વણથોભ ઉડ્ડયન કરનારને ૨૫૦૦૦ ડૉલરનું ઈનામ આપવાની એક અમેરિકન શ્રીમંત રેમન્ડ ઑરેગે ઈ. ૧૯૧૯માં જાહેરાત કરી. એવા મોટા ને સતત ઉડ્ડયન માટે ખમતીધર યંત્રોની ખોટને કારણે સાત વર્ષ સુધી કોઈએ એવી હામ ભીડી નહિ. આ દરમિયાન યાંત્રિક વિકાસ થતાં કેટલાક પ્રાથમિક પ્રયત્નો થવા માંડયા, પણ એ બધામાં નિષ્ફળતા મળી એટલું જ નહિ, કેટલીક જાનહાનિ પણ થઈ. ઈ. ૧૯૨૭ની ૨૦મી મેએ ચાર્લ્સ એ. લિન્ડબર્ગનું વિમાન 'સ્પિરિટ ઑવ સેન્ટ લ્યૂઇ' ન્યૂ યૉર્કના હવાઈ અડ્ડા રૂઝવેલ્ટ ફીલ્ડ પર આવી ઊતર્યું. છેક કૅલિફૉર્નિયાથી ન્યૂ યૉર્ક સુધી વધુમાં વધુ ઝડપે આવવાનો વિક્રમ સરજીને લિન્ડબર્ગ આવ્યો હતો અને ન્યૂ યૉર્કથી એ આટલાંટિક પાર કરી પારી(સ) જવા ઇચ્છતો હતો. હવામાન પ્રતિકૂળ હતું. ધુમ્મસ દૂર ન થાય ત્યાં સુધી ન ઊડવાની એને સલાહ મળી. પણ એનો નિશ્ચય અફર હતો. વિમાનમાં વજન ન વધે એ માટે ઉડ્ડયનમાં અનિવાર્ય ગણાય એવી સામગ્રી પણ સાથે લીધા વિના ૧૯૨૭ની ૨૦મી મેએ સવારે ૭ ને ૫૧ મિનિટે એણે ન્યૂ યૉર્ક છોડયું. માર્ગમાં અનેક વિટંબણાઓને ખાસ તો ઊંઘની સામે લડતા રહી ૩૩ કલાક ને ૩૧ મિનિટ સુધી ૩૬૦૦ માઈલનું અંતર, એકલપંડે નાનકડા વિમાનમાં સતત ઊડીને આખો આટલાંટિક પાર કરી એણે ઉડ્ડયનના નવા યુગનાં દ્વાર ખોલી નાખ્યાં.



ઈ. ૧૯૨૭ની ૨૦મી મેની ધુમ્મસઘેરી વહેલી સવારે લિન્ડબર્ગ આટલાંટિક પાર કરવા ઊપડયો

હશે હાથ, ખર્ચાઇને વ્યર્થ જાશે,
હશે જો જમા તો સવાયું જ થાશે.

મિસરના શહેનશાહ સેથોઝનું અભિમાન વિજયને લીધે એટલી હદે પહોંચ્યું કે પોતાનો રથ ઘોડાઓને બદલે પોતાના માંડલિક રાજાઓ પાસે ખેંચાવવા લાગ્યો. એક દિવસ એક રાજા વારંવાર રથના પૈડા તરફ નીચો વળી જોવા લાગ્યો. સેથોઝે કહ્યુ: 'એ પૈડામાં શું ભરાયું છે તે ધારીધારીને જોયા કરે છે!' જવાબ મળ્યો: 'હું મારા મનને દિલાસો આપું છું કે સૌથી નીચેનો આરો પણ ફરતો ફરતો સૌથી ઊંચે ચડે છે.' સેથોઝે આ મર્મ સમજી એ કામ છોડી દીધુ.

કહેવતોના અર્થ: 'એક દિ'ની શોભા ને જન્મારાની ઓભા.'—માત્ર દેખાવ કરવા કે પ્રતિષ્ઠા જાળવવા ખાતર કરાતાં નાતવરા જેવાં શોભાનાં ખર્ચ. તે કરવાના દિવસ પછી હમેશને માટે તેના કરનારને માથે ઓભા (મૂંઝવણ, મુશ્કેલી ઉપાધિ કે બોજા) રૂપ થઈ પડે છે એવી સ્થિતિ દર્શાવવા માટેની આ કહેવતને મળતી બીજી કહેવતો: 'નખભર સુખ ને હાથભર દુ:ખ'; 'કરે વરો ને ઊતરે બરો.'

'રેડ-વૂડ' નામક જંગી વૃક્ષો એ દુનિયા પરની જૂનામાં જૂની સજીવ સૃષ્ટિ છે. એમાંનાં કેટલાંક વૃક્ષ તો લગભગ ૩૫૦ ફૂટ ઊંચાં છે.





પ્રતિભાવાન દેશભક્તોની પહેલી હરોળના હિંદસેવક ગોપાલ કૃષ્ણ ગોખલેની જન્મ શતાબ્દીનિમિત્તે ૯મી મેએ, ને હિંદના વિદ્વાન વિવેચક ને 'સરસ્વતી'ના સંપાદક સાહિત્યસેવી આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદીના માનમાં ૧૫મી મેએ ભારતે બહાર પાડેલી બે ટિકિટો.

પૅાલિનેશિયામાં એવો સાપ થાય છે જે વરસાદ પડવાનો હોય ત્યારે બરાબર પાણીના વાસણ જેમ ગૂંચળું વાળી બેસી જાય છે અને એ ગૂંચળામાં પાણી પીવા આવતા પક્ષીનો ભક્ષ કરે છે.



ગાંધીજીના સર્વ અનુયાયીઓમાં એમના સત્યાગ્રહ-દર્શનને કદાચ સૌથી વધુ સમજનાર વિનોબાજીએ રચેલું આ જીવનચક્ર ઝીણવટથી જોતાં આપમેળે સમજાઈ રહે તેવું છે. જીવનનું કેન્દ્ર સત્ય ને અહિંસા છે; અને તે બે જુદાં તત્ત્વો નહિ પણ એક જ તત્ત્વની બે બાજુ છે. બળ, પ્રેમ, જ્ઞાન અને અન્ન એ જીવનની ચાર વિભૂતિઓ છે. જેની પ્રાપ્તિ દ્વારા જ સત્ય અને અહિંસા સિદ્ધ કરવાનાં છે; અને તેથી તેની પ્રાપ્તિનાં સાધન તે દરેક વિભાગની સામે તેને અનુસારનાં જ બતાવ્યાં છે.



નોટ ગણવાનું યંત્ર: ફરતાં પાંચ 'માથાં' વડે સામે મૂકેલી થોકડીમાંથી એક એક ચલણી નોટને વૅક્યુમ દ્વારા છૂટી પાડી એક મિનિટમાં ૮૦૦ નોટો ગણી કાઢતું, ટાઈપ રાઈટરના કદનું એક યંત્ર શોધાયું છે અને હાલ તે સ્ટૉકહોમની બૅંકમાં ગોઠવવામાં આવ્યું છે.

આપતાં પહેલાં
એક વાર વિચાર કરવો;
લેતાં પહેલાં બે વાર;
અને માગતાં પહેલાં
હજાર વાર.



પતરાંના કટકાની નવી ઢબની નાની છાજલી

એકાક્ષરી પણ અનેકાર્થી શબ્દ

ન — ગણપતિ, દેણગી, પખવાજનો એક બોલ, બંધ, બુદ્ધદેવ, ભેટ, મોતી, યુદ્ધ, રત્ન, સોનું, અવિભક્ત, અશક્ત, ખાલી, તાદૃશ, સ્તુતિ પામેલ, અને, ના, પિંગળના આઠ ગણમાંનો એક 'ન'ગણ, પિંગળમાં 'શુભ'માંનો એક વર્ણ, ખસ્વસ્તિકથી સૂર્યાસ્ત સુધીનો ગોળ, નકારાર્થે જોડાતો પૂર્વગ

જૂના વખતમાં છાંપખાનાં ન હતાં ત્યારે પુસ્તક લખનાર લહિયાઓમાં એવો વહેમ હતો કે લખતાં લખતાં સહેજ ઊઠવું હોય કે લેખનકાર્ય બંધ રાખવું હોય તો 'ન' અક્ષર આગળ અટકતા નહિ, કેમ કે તેઓ 'ન'ને નઠારો—અપશુકનિયાળ માનતા!



કલાકણિકા: ઇરાનના પ્રાચીન અને સુંદર માટીકામનો એક વધુ નમૂનો: ૧૬-૧૭મી સદીનું સુશોભિત હુક્કાપાત્ર.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ.૧૫૩થી

એપ્રિલ અંકમાં શ્રી ફતેહઅલી વૈદ્યે ખરેખર સર્વ શ્રેષ્ઠ ઉર્દૂ કવિઓના 'ન્યાયના દિવસ'અંગેના મૌલિક વિચારોને પ્રતિબિંબિત કરતા શે'રો આપ્યા છે. પણ એમાં ડૉ. ઈકબાલના છેલ્લા શે'રમાં પંક્તિઓની ઊલટફેર થઈ જવા પામી છે. મૂળ શે'ર નીચે પ્રમાણે છે:

'મોતી સમઝ કે શાને કરીમીને ચુન લિયે,
કતરે જો થે મેરે અર્કે ઈન્ફિઆલ કે.'

(નવસારી) —અબ્દુલસત્તાર બી. શેખ

૫૦૭મા અંકમાં ૭૭મે પાને શ્રી યુસુફઅલી મર્ચન્ટ જણાવે છે કે ૫૦૦મા અંકમાં 'ખજુરાહો'ના લેખમાં પૃ. ૩૩૬ ઉપર મૂકેલી બે શિલ્પકૃતિઓ ખજુરાહોની નથી, પણ ભુવનેશ્વરની છે. એ લેખમાં, મારા ફોટોગ્રાફ ઉપરાંત અન્ય પણ મૂક્યા છે. શ્રી મર્ચન્ટે નિર્દેશેલા ફોટોગ્રાફ મારા નથી.

(મુંબઇ) —ચંદ્રકાન્ત ઝવેરી

[● એ સરતચૂક સંપાદનખાતાની છે.]

ઉઝબેકિસ્તાનના પાટનગરનુંનામ 'તાશ્કંદ' ખોટું છે. ખરો રશિયન તથા ઉઝબેક ઉચ્ચાર (અને જોડણી) 'તાશ્કંત' (Tashkent) છે.

(ભાવનગર) —જયન્ત મેઘાણી

હાલમાં ઉનાળો ચાલે છે. ગરમી સખત પડે છે તેથી તંદુરસ્ત માણસને પણ કદીક ઝાડા મરડા જેવું થઈ જાય છે. અનુભવે તેનો સારો ઉપાય હાથ આવી ગયો તે ટાંકું છું. પાયરી કેરી નંગ ૪–છાલ ઉતારી પતીકાં કરેલી; દહીં–સહેજ ખટુમડું તોલા ૨૦; આદુ તોલો ૦ાા–ખાખરું કરેલું. બીજો બધો ખોરાક બંધ કરી ઉપરનું બધું એકરસ કરી દર ટંકે ચમચાથી ચાવીચાવીને ખાવું. દિવસ બેમાં તો સંપૂર્ણ આરામ આવી જશે. ડૉક્ટરની દવા-ગોળી ઇન્જેક્શન કરતાં ખર્ચ ઓછો થશે. બીજો ખોરાક તો ખાવાનો નથી, તેનો ખર્ચ પણ બચી જાય છે એટલે કેરીનો ખર્ચ નજર આગળ તરે છે તો વધારે નહિ લાગે.

(મુંબાઈ) —મે'તાજી કાન્તિલાલ શેઠ

'કુમાર'માં મારે ફાળે આવેલાં પારિતોષિકની વાત જોઇ. આપનો, નિર્ણાયકોનો અને ખરું કહું તો તમામ વાચકોનો આભાર માનવો એ પહેલી વૃત્તિ મને થઈ. જીવનઘડતરની મેં લખેલી સરળ વાતોએ યુવાનોના હૃદયમાં સીધો પડઘો જગાવ્યો છે એ બતાવી આપે છે કે તે યુવાનો સંસ્કારપ્રેમી, આદર્શવાદી, ચારિત્ર્યવાંછુ છે. એ જોઈને મને અનહદ આનંદ થાય છે, અને શિક્ષક ને લેખક તરીકે એ પ્રિય યુવાનોનાં સર્વાંગી કલ્યાણ માટે મારો બનતો પ્રયત્ન કરતા રહેવાની પ્રતિજ્ઞા મારા દિલમાં આપોઆપ બંધાય છે.

(માઉન્ટ આબુ) —ફા. વાલેસ

મારા અત્યાર સુધીના 'કુમાર'ના વાચનના અનુભવથી હું જાણી શક્યો છું કે 'કુમાર'માં જોડણીની કે એવી બીજી ભૂલો થતી નથી. પણ આ વખતના અંક ૫૦૬ પાન નં. ૭૧માં 'તાશ્કંદ' એ ફકરામાં છેલ્લી લીટીમાં જે 'જંગીઝખાન' શબ્દ છપાયો છે તે ખરો છે, કે પછી 'ચંગીઝખાન' છે?

(વલ્લભપુરી કચ્છ) —યુ. એસ. મેવર

[● અમારી માહિતી પ્રમાણે જંગીઝખાન]

ફેબ્રુઆરીના 'કુમાર'માં ફ્રેંચ શબ્દોના ઉચ્ચારણ બાબતની માહિતી આપતો મારો કાગળ છાપીને આખરે ફ્રેંચ ચિત્રકારનું નામ આપે ખોટા ઉચ્ચારણ સાથે આપ્યું છે! કદાચ મુદ્રારાક્ષસનું એ કામ હશે. Gaugoinનો ઉચ્ચાર છે गोग़ँ (गोगाँ નહિ.)

(ન્યૂ દિલ્હી) —સતીશ કાલેલકર

ફેબ્રુઆરી અંકમાં મહેર જ્ઞાતિના શ્રી માલદેવભાઇ રાણાના પરિચયમાં તેઓનો ઉલ્લેખ 'માલદેવજી' રાણા તરીકેનો છે. તે બાબત જરા સ્પષ્ટતા જરૂરી લાગે છે. મહેર જ્ઞાતિમાં નામને છેડે 'જી' અમુક જ સમૂહ લગાડી શકે છે. ખાસ કરીને ઓડેદરા શાખના એક નાના જથને, જેઓ કાંધલજીના વંશજો છે, તેઓને પોરબંદરના મહારાણા તરફથી 'જી'-ઈલ્કાબ મળેલો છે. તે સિવાય કોઇ નામને છેડે 'જી' લાગતો નથી. દા.ત. આજના ગુજરાતના નાણામંત્રીશ્રી માલદેવજીભાઈએ કુટુંબના છે. શ્રી રાણા એ કુટુંબના ન હતા.

(ખંભાળિયા) —હી. ગી. જોશી





મથાળે : અમદાવાદના શ્રેષ્ઠી શ્રી કસ્તુરભાઈ લાલભાઈના કલાસંગ્રહમાંની નંદબાબુ કૃત રામાયણની વિરલ ચિત્રમાળાનો પરિચય આપતી કેટલીક ઊભી તકતીઓ અંક ૪૮૮માં આવી ગઈ તેમાંની અપવાદરૂપ આડી તકતી: 'મારીચ-વધ'; જમણી બાજુ: એતદ્દેશીય ગૃહભાવ આલેખતાં બે ચિત્રો : 'સાંધ્ય દીપ' અને 'કુંભાર કુટુંબ.'



સ્વ. કલાચાર્ય નંદલાલ વસુની કેટલીક કૃતિઓ

ભારતના બૃમિન્નત કલાસ્રોતની પ્રેરણા અને લોકભાવનાના સ્તરમાંથી જે રાષ્ટ્રીય કલાસ્વરૂપનું આ સદીની શરૂઆતમાં પુનરુત્થાન થયું તેના મહાન પ્રણેતા શ્રી નંદલાલ વસુના અવસાનથી એ કલાએ એક અધિકારી પ્રવક્તા ગુમાવ્યો છે. અવનીન્દ્રનાથ પછી ભારતીય કલાનું ખરેખરું નવોત્થાન કરનાર તેઓ જ હતા. કેવળ ભારતમાં જ નહિ પણ દુનિયામાં તેમની કીર્તિ સૌથી અગ્રણી ભારતીય કલાસ્વામી તરીકેની હતી. બંગાળનાં અનેક લોકોમાં એમની પ્રતિષ્ઠા અને એમને માટેનો આદર ગુરુદેવ રવીન્દ્રનાથ જેટલો હતો. એમના સમગ્ર શિષ્યસમુદાય અને એમને વિષે પ્રેમાદર રાખનાર સહુના તે પૂજ્ય અને પ્રિય 'માસ્ટર મોશાય' હતા.

વસ્તુતઃ આ અંક માટે શ્રી રવિશંકર રાવળે લખેલો એમનો વિસ્તૃત પરિચય, એમનાં બે રંગચિત્રો તથા સંખ્યાબંધ એકરંગી ચિત્રો, રેખાંકનો આદિ મળીને પંદરેક પૃષ્ઠ જેટલી તૈયાર કરેલી સામગ્રી મુદ્રણકાર્યમાં આવેલી અનિવાર્ય મુશ્કેલીને કારણે અમે છાપી શક્યા નથી, તેથી મોડા પડતા જતા 'કુમાર'ના અંકોને વધુ મોડા ન પડવા દેવા ખાતર કચવાતે મને અમારે તે આવતા અંક પર મુલતવી રાખીને, આ અંકના પૂઠા ઉપર તથા અહીં એમને નાનીશી અંજલી અર્પીને મન વાળવું પડ્યું છે.

KUMAR Regd. No. G. 55

નુકશાનને નોતરશો નહિ.



ખરીદ-વેચાણ માટે જુના વજનો તથા માપોનો ઉપયોગ કરવો એ ગેરકાયદેસર છે. અગાઉના વજનમાપના એકમોમાં ભાવો દર્શાવવા એ પણ શિક્ષાપાત્ર ગુનો છે.

તદુપરાંત, જયારે જયારે તમે શેર તથા મણ લેખે લેવડ-દેવડ કરો છો ત્યારે ત્યારે તમે શિક્ષા ભોગવો છો કારણ કે પૈસાના બદલામાં વજનમાં તમને ઓછું મળે છે.

માત્ર વેપારીજ મેટ્રિક એકમોવાળા વજનો વાપરે એ પૂરતું નથી.

તમે પણ માત્ર <u>કિલોમાંજ</u> ખરીદી કરો.



મા. સં. ગુજ-૬૫